



સપ્રમાણ રચના અને મિઠાશભર્યા રંગમેળવાળી, રંગીન પથ્થરની ભરચક્ક અને રૂપસુંદર જડતરકામની સમૃદ્ધિ માટે આગ્રાનો ઇત્તિમાદ-ઉદ્-દૌલાનો રોઝો ખૂબ વખણાય છે. તેની ભીંતો ઉપરની અસંખ્યવિવિધ તકતીઓમાંથી આ બાજુએ આપેલી અખંડ તકતી શોધતાં, ફોટોકલાકાર શ્રી બલવંત ભટ્ટને બહુ મુશ્કેલી પડી હતી; કેમકે મોટા ભાગની એ તકતીઓના જડતરમાંના રંગીન પથ્થરો કાં તો ખરી પડ્યા છે, યા તો ઓતરી લઈ જવામાં આવ્યા છે. સરૂનાં ઝાડ, દ્રાક્ષનાં લૂમખાં ને તેની વેલપત્તીની આકારીગરી ઈરાની અસરનો લાક્ષણિક નમૂનો છે.



આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રગણ્ય માસિક. સંસ્થાપક : રવિશંકર રાવળ. વર્ષ ૨૭, અંક ૧૦. ઑક્ટોબર '૫૦. સળંગ અંક ૩૨૨મો
તંત્રી: બચુભાઈ રાવત



ગોધન (ચિત્રકાર · સોમાલાલ શાહ) ઈ. ૧૯૪૯નો રણજીતરામ સુવર્ણચન્દ્રક શ્રી સોમાલાલ શાહને મળવા માટે-નાં અભિનંદન સાથે અમે અહીં એમની ચાલુ ઘાટીથી અનોખી શૈલીનું ચિત્ર આપીએ છીએ, જેમાં એમની હમેશાની જોરદાર રંગાવટમાં નવીન દ્રષ્ટિકોણથી સાધેલું પટગૂંથણીનું સૌંદર્ય છે.

પ્રણયમાધુરી

કનુ દેસાઇ

કૃત

દસ રંગચિત્રોનો નવો ચિત્રસંપુટ

શ્રી ધૂમકેતું, શ્રી રમણલાલ દેસાઇ, શ્રી ચુનીલાલ શાહ તથા શ્રી જયભિખ્ખુની પ્રસ્તાવનાઓ સાથે. કિં. રૂ. ૨–૮–૦

કુમાર કાર્યાલય લિ. અમદાવાદ

નિસર્ગોપચારની દૃષ્ટિએ

જીવન ઘડતરનું માસિક

તંદુરસ્તી

તંત્રીઓ

ભૂપતરાય મો. દવે

શંકરલાલ મો. દવે

આ માસિકના પાંચ અંકો પ્રગટ થઇ ગયા છે. એનાં પાનાંઓમાં જે કુદરતી ઉપચારો દ્વારા નીરોગી રહેવાની સામગ્રી આપી છે તે ખૂબ જ ઉપયોગી નીવડશે. બાળકો, બહેનો, યુવાનો અને વૃદ્ધો સૌ કોઈને આ માસિક દ્વારા નવું ચેતન સાંપડશે.

'કુમાર' સાઈઝનાં ૪૦ પાનાં.

વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૪-૮-૦

પરદેશમાં રૂ. ૬-૦-૦

છૂટક નકલ આઠ આના

દર મહિનાની ૧૦ તારીખે પ્રગટ થાય છે.

ગ્રાહક થવા આજે જ લખો

તંદુરસ્તી કાર્યાલય

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફ્રેનાન્ડિઝ પૂલ, ગાંધી રોડ, અમદાવાદ

ઑક્ટોબર — કુમાર — ૧૯૫૦

અંક ૩૨૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા


લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક (ટૅક્સ સાથે) રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦૧૫ છુટક નકલ: બાર આના

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે







ઉપર: સંદેશા માટે અંગ્રેજી અક્ષરો તથા અંકો દર્શાવતા ધ્વજસંકેતો

સાગરવ્યવહારની સંકેતલિપિઓ

નીચે: દરિયાનું વિવિધ હવામાન દર્શાવવા મુંબઇના બારામાં રખાતા રાતદિવસના સંકેતો

દિવસે વિવિધ આકારનાં પાટિયાં વડે અને રાત્રે લાલ તથા સફેદ વર્તુળો દ્વારા જે રીતે તે દર્શાવાય છે તે આ ૧૧ આકૃતિઓમાં દર્શાવ્યું છે. તેમાં ડાબી બાજુની કાળી આકૃતિઓ પાટિયાંની છે અને ગોળ આકૃતિઓ બત્તીની છે. ⊛ જમણી બાજુ: (૧) સખત પવન, તોફાનની વકી.





(૨) તોફાન છે. બંદર બહાર જતાં વહાણોને નુકસાન થવાનો ભય. બંદરને ભય નથી.	(૩) સુસવાટાભર્યા પવનથી બંદરને નુકસાન થવાનો ભય છે.	(૪) બંદરને તોફાનથી નુકસાન થવાનો સંભવ છે; પણ ભય બહુ મોટો નથી.	(૫) બંદર પરથી તોફાની પવન દક્ષિણ બાજુએ પસાર થઈ વેરાવળ, હુગલી, રંગૂન તથા પોર્ટ બ્લેરની પૂર્વમાંથી પસાર થશે.	(૬) નં.૫ મુજબ તોફાન કિનારાની ઉત્તરે થઈ ઉપલાં બંદરોની પશ્ચિમ માંથી પસાર થશે.



(૭) બંદર ઉપરથી સખત પવન સાથેનું તોફાન પસાર થશે	(૮) સખત તોફાની પવન દક્ષિણ કિનારા પરથી નં.૫માં જણાવેલાં બંદરો ની પૂર્વેથી પસાર થશે	(૯) સખત તોફાની પવન ઉત્તર કિનારા પરથી ૫ નં.માં જણાવેલાં બંદરો ની પશ્ચિમેથી પસાર થશે.	(૧૦) બંદર પરથી સખત પવન સાથે ભયભર્યું તોફાન પસાર થવાનો સંભવ	(૧૧) વેધશાળા સાથેનો તમામ સંદેશા-વ્યવહાર સ્થગિત, પ્રતિકૂળ હવામાનનો ભય.

ઘણાંને ખબર નહિ હોય કે જહાજો પર લટકાવેલા રંગબેરંગી ચટાપટાવાળા વાવટાઓનાં તોરણ એ તેનો શણગાર નહિ પણ કંઇ સંદેશા જહાજની ઓળખ આપતા સંકેતો હોય છે. અંગ્રેજી કક્કાના ૨૬ અક્ષરો ને ૧૦ આંકડા ગણી કુલ ૩૬ સંજ્ઞાઓ માટે, ૩૬ પ્રકારના વાવટા નક્કી કરવામાં આવ્યા છે, જે વડે દુનિયાભરમાં વ્યવહાર કરી શકાય છે. ઉપરના ચિત્રમાં, મથાળે એ ૩૬ વાવટા આપ્યા છે; ને તેમાંના જુદાજુદા રંગો જે ભાત વડે દર્શાવ્યા છે, તેની સમજણ પણ નીચે આપી છે. વિશેષ વિગતવાર સમજણ આ અંકમાં અન્યત્ર આપી છે.

શતરંજ ખેલતાં*

・મિશ્ર・

'આ કિસ્ત બીજી; નૃપને સમાલો !'
હસી જતા હોઠ કહી રહ્યા હતા,
અમીટ આંખે મુજને નિહાળતાં.

'શેણે સમાલું ?' મનમાં વિચારતો.
મ્હોરું ન એકે પટમાં બચ્યું, છતાં
લંબાવવા બાજી, ખસેડી રાજવી
હ્યાંત્યાં જરી, હાર ખસેડતો હતો.

બેધ્યાનમાં આંખ ગઇ ઊંચે અને
કૅલેન્ડરે તારીખ આખરી દીઠી:
'કાલે પહેલી; ભરમાસની બધી
આંકેલ ખર્ચી અગલી બનાવવી;
પુરાંતનો આંક વિચારવો વૃથા,
બજેટમાં આગળ બાધ ખેંચવા.

આ માળખું દેહનું આસવ્યા કીધું
થોડાક ગાભા ટુકડોક રોટીની
આરાધનામાં ભરજિંદગી, છતાં
પાસાં કદી બે સમતોલ ના થતાં.
મોંઘાઇની વૈતરણી તરી જવા
નકામના તર્ક તણા તરાપા.
બીમારી યે બસ્ ઘર ભાળી ગૈ છે,
હું નિત્ય માંદો, નબળી સદાય તે,
બિસ્માર બચ્ચાં, બહુમૂલ્ય ડાકટરો.

આવી જ શું જિંદગી કલ્પી મેં હતી ?!
શા ચીતર્યા'તા નકશા મજાના
સર્જાવવા સુંદર ભોમકા નવી !
ના વાંછતી'તી વ્રજ મેલીને જવા
વૈકુંઠ ગોપી; બસ, એવી સ્વર્ગથી
સોહામણી સૃષ્ટિ સજાવવી હતી;
કિન્તુ... ... ...

કશું કર્યું ના; કરી યે શક્યો ના.
એ જે હતું તે, શિરપે લદાયલી
કે કર્જના બોજ તળે પિસાઇ ગ્યું;
સરી ગયાં સ્વલ્પ સુરમ્ય સોણલાં,
ને કલ્પના-ઓસ ચુસાઇ ઊડી ગ્યા
હકીકતોના ધખતા બપોરમાં.'

'ક્યાં ધ્યાન છે ? કિસ્ત બીજી...' ફરી હસી
તે બોલતી; ને ચમકી નિહાળતો
હું રાજવીને શતરંજના ઘડી;
'ધકેલવો કાં અમથો અહીંત્યહીં
આ બાપડાને ?' વળી સાંકળી કડી
વિચારતી: 'કિસ્ત પળેપળે સુણું.
આ જિંદગીની શતરંજ ખેલતાં
મ્હોરાં ટપોટપ ઉપડી ગયાં બધાં:
ધીગી ગતિએ, મધુના પ્રવાહ શી
આશા તણું પૈદળ આદિ મોરચે,
ને કલ્પનાના નભરત્ન આંબતાં
અઢીઘરાં વક્ર રવાલ ઘોડલાં,
ને બુદ્ધિના ઊંટ અઢારવાંકાં
અભંગ શ્રદ્ધા-ગજ સીધી ચાલના,
ને સર્વમાર્ગી મનનો વજીર...
સૌ ચાલ ચાલ્યાં જયલક્ષ્મી જીતવા,
કિન્તુ ટપોટપ્ ઉપડી ગયાં બધાં.

આર્થિક, શારીરિક માનસિક ને
અસંખ્ય કે કે 'ઇક'માં ભિંસાયલા
નિઃસ્હાય, થાકેલ, અજારી, એકલા
આ રાજવી આતમરામ કાજે
આયુષ્યલાંબી શતરંજમાં હવે
ના કિસ્ત, છે માત્ર શિકસ્ત બાકી.'

જસુ શાહ

ચંદન રાત

ખીલી હો ચંદન રાત !
સૂરજકેરા તેજમાં જાણે
ધરણી ખોલે આંખ;
ઊઘડી પડે ચાંદનીમાં, ઉર
અવનિનું દલ લાખ !
રાત અહો, રળિયાત ! ખીલી હો॰
ચેતન ઢળે નીંદરે, સૃષ્ટિ
જડની બેઠી થાય
નમણી અહો, અવનિકેરી
ચંદનવરણી કાય !
રૂપતણી મહોલાત ! ખીલી હો॰
દિવસકેરા ઇન્દ્રધનુષ્યના
રંગ રૂપાળા સાત,
નિજ સ્વરૂપે ચાંદનીકેરા
સોહતા શ્વેત સુજાત !
અંતરની અમીરાત ! ખીલી હો॰
ઊજળા ઊજળા ચંદનમાં જાણે
ઘૂંટયું કપુરનું તેજ:
ક્ષીર સમુદ્રની પાતળી ચાદર
પાથરી દીધી સહેજ !
સ્વર્ગતણું શું પ્રભાત ! ખીલી હો॰

અજારામ

* આ કાવ્ય મોકલતાં કવિ લખે છે: 'જે રોટી અને એકલંગોટીનું શાસ્ત્ર ખૂબ જ જટિલ બની ગયું છે. ચારે બાજુથી ભીંસાતો પુરુષ, નિઃસહાય સ્ત્રીઓ અને અળસિયાં જેવાં ને જેટલાં આકસ્મિક બાળકો–બધાં યે કરોળિયાના જાળામાં ફસાએલાં કૂદાં જેમ આર્થિક ગૂંચમાં તરફડતાં જોઉં છું ત્યારે, તેમની નિરાધારતા પ્રત્યે એટલી જ નિરાધાર–લાચાર સહાનુભૂતિ બતાવવા સિવાય બીજી કશી દોલત મારી પાસે નથી-એ અપંગતા ય ખૂબ ડંખે છે....' કવિના આ કથનમાંની ભૂમિકા ઉપર, આજના મધ્યમ વર્ગના એક પગારદાર માણસનું મનોમંથન, આપકથાના રૂપમાં, કવિએ આલેખ્યું છે. કલ્પના કરી છે કે પોતે કોઈ(સ્ત્રીમિત્ર)ની સાથે શતરંજ ખેલે છે. તેમાં પોતાને તેણે બીજી કિસ્ત (શતરંજના એક દાવની હાર) આપી છે. તેનો ઉલ્લેખ કરીને હસતી હસતી સ્ત્રી કહે છે કે 'તમારા રાજાને સંભાળો.' પરંતુ એ વિચારે છે કે કેમ સંભાળું ? પોતાની રમત હાર પર હતી, પટમાં એકે મહોરું બચ્યું ન હતું, અને હાર પાછી ઠેલવા રાજાને અહીંતહીં ખસેડીને પોતે બાજી લંબાવતો હતો. આ સ્થિતિમાં અચાનક ઊંચે કૅલેન્ડર પર નજર જતાં ત્યાં આખર તારીખ જોઇ એટલે પગારનો દિવસ, તેની રકમનો વ્યય, તંગ સ્થિતિ, કુટુંબની માંદગી, નોકરીનું વૈતરું, એ બધું યાદ આવે છે; અને પોતે જીવન વિષે જે મનોરથો ઘડ્યા હતા તે આમ નિષ્ફળ ગયાની ગ્લાનિમાં ડૂબી જાય છે. ફરી સ્ત્રીમિત્ર કિસ્તની યાદ આપે છે, એટલે પોતાની જિંદગીને શતરંજની ઉપમા આપી વિચારે છે કે મારાં આશા રૂપી પાયદળ, કલ્પનાનાં અઢી ઘર ચાલતાં ઘોડાં, વાંકી ચાલનાં બુદ્ધિનાં ઊંટ, સીધું ચાલતા શ્રદ્ધાના હાથી, અને બધી ચાલ ચાલતો મનનો વજીર, એ બધાં મહોરાં જીવનની જયલક્ષ્મી જીતવાને બહુ યે મથ્યાં, પણ ટપોટપ ઊડી ગયાં અને આર્થિક, શારીરિક, માનસિક વગેરે 'ઇક'માં ભીંસાએલા આતમરામ રૂપી રાજા માટે હવે આયુષ્યની આ લાંબી શતરંજમાં 'કિસ્ત' નહિ પણ 'શિકસ્ત'–અંતિમ હાર જ મળવાની બાકી રહી છે. શતરંજની રમતમાંથી જીવનની તંગ પરિસ્થિતિનો વિચાર આવતાં તેનો ચિતાર, શતરંજના જ રૂપકમાં જે ચાતુરીપૂર્વક ને ચોટદાર રીતે આ કાવ્યમાં ઉતાર્યો છે તેમાં ઉપમા, શબ્દસામ્ય વગેરેનાં ઘણાં સૌંદર્યસ્થાનો પણ છે.

સરકાર જખ મારવા દિલ્હીની ગાદીએ બેઠી છે?

[સામયિક]

ટ્રેનમાં જગ્યા શી રીતે મેળવી એ પરાક્રમકથા અહીં નથી કહેવી. પણ જે અદાથી અમે અને બીજાઓએ જગ્યા મેળવી એ પરથી એટલું તો સાબિત થઇ જ ગયું કે મધ્યયુગનું કેસરિયાં કરવાનું રાજપૂતી શૌર્ય હજી આપણામાંથી પરવાર્યું નથી. એ આરંભના શૂરાતનપછીની શાંતિમાં, સૌસૌનો સામાન આવી ગયો છે એની ખાત્રી કરી લીધાપછી, ધોતિયાંના છેડાથી પવન ખાતાંખાતાં, ટોપી હાથમાં લઇને સાફ કરતાંકરતાં, રડતાં છોકરાંને છાનાં રાખતાંરાખતાં, સાંજ ઢળતાં એક પછી એક તારા દેખાવા માંડે એમ, છૂટક વાક્યો સંભળાવા લાગ્યાં:

'ઓહોહોહોહો...શો તાપ છે!'

'અને તે ય આ ચોમાસામાં...'

'આજના વખતમાં નહિ થાય તે ઓછું.'

ગરમી, ગિરદી, 'પંખીનો મેળો' વગેરે વિષયો ચર્ચાતા હતા ત્યાંજ કોકની નજર ઉપર ટીંગાડેલા પેલા ઇલેક્ટ્રિક પંખા પર પડી. હવેના કોકકોક થર્ડ ક્લાસના ડબ્બામાં ય પંખા રખાયા છે એ વાત સૌના ધ્યાનમાં આવી.

'હો; પંખો છે ને. હવે શી ચિંતા છે?'

'પંખો તો છે, પણ ચાલે છે ક્યાં?'

'નથી ચાલતો? મા...બો! ત્યારે અહીં શોભા કરવા રાખ્યો છે?'

'એ તો ભઈ, પેલા જેવું થયું: બકરીને ગળે આંચળ!'

'કંઈ કામનો જ નહિ...'

'જાણે કૉલેજિયનની સાઈકલની બ્રેક!'

'આ જમાનામાં જે નહિ થાય તે ઓછું!'

ત્યાં વળી કોકને વિચાર આવ્યો: પંખો નથી ચાલતો એમાં કોનો વાંક? કોકનો તો હોવો જ જોઇએ! એ બંધ છે એનું જવાબદાર કોણ? અલબત્ત, ભારત સરકાર, બીજું કોણ?

'આ તો માળી આઝાદી છે કે છોકરાં પટાવવાનાં છે?'

'કંઇ ઠેકાણું જ નથી. ટ્રેનમાં પંખા નાખ્યા ત્યારે ચાલતા જ નથી!'

'હા; ના યે ચાલે; માની લઇએ કે પંખા જેવી વસ્તુ છે તે બગડી પણ જાય. પણ મારું કહેવું એમ છે, કે જો પંખો ચલાવવાની તાકાત ના હોય તો નાંખો છો શું કરવા?'

'ના નાખશો પંખા! એ વિના અમે કૈં મરી નહોતા જવાના. પણ આ તો કહેવું કે પંખા રાખીએ છીએ; અને પછી ચાલે જ નહિ. કંઈ નહિ, કંઈ નહિ, ને અમને બનાવવાના? અલ્યા, અમને?'

'ભઇ, એ તો હાથીના દાંત. પંડિતજી અમેરિકા જાય ત્યારે કહેવા કામ આવે ને કે અમારે ત્યાં થર્ડ ક્લાસમાં ય પંખા છે!'

અને પછી તો પંડિતજી શું કહે છે? ચીન જવાની વાત કરે છે પણ અહીં અમારા પંખા નથી ચાલતા એનું શું? વગેરેનો વરસાદ ઝરમર ઝરમરને બદલે ધોધમાર વરસવા માંડ્યો. પંખા પરથી ટ્રેનમાં ગિરદી થાય છે એની વાત, લોકોના બિસ્તરા ખોવાય છે, બસમાં ચડવા માટે લાઈનો બરાબર નથી થતી, ફૂટપાથ પર તાળું મારીને મૂક્યા છતાં સાઇકલો ચોરાય છે એ વાતો, અને હવે શાકવાળા શેર શાક પર બે મરચાં યે નથી નાખતા એ વાત ચર્ચાવા માંડી. અલબત્ત, બધી વાતનું ધ્રુવપદ એક જ: 'સરકાર શું માંખો મારે છે?' 'પંડિતજી શું કહે છે?' વગેરે. ડબ્બો આખો ઉત્સાહમાં આવી ગયો. સૌને કંઈનું કંઈ કહેવાનું મળી ગયું.

મારાથી ના રહેવાયું. મેં કહ્યું, 'ખરી વાત છે, હોં! આ જુઓને અમારા પડોશી એક કૉલેજિયન છે. પણ એને રોજ દસ વાગ્યે કૉલેજ જવાનું મોડું થઈ જાય છે...

'કેમ?'

'આ સરકારને વાંકે સ્તો!' મેં કહ્યું, 'ખડકીનું નાકું રોકીને ગાય બેઠી હોય, પછી પેલો જવાન બિચારો જાય ક્યાંથી? ગાય ઊઠે ત્યારે ને? સરકારની ફરજ નથી કે પોળોના દરવાજા રોકીને બેઠેલી ગાયોને ઉઠાડે? પંડિતજી શું કરે છે દિલ્હીમાં?'

'પણ એમાં જવાહરલાલ શું કરે?' આખરે પહેલી વાર જ પંડિતજીની દયા ખાનાર એક ખૂણામાં બેઠેલો વીરલો જાગ્યો ખરો!

'કેમ શું કરે છે?' મેં કહ્યું, 'બંધારણ મુજબ વડાપ્રધાનની ફરજો શી છે, ખબર છે? ટ્રેનોના પંખા ચાલુ રાખવા, ફૂટપાથ પર તાળું માર્યા વિના મૂકેલી સાઈકલો સાચવવી, બસની લાઇનો ગોઠવવી, ને એ બધાં સાથે પોળોનાં નાકાં રોકીને બેઠેલી ગાયો ઉઠાડવી, –એ બધાંનો સમાવેશ વડાપ્રધાનની ફરજોમાં થાય છે. બંધારણ કહે છે ને? હું ક્યાં મારા ઘરનું કહું છું?'

'બંધારણમાં તો એવું કંઈ નથી...' પેલો જુવાન બોલ્યો.

'અરે, નથી એટલે? ચોખ્ખા શબ્દોમાં લખ્યું ન હોય એટલે (અનુસંધાન પૃ૦ ૩૪૫મે)

દેશોન્નતિને પોષક તથા ઉપકારક

આપણે ત્યાં હિંદુસ્તાન એક રાષ્ટ્ર છે એવી ભાવના હતી નહિ એટલે જ અંગ્રેજો અહીં સત્તા જમાવી શક્યા, અને જમાવેલી સત્તા કાયમ કરવા આ દેશના લોકોને અંગ્રેજી ભાષા શીખવાડી એમની ગુલામી મનોવૃત્તિ વધારવાનો પ્રયાસ એમણે શરૂ કર્યો. નવું શિક્ષણ પામેલી પહેલી પેઢી અંગ્રેજોના ગુણોથી એવી તો અંજાઇ ગઈ કે આપણે ત્યાંનું બધું ત્યાજ્ય છે એમ એને લાગવા માંડ્યું. પણ એ કાળે એક વિરલ પુરુષ એવા નીકળ્યા, જેમણે અંગ્રેજી ભાષામાંથી જે જ્ઞાન પોતે મેળવ્યું તેને પચાવવાની તાકાત તેમનામાં હતી. એ પુરુષ તે વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકર. અંગ્રેજીને તેઓ 'વાઘણનું દૂધ' એવા નામથી ઓળખાવતા. સાધારણ લોકો એ દૂધ પચાવી શક્યા નહિ, પરંતુ આપણી પરિસ્થિતિમાં આપણા દેશમાં એ નવી કેળવણી શો ભાગ ભજવી શકે અને રાષ્ટ્રનું હિત ઇચ્છતા સેવકે કયો માર્ગ લેવો જોઇએ એની પ્રથમ ચર્ચા એ વિષ્ણુશાસ્ત્રીએ કરી અને કેટલાંક નક્કર પગલાં ભર્યાં.

સ્વભાષા ને સ્વરાષ્ટ્ર વિષે આપણી ફરજોનું ભાન આ દેશમાં પ્રથમ કરાવનાર આદ્ય દ્રષ્ટા એ. 'ડૉક્ટર જૉન્સન' વિષે નિબંધો લખી એમણે કહ્યું કે પૈસા મળે કે ન મળે, સ્વભાષાને ખીલવવી જોઈએ. 'આપણા દેશની સ્થિતિ' જેવા નિબંધમાં તો એમણે સરકારવિરોધી એટલી ટીકા કરી કે એ નિબંધ સરકારે જપ્ત કર્યો. હિંદુસ્તાનનું ભાવિ ઉજ્જવળ જ છે–જો આપણે તેમ બનાવીએ તો, એવી એમની અડગ શ્રદ્ધા હતી. અને એ શ્રદ્ધાના બળ પર, જે કાળે સાધનો બહુ થોડાં હતાં એવા વખતમાં, લોકોની સહાયની અપેક્ષા રાખ્યા વગર, એકલે હાથે એમણે ઘણા ઉદ્યોગો આરંભ્યા. આજના મહારાષ્ટ્રના એવા એ પ્રબલ આદ્ય પુરુષની દૃષ્ટિનો અને એમના કાર્યનો આછો પરિચય અહીં આપવાનો છે.

ભવિષ્યકાળ તરફ જે નેતાની દૃષ્ટિ છે એણે ભૂતકાળનો અભ્યાસ કરવો જ રહ્યો. ભૂતકાળમાંથી જ વર્તમાન નીપજે છે. પશ્ચિમમાંથી આવ્યું તે બધું જ સારું એમ કહેવાને બદલે આપણા સ્વત્વને, આપણી પરિસ્થિતિ અને પરંપરાને રુચે એ જ અપનાવવું, આપણા સ્વત્વનું સંરક્ષણ કરવું ને નરી પ્રગતિ માટે

વિચાર ઉચ્ચાર અને આચાર સમાજ આગળ પહેલવહેલા મૂકનાર, અને નવજાગૃત હિંદમાં મહારાષ્ટ્રની વૈચારિક ક્રાંતિના પ્રથમ ઉદ્‌ગાતા

વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકર

લેખક : પ્રો. વસંત જોષી, એમ.એ.



ઝુંબેશ ઉપાડવી એ વિષ્ણુશાસ્ત્રીનું કાર્ય હતું.

એમને લોકોનો સર્વાંગીણ વિકાસ સાધવો હતો. એ માટે એમણે શરૂ કરેલા માસિક 'નિબંધમાલા'એ લોકોને સ્વતંત્ર વિચાર કરતા બનાવી મહારાષ્ટ્રમાં મોટી વિચારક્રાંતિ કરી મૂકી. યાદ રાખવા જેવું એ છે કે 'નિબંધમાલા'ના બધા અંક આખેઆખા એકલા વિષ્ણુશાસ્ત્રી જ લખતા. અને એમાં જે લખાયું એ અમલમાં પણ મુકાયું.

એવું જ બીજું મહત્ત્વનું એમનું પ્રસ્થાન તે ન્યૂ ઇંગ્લિશ સ્કૂલની સ્થાપના. મહારાષ્ટ્રમાં, (અથવા હિંદુસ્તાનભરમાં કહીએ તો ચાલે) એ પ્રજાના સ્વત્વની દૃષ્ટિએ એક યુગવર્તી અને અત્યંત મહત્ત્વની બીના ગણાય છે. સરકારી નોકરીમાં દાખલ થવાની ઇચ્છા ત્યજીને સ્વતંત્ર ધંધા શરૂ કરવાની ઇચ્છા વિદ્યાર્થીઓમાં જાગે, અંગ્રેજોનાં કપડાં અને ફેશનોનું અનુકરણ નહિ પણ એમનાં ધૈર્ય, સાહસ, કાર્યરત રહેવાની તમન્ના, સ્વાભિમાન આદિ ગુણો ખીલે એ ઉદ્દેશથી એમણે એ શાળા સ્થાપી. દેશના સ્વત્વનો આમ સૌપ્રથમ સ્વતંત્ર વિચાર કરનાર એ આદ્ય દ્રષ્ટાએ અંગ્રેજી સત્તાને આ રીતે પડકાર કરી ગુલામગીરી દૂર કરવાની શરૂઆત કરી. उद्धरेत् आत्मनात्मानं । એ સૂત્ર શિક્ષણમાં આણ્યું, ને સ્વશક્તિથી કેળવણીનાં સૂત્રો ચલાવવાની લોકોની વૃત્તિને આ કાર્યથી પોષણ મળ્યું.

શૈક્ષણિક જાગૃતિની સાથે જ સાંસ્કૃતિક જાગૃતિ આવે છે. અને રાજકીય જાગૃતિની જરૂર તો હતી જ. તેને માટે એમણે 'કેસરી' જેવું વર્તમાનપત્ર સ્થાપ્યું. એ 'કેસરી'એ રાષ્ટ્રજાગૃતિનું કેટલું સબળ કામ કર્યું છે એ તો સર વૅલેન્ટાઈન શિરૉલે બાળ ગંગાધર ટિળકને 'The Father of Indian Unrest' તરીકે ઓળખાવી કબૂલ કર્યું. મહારાષ્ટ્રની મનોવૃત્તિમાં વ્યાપારને સ્થાન ન હતું. પણ ગ્રંથવિક્રય માટે 'કિતાબખાના' સ્થાપીને વિષ્ણુશાસ્ત્રીએ એ દિશા તરફ પણ લોકોનું ધ્યાન દોર્યું; અને ચિત્રમુદ્રણ માટે એમણે સ્થાપેલા ચિત્રશાળા પ્રેસે પણ ઉદ્યોગની દિશામાં એ જ કાર્ય કર્યું.

આમ, દેશોન્નતિને પોષક કે ઉપકારક વિચાર, ઉચ્ચાર ને આચાર સમાજ આગળ મૂકનાર એ નવજાગૃત હિંદના પ્રથમ પુરુષ હતા. એમના લખાણમાં અને કૃતિમાં કોઈ દિવસ વિરોધાભાસ ન હતો. શુદ્ધ ચારિત્ર્ય, સ્વાવલંબી અને નિર્લોભ વૃત્તિ અને જ્વલંત કાર્યનિષ્ઠા એવા ગુણોએ એમને જાહેર જીવનમાં અનન્ય સ્થાન આપ્યું. ભણેલા લોકોએ અને સરકારે એમના પર ઘણો રોષ ઠાલવ્યો, પણ તેઓ ડગ્યા નહિ. અને આ બધું અસાધારણ કાર્ય તે માત્ર બત્રીસ જ વર્ષની ટૂંકી જિંદગીમાં કરી ગયા. કોઈ તરફ માર્ગ દેખાતો ન હોય, પ્રજા પ્રજ્ઞાહત થઈ હોય, એવે વખતે સ્વાર્થ છોડી, સરકારી નોકરીને લાત મારી, મહારાષ્ટ્રની વૈચારિક ક્રાંતિના દ્રષ્ટા કે ઉદ્‌ગાતા બનીને એમણે, કોઈ પણ સંસ્કૃતિના પૂર્વગામીઓ – forerunners– જેવું કામ એકલે હાથે કરે છે એવું જ કાર્ય કરી પોતાનું શ્રેષ્ઠત્વ દેશને બતાવ્યું.

૧૮૧૮માં પેશ્વાઇનો અસ્ત થયો અને મહારાષ્ટ્રમાં અંગ્રેજી રાજ્ય શરૂ થયું. પેશ્વાઈમાં કાયદો અને વ્યવસ્થા બરોબર જળવાતાં ન હતાં, એટલે લોકોની જિંદગી હમેશાં જોખમમાં રહેતી. નવી રાજ્યવ્યવસ્થામાં આ બધી પરિસ્થિતિ બદલાઈ ગઈ, અને કેળવણીનો પ્રચાર થતો ગયો તેમતેમ પશ્ચિમના દૃષ્ટિબિંદુથી આપણા દેશને જોવાની વૃત્તિ વધી. પરિણામે અંગ્રેજોનું આ દેશમાં આગમન પ્રભુકૃપા જેવું ગણાવા માંડ્યું. અને અંગ્રેજોનું બધું સારું અને આ દેશનું ખરાબ, એવી વિચારધારા લોકોમાં પ્રવર્તવા માંડી. આનું વર્ણન લોકમાન્ય ટિળકે એક લેખમાં સુંદર કર્યું છે: 'અંગ્રેજી નિશાળોમાં શિક્ષણ મેળવી શરૂઆતમાં જે લોકો બહાર પડ્યા એમનાં મનની સ્થિતિ એક રીતે ખૂબ જ ભયંકર અને શોચનીય થઈ હતી. એમને સ્વધર્મનું અથવા એનાં નીતિતત્ત્વોનું જ્ઞાન જરા ય ન હતું તેમજ પરધર્મોનું પણ ન હતું. સમાજનાં પરંપરાગત બંધનો માટે એમને આદર જેવું કશું રહ્યું ન હતું અને બેચાર ચોપડીઓ ભણી પરવાર્યા પછી એ વખતે મોટા પગારની નોકરી મળતી એટલે એમનાં મનમાં અધિકારપદનો પણ સંચાર થયો હતો. ઈંગ્લંડ કે યુરોપની નિશાળોમાં અહીં જેવું જ શિક્ષણ અપાય છે, છતાં ત્યાં સ્વદેશપ્રીતિ, સ્વધર્મનિષ્ઠા, સમાજ પ્રતિ આદર ને પ્રેમ, સદાચરણ વિષે રુચિ, એવા ગુણો બુદ્ધિના ચાંચલ્યદોષનું હરણ કરે છે અને વિદ્યાર્થીઓને બેહોશ બનતાં અટકાવે છે. આપણે ત્યાં આ બંધનોનો અભાવ હોવાથી થોડા જ્ઞાનમાં સંતોષ માનતા, બેપરવાઈથી પોતાના હિત તરફ ધ્યાન ન આપનારા, અને પોતાની જાતને વિદ્વાન માની લઈ બધા પ્રાચીન વિચારોનો ઉપહાસ કરતા લોકો આ કારખાનાંમાં તૈયાર થયા. સરકાર-દરબારમાં એ લોકોનું મોટું માન હતું એ દુઃખની વાત હતી.'

આવી સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે, અને આપણા દેશમાં સુધારા થવા જોઇએ તથા પશ્ચિમનું બને તેટલું અપનાવવું જોઇએ એમ ભણેલા લોકો માનતા હતા ત્યારે વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકરે મહારાષ્ટ્રમાં સ્વતંત્ર વિચારની પ્રણાલિકા સૌ પહેલી શરૂ કરી ને લોકોમાં જાગૃતિની ઝણઝણાટી પેદા કરી.

ચિપળુણકર કુટુંબનું મૂળ વતન રત્નાગિરિ જિલ્લામાં પાવસ નામનું ગામ હતું. સત્તરમી સદીમાં એમના એક પૂર્વજ નાસિક પાસે ત્ર્યંબકેશ્વર આવી વસ્યા. ૧૮૦૨માં હોળકરે મહારાષ્ટ્રમાં ધમાલ મચાવી ત્યારે વિષ્ણુશાસ્ત્રીના દાદા હરિપંત પૂના આવ્યા. પૂનામાં તેઓ બીજા બાજીરાવના નાના ભાઈ ચિમણાજી આપ્પાને ઘેર નોકરી

કરતા. ૧૮૧૮માં બાજીરાવ બ્રહ્માવર્ત ગયા પછી હરિપંતે પૂનામાં અફીણ વેચવાની એક નાની દુકાન ઉઘાડી. ૧૮૨૪માં વિષ્ણુશાસ્ત્રીના પિતા કૃષ્ણશાસ્ત્રીનો જન્મ થયો. નાનપણથી કૃષ્ણશાસ્ત્રીની બુદ્ધિ બહુ તીવ્ર હતી. વેદપઠન અને બીજું અધ્યયન કરવામાં એ બુદ્ધિની વિલક્ષણ ચમક જોઈ એમના ગુરુએ એમને 'બૃહસ્પતિનો અવતાર' કહીને પ્રશંસેલા. પછી કૃષ્ણશાસ્ત્રીએ અંગ્રેજી ભાષા અને સાહિત્યનો અભ્યાસ કર્યો. એમને સરકારમાં બહુ માનની નોકરી મળી એટલે દ્રવ્યની તેમજ માનની દૃષ્ટિએ, અને એમની બુદ્ધિ, રસિકતા તથા અસાધારણ ભાષાપ્રભુત્વને લીધે તેઓ સમાજમાં અગ્રગણ્ય થયા. આવા જાણીતા કૃષ્ણશાસ્ત્રીના પહેલા ચિરંજીવી તે વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકર. એમનો જન્મ પૂનામાં ૨૦મી મે ૧૮૫૦ને રોજ થયો. આ વર્ષે મહારાષ્ટ્ર એમની જન્મશતાબ્દી ઊજવે છે.

નાનપણથી જ વિષ્ણુશાસ્ત્રીને એમનાં દાદા-દાદીએ ઉછેર્યા હતા. એમના પિતા માટે તો આગળ જતાં પણ એમનો ખાસ પ્રેમ રહેલો નહિ. સાત વર્ષની ઉમરે તેમને 'ઈન્ફન્ટ સ્કૂલ'માં મૂકવામાં આવ્યા. ત્યાં બેએક વરસ રહી ૧૮૬૦માં તેમણે અંગ્રેજીનો અભ્યાસ આરંભ્યો. ત્યાર પહેલાં જ ઘેર એમને સંધ્યા, પૂજા અને બીજાં બ્રહ્મકર્મ શીખવાડવામાં આવ્યાં હતાં. એમના વખતના કેટલાક માસ્તરો આજના માસ્તરોથી જરા યે ઊતરે એવા ન હતા. વિષ્ણુશાસ્ત્રી ચોથા ધોરણમાં ભણતા હતા ત્યારની વાત. માસ્તરે 'ઉદ્યોગ' વિષે ઘેરથી નિબંધ લખી લાવવાનું કહ્યું. વિષ્ણુશાસ્ત્રીએ છઠ્ઠી ચોપડીમાંથી નિબંધ તફડાવ્યો. તે વાંચી માસ્તર બહુ ખુશ થયા અને બોલ્યા: 'પિતાને પૂછી નિબંધ લખ્યો લાગે છે!' બીજા એક માસ્તરે એક વાર ગોલ્ડસ્મિથનું 'ડેઝર્ટેડ વિલેજ' કાવ્ય મોઢે કરી જે વિદ્યાર્થી બોલી જાય એને હાથરૂમાલ ઇનામ તરીકે આપવાની ઇચ્છા જાહેર કરી. વિષ્ણુશાસ્ત્રીને એક રૂમાલ મળ્યો, અને કહેવાય છે કે તેમણે એ ઘણા દિવસ સુધી સાચવી રાખેલો! શાળામાં એમની વર્તણૂક નિયમિત અને શાંત રહેતી. તેઓ ઝાઝું બોલતા નહિ. ખાવાપીવા વિષે કે કપડાં વિષે તેઓ ઉપેક્ષા જ સેવતા. એક વખત ફાટેલો કોટ પહેરી નિશાળે આવ્યા ત્યારે માસ્તરે કહ્યું કે 'વિષ્ણુના બાપા કાંઇ કમાતા હોય એવું લાગતું નથી!' ૧૮૬૬માં મૅટ્રિક પાસ કરી તેઓ ડેક્કન કૉલેજમાં દાખલ થયા. એ જ અરસામાં ગોગટે કરીને કોઈ ઓવરસિયર હતા એમની કન્યા કાશી જોડે તેમનાં લગ્ન થયાં.

એ વખતે ડેક્કન કૉલેજમાં પ્રિન્સિપલ વર્ડ્ઝવર્થ (કવિ વર્ડ્ઝવર્થના પૌત્ર) હતા, અને પ્રો૦ છત્રે, શંકર પાંડુરંગ પંડિત અને આબાજી વિષ્ણુ કાથવટે જેવા વિદ્વાન અધ્યાપકો હતા. વિષ્ણુશાસ્ત્રીને પહેલાંથી જ વાચનનો શોખ હતો. કૉલેજમાં એ શોખ કેળવવાની સારી તક એમને મળી. સંસ્કૃત અને મરાઠી કવિઓની કૃતિઓ, ઇતિહાસગ્રંથો, ભાષાશાસ્ત્ર વિષેના ગ્રંથો એમણે અહીં વાંચ્યા. નવાઈની વાત એટલી જ હતી કે ઇતિહાસ-સંસ્કૃતિ-ભાષા જેવા વિષયોમાં રસ ધરાવતા વિષ્ણુશાસ્ત્રી છાપાંને કોઈ દિવસ અડતા નહિ! એટલે દુનિયામાં શું થઇ રહ્યું છે એ વિષે એમને બહુ થોડો ખ્યાલ રહેતો. બહારનું વાચન ખૂબ કરતા એટલે પરીક્ષાની તૈયારી માટે એમને વખત નહિ મળ્યો હોય અથવા તો ગણિતમાં ભેજું ચાલતું નહિ હોય, પણ તેઓ ૧૮૭૦માં બી. એ.માં નાપાસ થયા; અને એક શાળામાં શિક્ષક તરીકે રહ્યા પછી ઘેર અભ્યાસ કરી ૧૮૭૨માં તેઓ બી. એ. પાસ થયા.

કૉલેજમાં હતા ત્યારથી જ વિષ્ણુશાસ્ત્રીએ લેખનપ્રવૃત્તિની શરૂઆત કરી હતી. એમના પિતાએ જૉન્સનના 'રાસેલસ'નું ભાષાંતર શરૂ કરેલું થોડો ભાગ કર્યા પછી વખતના અભાવે એમણે વિષ્ણુશાસ્ત્રીને અનુવાદ આગળ ચલાવવા પ્રયત્ન કરી જોવાનું કહ્યું. પુત્રે કરેલા કેટલાક ફકરાઓના અનુવાદથી કૃષ્ણશાસ્ત્રીને આનંદ થયો અને એમણે બાકીનો બધો અનુવાદ એમની પાસે જ કરાવ્યો. આ ઉત્તેજનથી વિષ્ણુશાસ્ત્રીમાં લેખક થવાની આકાંક્ષા જાગી, અને એમણે 'સંસ્કૃત કવિ' એ શીર્ષક હેઠળ એક લેખમાળા શરૂ કરી, જે આગળ જતાં 'સંસ્કૃત કવિપંચક' તરીકે પુસ્તકરૂપમાં પ્રકટ થઈ. એમાં કાલિદાસ, ભવભૂતિ, બાણ, સુબંધુ ને દંડી વિષે, એ વખતની ઉપલબ્ધ બધી માહિતી આપીને એમની કૃતિઓ વિષે વિવેચન કર્યું છે. આજે પણ એ વાચનીય છે. વિષ્ણુશાસ્ત્રીની માર્મિક શૈલીનાં ત્યાં પ્રથમ દર્શન થાય છે.

બી.એ થયા પછી કૃષ્ણશાસ્ત્રીની ઓળખાણને લીધે વિષ્ણુશાસ્ત્રીને 'પૂના હાઈસ્કૂલ'માં શિક્ષકની જગ્યા મળી. મુખ્ય શિક્ષક મહાદેવ મોરેશ્વર કુંટે હતા. આ કુંટે સારા કવિ અને ગ્રંથકાર હતા. પશ્ચિમના સાહિત્યનો એમણે સારો અભ્યાસ કરેલો અને સ્વતંત્રરીતે વિચાર પણ કરી શકતા. પોતાને સાચું લાગે તે લોકોને સીધેસીધું સુણાવી દેતા અને વર્તનમાં પણ જેને આપણે 'આઝાદ' કહીએ એવા ગણાતા. જ્યારે વિષ્ણુશાસ્ત્રી ઓછાબોલા અને પરંપરાનિષ્ઠ નહિ તોપણ બને ત્યાં સુધી સ્વ-વનિષ્ઠ એવા હતા. આથી હેડમાસ્તર અને આ મદદનીશ ઘણી વાર લડી પડતા. એમાં મુખ્ય વાંક વિષ્ણુશાસ્ત્રીનો રહેતો. આપણાઘણા લોકોની જેમ એમને સમયનું ભાન રહેતું નહિ. નિયમિતરીતે વખતસર કામ થવું જોઇએ એ વાત કોઇ એમને ગળે ઉતરાવી શક્યું ન હતું. એટલે વર્ગ શરૂ થયાનો ઘંટ થાય તો યે તેઓ વર્ગમાં જતા નહિ. વાચનમાં કે વિચારમાં એવા લીન હોય કે પંદરવીસ મિનિટ નીકળી જાય ત્યારે એમને ભાન આવતું કે ક્લાસમાં જવાનું છે.

આ જ અરસામાં વિષ્ણુશાસ્ત્રીએ રાષ્ટ્રની ઉન્નતિ ખાતર એક મોટો ઉદ્યોગ આચરવાનો નિશ્ચય કર્યો. ૧૮૭૩ની નાતાલની રજાઓમાં તેઓ બેત્રણ મિત્રો જોડે આળંદી ગયા હતા. વાતવાતમાં એક મિત્રે એમને પૂછ્યું, 'તમે એકાદ માસિક કેમ કાઢતા નથી? એમાં કોઈ વાર નવા લેખો લખવા, અને કોઇ વાર, સંસ્કૃત કવિઓ વિષે તમે પહેલાં લેખો લખ્યા હતા તે જ ફરીથી છાપવા. એવું કરવા ધારો તો ન થઇ શકે?' આ વિચાર એમને ગમ્યો, અને એમણે તરત જ એક છાપામાં, ૧૮૭૪ની શરૂઆતથી 'નિબંધમાલા' માસિક પ્રકટ કરવામાં આવશે એવી જાહેરાત કરી. માસિક કેવી રીતે ચલાવવું એ વિષે એમને ખ્યાલ તો હતો જ નહિ. પણ તેઓ એટલું સમજ્યા કે એક વાર પ્રકાશન મેળવી ચૂકેલા લેખ ફરીથી છાપવા ન જોઇએ. બધું જ નવું લખવું એવા નિર્ણય પર તેઓ આવ્યા.

'નિબંધમાલા' પ્રકટ કરવાના નિર્ણયમાં વિષ્ણુશાસ્ત્રીના કેટલાક ગુણદોષ સ્પષ્ટ દેખાય છે. માસિક કાઢવાનો નિર્ણય કર્યા પહેલાં તેઓએ કોઇ મિત્રની સલાહ લેવાની તસ્દી પણ ન લીધી, કે કોઈ વિદ્વાન માણસ પાસે લેખ માટે માગણી પણ કરી નહિ. કોઈ વિદ્વાન કદાચ લેખ આપે, પણ એ તંત્રીને પસંદ ન પડે તો? ને આપણે જે નિશ્ચય કર્યો એમાં લોકોની સલાહ શી લેવાની હોય? નિયમિતતાની તો એમને પડી જ ન હતી. ગ્રાહકો બૂમો પાડવા માંડ્યા કે વખતસર અંક બહાર પડતા નથી. બબ્બે-ત્રણત્રણ મહિનાનું મોડું થાય. એક વાર તો બાર મહિના સુધી અંક બહાર પડ્યો નહિ!

છતાં પહેલા જ અંકથી 'નિબંધમાલા'એ લોકોને આકર્ષી લીધેલા. લેખકની ભાષાશૈલી એટલી સુંદર હતી કે કૃષ્ણશાસ્ત્રીએ જ એ લેખો લખ્યા હોવા જોઈએ એમ લોકોને લાગ્યું. વિષયોનું પ્રતિપાદન સુંદર રીતે કરવામાં આવતું. ઉપહાસ, ઉપરોધ, વ્યંગોક્તિ જેવા ગુણો શૈલીમાં વારંવાર દેખાતા. હિંદુસ્તાન વિષે અજ્ઞાન ધરાવતા

પરદેશીઓ આ દેશ વિષે શું શું લખી અથવા કહી ગયા છે, પશ્ચિમની ભાડુતી વિદ્યા મેળવી આપણા કેટલાક લોકો દેશ ને સમાજનો દ્રોહ કેવીરીતે કરી રહ્યા છે, મિશનરીએ એ અહીં કેવી જાળ પાથરી છે, એ વિષે મર્મભેદક ટીકા આ નિબંધોમાં આવતી. વિષ્ણુશાસ્ત્રી સરકારી નોકર હોવા છતાં સરકારને સખતરીતે વખોડી કાઢતા, એટલે એમના ઉપરી અધિકારીઓમાં આ વિષે ખૂબ ચર્ચાઓ થવા માંડી અને ૧૮૭૭માં એમની બદલી રત્નાગિરિ કરવામાં આવી. પણ ત્યાં જતાં પહેલાં જ વિષ્ણુશાસ્ત્રીએ બીજા બે અગત્યના ઉદ્યોગોનો પાયો નાખ્યો હતો.

શંકર તુકારામ શાલિગ્રામ નામના એક માણસ જોડે વિષ્ણુશાસ્ત્રીને પરિચય થયો. શાલિગ્રામને સાહિત્યમાં રસ હતો. થોડું લખતા પણ ખરા. જૂની બખરો અને લાવણીઓ મેળવી એ સંગ્રહી રાખતા. અને એનો સારો જેવો સંગ્રહ થયો ત્યારે એ છપાવવાનો વિચાર એમણે વિષ્ણુશાસ્ત્રીને જણાવ્યો. વિષ્ણુશાસ્ત્રીએ એમને ઉત્તેજન આપ્યું. એવામાં રત્નાગિરિથી કાશીનાથ નારાયણ સાને ને જનાર્દન બાળાજી મોડક આવ્યા. સાનેને પણ જૂનાં હસ્તલિખિતો, બખરો વગેરે મેળવવાનો શોખ હતો. અને એમને લાગ્યું હતું કે જૂનાં પુસ્તકોનું પ્રકાશન કરવાથી આર્થિક લાભ પણ થવાનો. વિષ્ણુશાસ્ત્રી એમની સાથે પણ સહમત થયા. આખરે એવું નક્કી કરવામાં આવ્યું કે અપ્રકાશિત મરાઠી કે સંસ્કૃત કાવ્યો અને ગ્રંથો, તેમજ બખરો અને ઇતિહાસનાં અન્ય સાધનો પ્રકટ કરવા માટે એક માસિક પુસ્તક કાઢવું. બખરો તરફ સાને ધ્યાન આપે, મરાઠી કવિતાનું સંપાદન મોડક કરે ને સંસ્કૃત વિભાગ ચિપળુણકર સંભાળે એવી કામની વહેંચણી થઇ. દેશમાં ફરીને મૂળ ખાતાં હસ્તલિખિતો શોધી કાઢવાનું કામ શાલિગ્રામને સોંપવામાં આવ્યું. છાપખાનાના તેમજ હિસાબ રાખવાના કામ માટે કૃષ્ણાજી રઘુનાથ ફેળકરને રોકવામાં આવ્યા. આ પાંચ જણે પચાસ રૂપિયાની મૂડી આ ધંધામાં રોકવી અને નફે નુકસાન સરખા ભાગે વહેંચી લેવાં એમ નક્કી કરવામાં આવ્યું, અને આ યોજના મુજબ ઈ. ૧૮૭૮થી 'કાવ્યેતિહાસ-સંગ્રહ'ના અંકો બહાર પડવા માંડયા.

એ જ વરસના ઑગસ્ટ મહિનાની વાત. શાલિગ્રામ પાસેથી વિષ્ણુશાસ્ત્રીને ખબર મળી કે જૂનાં ચિત્રો, નકશા, એવી એવી વસ્તુઓના શોખીન એક બાળકૃષ્ણ વાસુદેવ જોશી પૂનામાં રહે છે. વિષ્ણુશાસ્ત્રીને પણ ચિત્રનો શોખ હતો, એટલે એમણે જોશીનો સંગ્રહ જોવાની ઇચ્છા દર્શાવી. જોશી એ વખતે સરકારની ફોટોઝિંકો ઑફિસમાં ડ્રાફ્ટ્સમૅન તરીકે હતા. એમનો ચિત્રસંગ્રહ મોટો હતો અને એમણે એ બધાં ચિત્રો સારી પેઠે મઢાવી લીધાં હતાં. આ સંગ્રહ જોઈ વિષ્ણુશાસ્ત્રી ખુશ થયા. જોશીને અંગ્રેજી મુદ્દલ આવડતું ન હતું અને મરાઠીનો અભ્યાસ પણ એમણે થોડો જ કર્યો હતો, એટલે ઐતિહાસિક અગત્યનાં ચિત્રો તરફ એમની નજર ગઈ ન હતી. વિષ્ણુશાસ્ત્રીએ એમને એવી વસ્તુઓનું મહત્ત્વ સમજાવ્યું ને પૂનામાં એક ઠેકાણે નાના ફડણીસ તથા સવાઈ માધવરાવનાં તૈલચિત્રો કોઈ પરદેશી ચિત્રકારનાં દોરેલાં હતાં તે પરથી જલરંગમાં એમની નકલો કરાવી. જોશી તો ફોટોઝિંકો ઑફિસમાં હતા જ. એમને લાગ્યું કે જેમ નકશા છાપવામાં આવે છે તેમ જ જુદાજુદા રંગોમાં ચિત્રો છાપવાનો પણ પ્રયત્ન થાય તો ? એ વખતે હિંદુસ્તાનમાં આવું કામ ક્યાંય થતું ન હતું, એટલે જોશીએ આ વિચાર વિષ્ણુશાસ્ત્રીને જણાવ્યો. એવું છાપખાનું કાઢવાનું નક્કી કરતાં પહેલાં ખરચ કેટલું આવશે એ વિષે અંદાજ લાવવાનું જોશીને કહેવામાં આવ્યું. છાપકામનાં સાધનો (જેવાં કે યંત્રો, રંગો, કાગળ, પાંચસાત લિથો પત્થરો એ બધાં) ૪૦૦ રૂપિયામાં મળી શકે એમ જોશીએ કહ્યું. પણ જોશી પાસે પૈસા ન હતા. છાપખાનું થાય તો 'કાવ્યેતિહાસ સંગ્રહ'માં ઐતિહાસિક તસ્વીરો મૂકી શકાય એવો વિચાર કરી વિષ્ણુશાસ્ત્રીએ જોશીને જોઈતી રકમ આપી અને પૂનાની આજની જાણીતી સંસ્થા 'ચિત્રશાળા પ્રેસ'ની શરૂઆત આ રીતે થઈ.

વિષ્ણુશાસ્ત્રી રત્નાગિરિ ગયા તો ખરા જ; પણ ત્યાં પ એમના સ્વભાવને લીધે એમને ફાવ્યું નહિ. થોડા દિવસ ઠીક ચાલ્યું, પણ પછી પૂનામાં બનતું તેમ બનવા માંડયું. રત્નાગિરિમાં રહી 'નિબંધમાલા' ચલાવવી એ સહેલું ન હતું. એમના મનમાં રાજીનામું આપી પૂના પાછા જઈ, માસિકનું પ્રકાશન અને ગ્રંથલેખન કરવાના વિચાર ઘણી વાર આવતા, પણ પિતાને એ ગમશે નહિ એ ખ્યાલથી એ વિચારો અમલમાં મૂકી શકયા ન હતા. એટલામાં ૧૮૭૮માં પિતા મૃત્યુ પામ્યા. કુટુંબમાં ઘણા ઝગડા થઇ કુટુંબ વિભક્ત બન્યું અને વિષ્ણુશાસ્ત્રીએ સરકારી નોકરી છોડી દેવાનું નક્કી કર્યું. માસિકની શરૂઆત કરી ત્યારે જેમ એમણે કોઈની સલાહ લીધી ન હતી, તેમ જ આ વખતે પણ તેમણે પોતાના વિચારથી કોઇને વાકેફ કર્યા નહિ. ઘરમાં પણ એમણે કોઈને કહ્યું નહિ. ઉનાળાની રજા સાથે જ અરધે પગારે છ મહિનાની રજા એમણે માગી. આ છ મહિનામાં ભાવિ ઉદ્યોગ વિષે યોજનાઓ કરી શકાશે એમ તેઓ માનતા હતા.

વિષ્ણુશાસ્ત્રીએ રાજીનામું આપ્યું એ વાત એમના મિત્રોને ગમી નહિ અને એમણે એમને ઠપકો આપ્યો. આવા ક્ષણિક અવિચાર માટે એમને આગળ જતાં જરૂર પસ્તાવો થવાનો એમ કેટલાકે કહ્યું. પણ વિષ્ણુશાસ્ત્રીનો નિશ્ચય અચળ હતો. એ વખતે એક મિત્રને એમણે લખેલા અંગ્રેજી કાગળમાં નીચેનાં વાક્યો છે:

No wonder that my throwing up my place has called forth many a remark both here and there. In these days of helplessness and subserviency, Government Service is looked upon as something of a heavenly light, and one deliberately giving it up must consequently be looked upon as a little short of a mad man or a suicide. But for my own part, I have always thought very differently of the matter. Rather than bend the knee to tyranny, I would snap as under the chain once and for ever...... I am resolved to try what might be done for public good with the potent instrumentality of a press establishment worked by a vigorous hand.... I have said, I believe, enough to assure you that it was in no momentary freak that I resolved to bear the chain no longer.

અહીં પૂનામાં જોશીએ ચિત્રશાળામાં ચિત્રો છાપવાના જુદા જુદા અખતરા કર્યા હતા. ઐતિહાસિક પુરુષોની તસ્વીરોની સાથે જ વર્તમાન પુરુષોની તસ્વીરો છાપી શકાય તો ઘણી ખપે એમ જોઇ એમણે એના પણ અખતરા કર્યા. એટલામાં પૂના સરકારી બુક ડીપોમાં મોટી આગ લાગી, ત્યારે વિષ્ણુશાસ્ત્રીને થયું કે આપણા ભણેલા યુવાનો સરકારી નોકરી તરફ જ આકર્ષાય છે એમને એક નવો રસ્તો બતાવીએ તો ? ચોપડીઓ વેચવાની દુકાન કેમ ન શરૂ કરવી ? કૃષ્ણશાસ્ત્રીનાં પુસ્તકો તો હતાં જ. શાલિગ્રામનાં થોડાં પ્રકાશનો પણ હતાં. વળી ચિત્રશાળામાં ચિત્રો છપાતાં હતાં. એ બધાં સાથે ઇગ્લંડથી અંગ્રેજી પુસ્તકો મંગાવી વેચાણ માટે રાખીએ

તો ખોટું નહિ એમ એમને લાગ્યું. એમના મનમાં બીજો પણ એક વિચાર હતો: સ્વતંત્ર શાળા સ્થાપવાનો. શાળા ઉઘાડવામાં આવે અને પુસ્તકોની દુકાન થાય તો ઘરાકી તરત જ મળે એમ હતું. એટલે જુલાઈ મહિનામાં એમણે શાસ્ત્રિમાળ સાથે અરધો ભાગ રાખી બુધવાર પેઠમાં 'કિતાબખાના'ની શરૂઆત કરી.

નવી નિશાળ ઉઘાડી સરકારી નિશાળોમાં મળતા શિક્ષણથી જુદું શિક્ષણ આપવાનો વિષ્ણુશાસ્ત્રીનો વિચાર હવે મૂર્ત સ્વરૂપ પામવા માંડ્યો. એમનું રાજીનામું સરકારે સ્વીકાર્યું ત્યારે પૂનામાં આ વાત જાહેર રીતે ચર્ચાવા માંડી અને ડેક્કન કૉલેજમાંથી તાજા જ પાસ થએલા કેટલાક યુવાનોને આ વિચાર એટલો તો ગમ્યો કે તેમણે વિષ્ણુશાસ્ત્રીને સહકાર આપવાની પોતાની ઇચ્છા જાહેર કરી. વિષ્ણુશાસ્ત્રી એ વખતના એક ખાનગી પત્રમાં લખે છે:

The memorable lst of October is approaching I shall enjoy the pleasure of kicking off my chains that day. Mr. Agarkar (going for M. A.), Mr. Tilak (going for LL. B.) Mr. Bhagwat and Mr. Karandikar have tendered proposals for joining me in the enterprize. This they have done of their own ac:ord.

કહેવાની જરૂર નથી કે આમાં ઉલ્લેખ થયો છે તે આગરકર અને ટિળક આગળ જતાં મહારાષ્ટ્ર અને ભારતના બે પ્રખર જ્યોતિર્ધરો તરીકે ઓળખાયા.

અને આમ, ૧૮૮૦ની પહેલી જાન્યુઆરીએ, ભારતની કેળવણી-ના ઇતિહાસમાં આધુનિક યુગમાં સ્વતંત્ર શિક્ષણનો પહેલો પાયો નાખનારી પૂનાની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલની શરૂઆત થઈ. આરંભથી જ વિદ્યાર્થીઓની સંખ્યા સારી હતી. શિક્ષકો પણ વિદ્વાન મળ્યા હતા, જેમાં વામન શિવરામ આપટે—સંસ્કૃતના કોશકાર—મુખ્ય હતા. પ્રતિદિન શાળાની પ્રગતિ થવા માંડી અને મહારાષ્ટ્રમાં એની કીર્તિ પણ વધી. આજે પણ પૂનાની શ્રેષ્ઠ શાળાઓમાં એની ગણના થાય છે.

ચિત્રશાળાપ્રેસમાં માત્ર ચિત્રો જ છપાતાં, એટલે વિષ્ણુશાસ્ત્રીને હવે પુસ્તકો છાપવાના છાપખાનાની આવશ્યકતા જણાવા માંડી, અને મિત્રો સાથે વિચારવિનિમય કરી એમણે 'આર્યભૂષણ' છાપખાનું સ્થાપ્યું. છાપખાના સાથે વર્તમાનપત્ર પણ જોઈએ જ. પહેલાં એમનો વિચાર હતો કે અંગ્રેજી-મરાઠી એવું દ્વૈભાષિક છાપું ચલાવવું. પછી લાગ્યું કે એક મરાઠી અને એક અંગ્રેજી એમ બે છાપાં ચલાવવાં. થોડા જ વખતમાં 'કેસરી' અને 'મરાઠા'ના પ્રકાશન વિષે જાહેરાતો થઈ. જાહેર ખબર નીચે વિષ્ણુશાસ્ત્રીનું નામ પહેલું હતું અને ટિળક, આગરકર, આપટે એવાં નામ પછી હતાં.

બત્રીસ વર્ષની નાની ઉંમરમાં વિષ્ણુશાસ્ત્રીએ આટલી બધી સંસ્થાઓ સ્થાપી. હજી પણ બીજા ઘણા ઉદ્યોગો શરૂ કરવાની એમની આકાંક્ષા હતી, પણ એમના અકાળ મૃત્યુને લીધે તે ધૂળમાં મળી ગઇ.

૧૫મી જાન્યુઆરી ૧૮૮૨ને દિવસે મિત્રોના આગ્રહને વશ થઈ તે ફોટો પડાવવા એક ફોટોગ્રાફરને ત્યાં ગયા. ત્યાં થોડી વાર તડકામાં ઊભા રહેવું પડ્યું, અને તેઓ બેભાન થઈ નીચે ઢળી પડ્યા! બે દાંત ઘવાયા અને કાનમાંથી લોહી વહી આવ્યું. આ જોઈ બધા ગભરાયા. બે દિવસ પછી રોજ થોડો તાવ રહેવા માંડ્યો અને અશક્તિ વધી. તેમણે શાળામાંથી તો રજા લીધી હતી, પણ 'નિબંધમાલા' અને 'કેસરી' માટે લેખન ચાલુ જ હતું. આ જોઇ કેટલાકને લાગ્યું કે વિષ્ણુશાસ્ત્રી માંદા હોવાનો ઢોંગ કરે છે! લોકો બહુ ટીકા કરે નહિ એ ખાતર ૯મી માર્ચે તેઓ શાળામાં ગયા પણ જિંદગીમાં લાગ્યો ન હતો એટલો થાક તેમને તે દિવસ લાગ્યો અને તબિયત લથડતી ચાલી. ૧૫મીએ એક વૈદની દવા કરી, કારણ કે વિષ્ણુશાસ્ત્રીને ડૉક્ટરની દવા ગમતી નહિ. આખરે તાવ પુષ્કળ વધ્યો ત્યારે ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ૧૦૭ ડિગ્રી જેટલો તાવ હતો. ડૉક્ટર દવા લખી આપતા હતા ત્યાં વિષ્ણુશાસ્ત્રી ભાનમાં આવ્યા અને ડૉક્ટરને જોઇ બોલ્યા: I won't take your medicine. I shan't b. poisoned! Take care...' આ સાંભળી ડૉક્ટરે પણ આશા મૂકી દીધી. ૧૭મી માર્ચ ૧૮૮૨ને ગુરુવારની સવારે સાડા પાંચ વાગ્યે તેમનું મૃત્યુ થયું. આ સમાચાર સાંભળી ન્યાયમૂર્તિ રાનડે રડી પડ્યા અને સાશ્રુનયને એમણે કહ્યું: 'He had no business to die so soon.'

વિષ્ણુશાસ્ત્રીએ શરૂ કરેલું ચિત્રશાળા પ્રેસ, આર્યભૂષણ છાપખાનું, કેસરી પત્ર, ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ ને કિતાબખાના જેવી સંસ્થાઓ આજ છ-સાત દાયકાથી મહારાષ્ટ્રનું સ્વતંત્ર સંસ્કારજીવન ઘડતી આવી છે અને આજે ય મહારાષ્ટ્રના જીવનમાં અગત્યના ભાગ ભજવે છે. સાહિત્યકાર તરીકે તો તેઓ સર્વકાળ પૂજ્ય ગણાશે. એમને પોતાની શક્તિ વિષે ઘણું જ અભિમાન હતું. એક વાર પોતાના ભાઇને એમણે કહેલું પણ ખરું કે: I am the Shivaji of the Marath language, who had not his equal either to preced or to succeed him.'

આ ટૂંકા ચરિત્રમાં વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકરના સાહિત્યનો પરામર્શ લેવાનો અવકાશ નથી. વિવેચન કે મૂલ્યાંકનનું આ સ્થળ પણ નથી. પશ્ચિમની સંસ્કૃતિ જોઇ જે લોકો સ્વત્વ ભૂલી ગયા હતા એમને પોતાની કલમની બહાદુરીથી સભાન કરવા એ નાનુંસૂનું કામ નથી. મહારાષ્ટ્રમાં ભાષાસંવર્ધન અને ઇતિહાસ સંશોધન એ બે કાર્ય શરૂ કરવાનું શ્રેય એમનું છે. 'નિબંધમાલા'એ ઘણી વ્યક્તિઓને દેશસેવા અને સાહિત્યસેવાની પ્રેરણા આપી. નવલકથાકાર હરિ નારાયણ આપટે, ઇતિહાસાચાર્ય રાજવાડે, શિવરામ મહાદેવ પરાંજપે, અને નરસિંહ ચિંતામણ કેળકર જેવા પ્રતિભાવંત લોકોનું સ્ફૂર્તિસ્થાન વિષ્ણુશાસ્ત્રી જ હતા.

સામયિક (અનુ૦ પૃ૦ ૩૪૧થી ચાલુ) શું થઇ ગયું? એ બધું જો વડાપ્રધાનની ફરજોમાંના હોય તો શું અમારી ફરજમાં છે? અમારી સાઈકલોની સંભાળ શું અમે, પ્રજાસત્તાકની પ્રજા રાખીએ? ટ્રેનના પંખા બગડે નહિ, એની સંભાળ શું અમે રાખીએ?...કેમ ખોટું કહું છું?

પહેલાં વાતો કરનારા ચૂપ થઈ ગયા. બાકીનાઓ હસી પડ્યા. સરકાર શું કરે છે એમ પછી કોઈ બોલ્યું નહિ.

'ત્યાં મારી નજર બારણા જોડેની સ્વિચ પર પડી. ઉઠીને મે સ્વિચ ચાલુ કરી અને પંખો ઘર્રર્રર્ર કરતો ચાલુ થઈ ગયો!

એ તો ઠીક થયું કે અચાનક મારી નજર સ્વિચ પર પડી ગઇ અને મેં પંખો ચાલુ કર્યો. પણ નહિ તો ય સરકારની ફરજ નહોતી કે આવીને અમને સ્વિચ બતાવી જાય?—બકુલ ત્રિપાઠી (લોકનાદ)

'કુમાર'ના ચિરપરિચિત બંગાળી લેખક શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાય જણાવે છે કે તેમણે તેમની 'વિષેર ધોંયા', 'ચીડેર બંદી' 'વિષકન્યા', 'વ્યોમકેશેર ડાયરી', 'વ્યોમકેશેર કાહિની', 'શ્રેષ્ઠ ગલ્પ' વગેરે સર્વ કૃતિઓ તથા નવલિકાઓ અને ટૂંકી વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરવાના તેમજ તેના પ્રકાશનના સર્વ અધિકાર શ્રી રમણિક મેઘાણીને આપ્યા છે; એટલે એમના સિવાય અન્ય કોઇ પણ જો એ વિષે કંઇ પ્રવૃત્તિ કરશે તો તે ગ્રંથસ્વામિત્વના અધિકારનું ઉલ્લંઘન કરવા માટે જવાબદાર ગણાશે.



તિલોત્તમા

અર્પણનું મૌન જ્યારે શંખધ્વનિ કરે છે . . . . ★

'વનફૂલ'ની બંગાળી વાર્તા ઉપરથી

અનુવાદક · લક્ષ્મીકાન્ત ઠાકોર

માણસના જીવનમાં કોઇકોઇ વાર એવું એક નાટકીય મુહૂર્ત આવે છે, કે બધો હિસાબ, બધી જ વ્યવસ્થા એકાએક ક્ષણમાં બદલાઇ જાય છે. ઉત્તરવાહિની નદીના સ્રોત સહસા દક્ષિણ-વાહી બની જાય છે; તુંગ પર્વત અકસ્માત ગંભીર ખીણમાં પલટાઇ જાય છે. સાધારણ માણસના જીવનમાં પણ એવું બધું બને છે. એને માટે રામ અગર રાવણ થવાની જરૂર નથી.

નકુલ નંદી સાધારણ માણસ હતો. તેનો પુત્ર ગોકુલ પણ કંઈ અસાધારણ નહોતો. બીજા પાંચ જણની જેમ તે પણ બી. એ. પાસ કરીને, અહીંતહીં અડ્ડો જમાવીને, પત્તાં રમીને, બિનધંધાદારી રંગ-ભૂમિમાં અવેતન કલાકાર તરીકે અભિનય કરીને, રાજનીતિ અથવા સાહિત્યના સંપર્કમાં માથું મારીને–અર્થાત્ એક રીતે નકામો–સમય પસાર કરતો હતો. કુળવાન માણસોનાં જેમ વણમાગ્યાં વિવાહનાં માગાં આવે છે, તેમજ ગોકુલનાં પણ માગાં આવવા લાગ્યાં. વિવાહના બજારમાં ગોકુલ સુપાત્ર ગણાતો. શહેરમાં એક ત્રણ માળનું મકાન, પિતાની તિજોરીમાં સારા જેવા પૈસા, અને મોસાળની જે કંઈ મિલકત હતી તે, એ બધાંને લીધે કોઇ કાળે ગોકુલને પેટને માટે નોકરી ઉપર નિર્ભર રહેવું પડે તેમ નહોતું. ભગવાને તેને જે આપ્યું હતું, તેમાં સ્વચ્છંદે તે સમગ્ર જીવન, બિનધંધાદારી રંગભૂમિમાં, રસિયાના પાત્ર તરીકે ઊતરીને, નાટ્યકલાની ઉન્નતિ સાધી શકે એમ હતું!

વિવાહનાં માગાં આવવા લાગ્યાં. પિતા નકુલ નંદી અનુભવી માણસ હતા. કાયસ્થ વંશ, કન્યાનું રૂપ, વાંકડાની રકમ, બધી જ બાબતોનો વિચાર કરીને નંદી મહાશયે જે કન્યાને પસંદ કરી, તેનું બોલાવવાનું નામ તિલુ, પણ સાચું નામ તિલોત્તમા હતું. નંદી મહા-શય અનુભવી માણસ, એટલે પુત્રને ન મોકલતાં પોતે જ કન્યા જોવા ગયા અને પસંદ કરી આવ્યા. નામ સાંભળીને ગોકુલ મુગ્ધ થઈ ગયો. મનમાં ને મનમાં તેની છબિ આંકવા લાગ્યો. કાવ્યની તિલોત્તમા તેની આગળ કંઇ વિસાતમાં નહોતી.

પણ શુભદૃષ્ટિના સમયે •તે ગભરાઇ ગયો. તિલોત્તમા જ ખરી! તેલના જેવી જ કાળી અને ગોળ. ઝીણીઝીણી આંખોમાં બીકણ અને શંકિત દૃષ્ટિ. લગ્ન સમયના ગીતધ્વનિ, શંખધ્વનિ, કોલાહલધ્વનિ, પીરસવાના ધ્વનિ, જાતજાતના ધ્વનિ તેને પીડા કરવા લાગ્યા. પરંતુ કોઇ ઉપાય નહોતો.

પિતા નકુલ નંદી પણ ગભરાઈ ગયા. તેમણે વેવાઇને જેવો સારો માણસ માન્યો હતો, તેવો તે નહોતો. હાથ મસળતાં મસળતાં એક પછી એક બાબત હેં હેં હેં હેં કરીને ટાળતો હતો: અર્થાત્ એક પણ વચન પાળતો નહોતો. વાંકડામાં નગદ પાંચસો રૂપિયા પણ ઓછા આપ્યા હતા. તે કહેતો હતો, 'અત્યારે બધાની જોગવાઈ થઈ શકી નથી; બાકીના રૂપિયા પાછળથી પૂરા કરી આપીશ.' કન્યાદાનમાં જે કાંઈ આપ્યું હતું, તે સાવ નકામું હતું. ચૂંદડીનો રંગ ઊતરતો જતો હતો. રિસ્ટવૉચ કલકત્તા ઑર્ડર આપવા છતાં હજુ આવ્યું નહોતું. વીંટી સોનાની હતી કે નહિ તે કોણ જાણે–જોતાં તો પિત્તળની જણાતી હતી. પોતે છેવટે એક ઉઠાઉગીર સાથે જ સંબંધ બાંધી બેઠા કે શું? લગ્ન નક્કી કરતાં પહેલાં તેમણે જે જે માગણીઓ મૂકી હતી, તે બધી એણે રાજી થતાંથતાં હાથ મસળતાં મસળતાં માથું હલાવી હા પાડી હતી. માગણીઓ તો જોકે જરાક સારીરીતે પૂરી કરી હતી; પરંતુ આ કદરૂપી છોકરીને પુત્રવધૂ તરીકે તેઓ કેમ સ્વીકારશે? બધી ય ચીજોનો હિસાબ તો હોય જ ને? પરંતુ આ કેવો પ્રસંગ! એવા અતિ વિનયી માણસ પાસેથી આવા વ્યવહારની કદી પણ આશા રાખી હતી? ઘરમાંથી પણ ઘણી ગાળો ખાવી પડી. ગોકુલની મા વારંવાર બોલતી હતી કે, 'બીચારા બેભાન હતા. નહિ તો કોઈ સભાન માણસ પોતાના પુત્રને માટે આવી ડાકણને વહુ તરીકે લાવે?' 'છટ્ છટ્!' નકુલ જૂઠું બોલીને છૂટી ગયા: 'આ છોકરી મને બતાવી જ નહોતી. મેં જે છોકરી જોઈ હતી, તેનો તો લાલ ચટક રંગ, નિતંબ સુધીના લાંબા કેશ, સુંદર આંખો, સુડોળ ઘાટ હતો. ચોર—ચોર, ઉઠાઉગીર, બદમાશ બેટો! છોકરાને હું બીજી વાર પરણાવીશ' બધાંએ એમાં સાથ પુરાવ્યો; એટલું જ નહિ પણ ગોકુલ સુદ્ધાંએ સાથ પુરાવ્યો.

તિલોત્તમા સાથે મુલાકાત થઈ નહિ તો શું? ગોકુલ તેની એકે બા-બત પર લક્ષ નહોતો આપી શક્યો એમ નથી. તિલુ ઘણી સારી છોકરી હતી. કાળા રીંગણા જેવા તેના મોં પર ભલમનસાઇ તરવરતી હતી. શરમાળ પણ ઘણી હતી. અનેક પ્રયત્નો થયા પછી જ તેની સાથે મુલાકાત થઈ હતી. મુલાકાત કરીને તે અવાક્ થઇ ગયો હતો. તેના બાપને બધાંએ એટલી તો ગાળો દીધી હતી! છતાં તે તરફ તે લક્ષ સરખું યે આપતી નહોતી. જેમ સવારમાં સૂર્ય ઊગતાં કે વર્ષામાં વરસાદ વરસતાં કોઈ વિસ્મિત કે વિચલિત થતું નથી, તેમજ આ બાબતમાં તે પણ થઈ નહોતી. વિવાહના પ્રસંગોમાં આવું તો બન્યા જ કરે, એમાં નવાઈ પામવાની કે નારાજ થવાની કંઈ જરૂર નથી.

નકુલ નંદી પોતાના સંબંધમાં જે ખોટું બોલ્યા હતા, તેનો પ્રતિ-વાદ તે ધારત તો કરી શકત. પરંતુ તેણે તેમ કર્યું જ નહિ. સંકોચ સહ મૂગી રહી. ગોકુલને સ્વામી રૂપે પામીને તે કૃતાર્થ થઈ હતી. અકારણ વાદ-પ્રતિવાદની શી જરૂર? તે દરેક ક્ષણે અનુભવતી જ હતી કે પોતે ગોકુલને માટે અયોગ્ય, અનધિકારી રહીને પણ ભાગ્યબળે સુખ-સ્વર્ગમાં પ્રવેશ કર્યો હતો. કલહ-કોલાહલ કરીને આ આનંદલોકમાંથી નિર્વાસિત થવા તે ચાહતી નહોતી.

ગોકુલે કહ્યું, 'બા-બાપા કહે છે, બીજી વાર મારું લગ્ન થશે.'

તિલુ મૂગી રહી.

'જવાબ આપતી નથી કે?'

'બહુ સારું. હિંદુઓના ઘરમાં એમ જ હોય.'

'તને દુઃખ થશે, નહિ?'

'મને? ના.'

•લગ્ન વખતે પતિપત્નીનું મુખદર્શન કરાવવાનો બંગાળી રિવાજ.

થોડી વાર મૂગી રહ્યા પછી ફરી વાર તેણે કહ્યું, 'થશે; પણ તમને જો તેમાં સુખ થાય તો તે દુઃખ સહન કરીશ.'

ગોકુલના મનમાં થયું, આ અભિમાનની વાત છે. તે બોલ્યો નહિ

એક વરસ વીતી ગયું. તિલ્લુના મોહમાંથી મુક્ત થવા માટે એક વર્ષનો સમય પૂરતો હતો. નથી જાણતી લખતાં-વાંચતાં, નથી જાણતી ગાવાવગાડવાનું, નથી જાણતી હાવભાવ, નથી રૂપ, નથી ગુણ. ગુણમાં ભગરી ભેંસની જેમ વેતરું કરી જાણે. ઢગલાના ઢગલા વાસણ માંજી જાણે, થોકેથોક લૂગડાં ધોઈ જાણે. કટાક્ષ નથી. મા તેને રસોડામાં પેસવા દેતી નહોતી, તે બહારનાં જ કામકાજમાં રચીપચી રહેતી. આકાશમાં ચંદ્ર ઊગે કે નહિ, બકુલવનમાં બપૈયા બોલે કે નહિ, એ બધાંની ભાળ રાખવી તે તેની શક્તિ બહારની બાબત હતી.

કવિ-પ્રકૃતિનો નાટયકાર ગોકુલ મુંઝાઈ ગયો; અને છેવટે તેણે સુકાન છોડી દીધું. એકાદી નોકરડી સાથે પ્રેમ ક્યાં સુધી કરી શકાય?

'ચંદ્રગુપ્તનું'નાટક ભજવવાનું હતું. સેલ્યુકસ અને ઍન્ટેગોનસનો અભિનય કરનારા મળ્યા હતા, પરંતુ પોશાક મળતો નહોતો. ગ્રીક પોશાક ખરીદવા માટે ગોકુલ કલકત્તા જતો હતો. સ્ટેશન પર ટિકિટ કરાવવા જતાં જોયું તો, એક વિધવા ભીડમાં ઘણી મુશ્કેલીમાં આવી પડી હતી. પોતાનાં પેટીપોટલાં સંભાળીને તે કોઈ પણ રીતે ટિકિટ કરાવી શકતી નહોતી. માણસો ચારે તરફ કરીને તેને પાછળ હઠાવતા હતા. ગોકુલે તેને મદદ કરી. ટિકિટ લાવી આપી. તે પણ કલકત્તા જતી હતી. તેની સાથે કોઈ પણ મરદ સથવારો નહોતો, એટલે ગોકુલને તે ભાર પણ લેવો પડ્યો. ગોકુલના ડબ્બામાં તે ચડી. ગોકુલે પોતે અગવડ વેઠીને, એટલું જ નહિ પણ એક પૅસેન્જર સાથે તકરાર કરીને તેને સૂવાની વ્યવસ્થા કરી આપી. પ્રૌઢા મુગ્ધ થઇ.

ડબ્બો ધીમેધીમે ખાલી થઇ ગયો. પ્રૌઢાએ પોટલીમાંથી પાન બહાર કાઢીને ગોકુલને એક આપ્યું, પોતે પણ એક લીધું. ત્યાર પછી એક ચકચકિત રૂપાની ડબ્બીમાંથી તંબાકુ પણ બહાર કાઢી. ગોકુલે તે લીધી નહિ. તેને ટેવ નહોતી. પ્રૌઢાએ હસતે મોંએ પોતાના મોંમાં થોડી નાખીને કહ્યું, 'જ્યારે નસીબ ફૂટ્યું, ત્યારે એક પછી એક બધું જ છોડવું પડ્યું, પણ માત્ર આ છોડી શકી નથી, બાપુ.' એમ કહી સહેજ હસીને બારીમાંથી મુખ લંબાવીને તેણે બહાર પિચકારી મારી. વાતચીત શરૂ થઇ ગઈ.

ઘણી લાંબી વાતચીત ચાલી. એ દરમિયાન પેટની બધી જ વાત જાણી લીધી. ગોકુલે પણ મન મૂકીને બધી જ વાત કરી નાખી. કંઇપણ છુપાવ્યું નહિ, છુપાવી શક્યો પણ નહિ; એટલું જ નહિ છુપાવવાની જરૂરિયાતનો પણ અનુભવ કર્યો નહિ. અર્થાત્ ગોકુલ પણ મુગ્ધ થઈ ગયો હતો. બધું સાંભળીને પ્રૌઢાએ કહ્યું, 'તમે ફરી વાર લગ્ન કરવાનું કહો છો, તો કન્યાનું ક્યાં યે નક્કી કર્યું છે ખરું?'

'હજી કંઇ નક્કી કર્યું નથી.'

'મારી વાતની ફરિયાદ નહિ જાય જ નહિ. ઉષા તેવી છોકરી નથી. તેને વાંચતાંલખતાં, ગાતાંવગાડતાં બધું જ શીખવ્યું છે, પરંતુ આજકાલની છોકરીઓની જેમ તેને સ્વચ્છંદી થવા દીધી નથી શી ? એક સ્ત્રી હોવા છતાં પણ તું જ્યારે ફરીથી લગ્ન કરવા માગે છે, ત્યારે તે સ્ત્રીનો ત્યાગ જ કરીશ એવો નિશ્ચય કર્યો જ હશે. હાં, શું કહે છે?'

'તે તો બરાબર જ છે.'

'તો તે સ્ત્રી હોય તોયે શું, ન હોય તોયે શું. હાં,—શું કહે છે?'

'તે તો બરાબર જ છે.'

ઉષા ઉષા નથી, મધ્યાહ્ન છે. પ્રખર સૂર્યનાં કિરણોથી પ્રદીપ્ત સ્વર્ણ કાન્તિ તેના સર્વાંગે ઝગમગે છે. આંખમાં-મુખમાં, ચાલમાં-બોલમાં, હાસ્યમાં-કટાક્ષમાં, વિદ્યુત છે. સતારમાં આવો ગૌડ સારંગનો આલાપ ગોકુલે બીજે ક્યાં ય સાંભળ્યો નહોતો, હાસ્યને પડદે પડદે આવી તાનની રમત તેની કલ્પના બહારની હતી.

ગોકુલ ભાન ભૂલી ગયો.

એ મહિનામાં જ લગભગ બધું બરાબર થઈ ગયું. ઉષાને લઇને ઉષાની માએ આવીને ગોકુલના ઘર પાસે એક ઘર ભાડે લઈને ગોકુલનાં માબાપ સાથે વાતચીત ચાલુ કરી દીધી. ઉષાને જોઈને ગોકુલની મા કેવળ મુગ્ધ થઈ નહોતી—ભાન જ ભૂલી ગઈ હતી. ગોકુલના પિતા પણ રૂપિયાનો આંકડો જોઈને ભાન ભૂલી ગયા હતા. એની સાથે લગ્ન-સંબંધ બંધાય તો નગદ દસેક હજાર રૂપિયા, ઘણા દરદાગીના અને નાની સરખી એક જાગીરદારી ઘેર આવશે. જોકે એમણે ખાનગી તપાસ કરતાં જાણ્યું કે ઉષાની માના નામે એક કલંક હતું, તેને લીધે તેની છોકરીનો વિવાહ થતો નહોતો. પરંતુ તે જાણવા છતાંયે નકુલ નંદી ચળ્યા નહિ. માત્ર તેની ઉપેક્ષા કરી એટલું જ નહિ, પણ ઘરનાં બીજાં કોઇને જાણવા સુદ્ધાં દીધું નહિ. રખેને વિવાહ તૂટી જાય.

ઉષાએ એક શરત કરી, અને તે શરતમાં પણ ગોકુલ, ગોકુલની મા, બાપ બધાં જ રાજી થયાં. લગ્ન પછી તિલોત્તમાને કાયમને માટે એના બાપને ઘેર મોકલી દેવી પડશે.

રાત્રિનો બીજો પ્રહર હતો.

નિદ્રાવિહોણાં નયને ગોકુલ એકલો બિછાનામાં જાગે છે. કાલ સવારમાં જ ઉષાની મા તેને ચાંલ્લો કરવા આવશે. અરે! તિલોત્તમા તો હજી પણ આવી નહિ! આવો પ્રસંગ બની ગયો, છતાં તિલોત્તમા એક પણ શબ્દ બોલતી નથી. તે પાસાં ફેરવવા લાગ્યો. હમણાંહમણાં તિલોત્તમા બધાં કામ પરવારીને છેક મોડી રાત્રે આવે છે ને વહેલી સવારે ઊઠીને જાય છે. તેની મુલાકાત પણ મુશ્કેલ હતી. ગયા વીસ-પચ્ચીસ દિવસમાં એક પણ વાર તેની સાથે એકાંતમાં મુલાકાત થઇ નહોતી; આ સંબંધી કોઈ પણ ચર્ચા થઇ નહોતી. પોતે એક વાર પૂછવું તો જોઇએ જ. ગોકુલ પ્રતીક્ષા કરવા લાગ્યો.

બીજું એક પાન અને થોડીક તંબાકુ મોંમાં નાખીને પ્રૌઢાએ કહ્યું, 'જો બાપુ, તો બધી વાત તને ખુલ્લી કહું. મારે એક છોકરી છે. એના જન્મ પછી જ હું વિધવા થઇ. કોઈ સારો છોકરો શોધું છું. તું તો મારા ગોળનો જ છે; મને પસંદ પણ પડયો છે; મારી છોકરીમાં પણ કંઇ મણા નથી; જો કહે તો...'

ગોકુલે આ આશા રાખી નહોતી. શું બોલવું તે ન વિચારી શક્યો.

'ઉષાને પહેલાં તું જો. તને જો પસંદ પડે, તો—'

ઍં ઍં કરતાં ગોકુલે કહ્યું, 'મારે એક સ્ત્રી છવિત ' વાત જાણ્યા પછી આપની છોકરી કદાચ વાંધો લે તો?'

એકાએક ગોકુલની ઊંઘ ઊડી ગઈ. જોયું, તો તિલોત્તમા સસંકોચ ઊઠીને જાય છે. સવાર થઇ ગયું હતું.

'સાંભળ, સાંભળ.'

'શું છે?'

'આજે ચાંલ્લા છે, યાદ છે ને?'

'છે.'

'જો; તને વાંધો નથી ને?'

'ના.'

'લગ્ન પછી તરત જ તને તારા બાપને ઘેર મોકલી દેવાનું કહે છે;—એ વાત સાંભળી છે ને?'

'સાંભળી છે. તો જઇશ. તમે કદીકદી દયા કરીને આવતા રહેશો, તો તેટલાથી જ મને સંતોષ છે. હું જાઉં, મારે ઘણું કામ પડયું છે.'

તે ચાલી ગઇ.

ગોકુલ થોડી વાર સુધી દિગ્મૂઢ બની પથારીમાં પડી રહ્યો. પછી ઊઠીને બેઠો થયો. ત્યાર પછી પલંગમાંથી ઊતરીને બારી પાસે જઇને ઊભો. જોયું, તો તિલોત્તમા ભોંય પર બેસીને વાસણ માંજતી હતી.

વિવાહની સાધનસામગ્રી લઇને ઉષાની મા આવી પુષ્કળ સામગ્રી હતી. એક મોટી ફૂલની માળા પણ લાવી હતી. જરાક હસીને કહ્યું, 'ઉષાએ આખી રાત બેસીને પોતાના હાથે આ માળા ગૂંથી છે.'

ગોકુલ સ્નાન કરી આવ્યો. જાજમ પાથરવામાં આવી હતી. માળા પહેરીને ગોકુલ પાટલા પર બેસવા જતો હતો, એવામાં ગોકુલની માએ કહ્યું, 'અરે શંખ કોણ વગાડશે ?* મારા હોઠમાં વળી એક કાપો પડયો છે. ઓ વહુમા ! કયાં ગઇ તું ? શંખ વગાડો ?'

શંખ હાથમાં લઇને સસંકોચ તિલોત્તમા બારણા પાસે આવીને ઊભી. શંખ વાગતાં જ ગોકુલને પગના નખથી માંડીને તે માથાના વાળ સુધી જાણે એક વીજળીનો આંચકો લાગ્યો. જાણે અકસ્માત



વજ્રના આઘાતથી બધું જ છિન્નભિન્ન થઈ ગયું.

'મને માફ કરશો!' એટલું બોલી, બંને હાથે માળા તોડી નાખીને તે ઉતાવળે પગલે ઉપર ચડી ગયો.

* બંગાળમાં મંગલ પ્રસંગે ઘરની સ્ત્રીઓ શંખ વગાડે છે.

ચીની વાતો

એક બૌદ્ધ સાધુએ કરેલા ગંભીર અપરાધના કારણે એ ગામનો સિપાઇ તેને બાંધીને શહેરમાં લઇ જવા ઊપડયો. અરધે રસ્તે એ પાણી પીવા રોકાયો અને ત્યાં જ થાકથી આંખ ઘેરાવા માંડતાં આડે પડખે પડીને થોડી વારમાં તો ઘસઘસાટ ઊંઘી ગયો.

એને ઊંઘી ગએલો જોઇને બૌદ્ધ સાધુએ હળવેકથી પોતાની બેડીની ચાવી સરકાવી લીધી અને પોતાના પગેથી કાઢીને સિપાહીને પગે પહેરાવી દીધી; તથા પોતાની પાસેના સજ્જદાર ચપ્પુથી એનું માથું પણ મૂંડી નાખી રફૂચક્કર થઈ ગયો.

સિપાઇએ જાગીને જોયું તો સાધુ નજરે ન પડયો. પોતાના પગે બેડી પડેલી જોઇને મૂંઝવણમાં માથું ખંજવાળવા માંડયું. માથું પણ સાધુ જેમ મુંડાએલું જોઇ એ બોલી ઊઠયો :'અરે, સાધુ તો આ રહ્યો, પણ હું કયાં ગયો ?'

રણમાં ખાબોચિયું

એક મોટું રણ હતું. તે રણમાં એક વખત એક કરોડપતિ શ્રીમંત, એક ચિત્રકાર અને એક વિજ્ઞાનશાસ્ત્રી, એમ ત્રણ મુસાફરો ઊંટ પર બેસી મુસાફરી કરતા હતા. સવારમાં તો તેમણે ભાતામાં આણેલ પૂરી ને થર્મોસમાં રાખેલ ચ્હાનો નાસ્તો કર્યો હતો.

પણ મધ્યાહ્ન થયો એટલે ભૂખ અને તરશ તેમને સતાવવા લાગ્યાં, પરંતુ રણનો છેડો કયાં ય દેખાતો નહોતો. પાણીની શોધ કરતાં તેમને એક નાનું ખાબોચિયું નજરે પડયું.

ત્રણે મુસાફરો ત્યાં ઊતરી પડયા અને ખાબોચીયા સામે જોઈ વિચારવા લાગ્યા. તરશ તો હતી, પણ તેની તૃપ્તિમાં સ્વમાન આડે આવતું હતું.

શ્રીમંતે પહેલાં કહ્યું, 'મારે ત્યાં બગીચામાં નાની એવી પુષ્કરણી છે તે પણ આના કરતાં દસ ગણી મોટી છે. આને તે કોઈ તળાવડી કહે ? ગંદુ ખાબોચિયું છે. કોઈ સિન્ધુ જેવી નદીને કિનારે આપણે પહોંચ્યા હોત તો પણ ઠીક હતું. પ્રોફેસર સાહેબ, આ પાણી પીવા માટે લાયક ખરું ?'

શ્રીમંતના પ્રશ્નની આગમચ જ વિજ્ઞાનશાસ્ત્રીએ તેમની કાચની નળીઓ અને રસાયણના મિશ્રણો તૈયાર કરી પાણીના નમૂના ઉપર પ્રયોગ કરવો શરૂ કરી દીધો હતો.

ચિત્રકારે પોતાનો અભિપ્રાય આપ્યો : 'ચિત્રને યોગ્ય પણ આ દશ્ય નથી. મોટાં તાડનાં ઝાડ, લીલોતરી કે થોડાં ફુલઝાડ એવું કાંઈ પણ તત્ત્વ ચિત્રની પશ્ચાદ્ભૂમિ સર્જવા યોગ્ય અહીં નથી. છે ફક્ત ખજૂરીનું નાનું એક ઠૂંઠું અને આ ખાબોચિયું !' તેણે ઘૃણાથી ખાબોચિયા તરફ જોયું: 'જરાક ઠીક સ્થળ હોત તો એકાદ સરસ દશ્યચિત્ર હું સર્જી કાઢત. પણ આ ખાબોચિયું ?'

વિજ્ઞાનશાસ્ત્રીનો પ્રયોગ પૂરો થયો અને તેણે કહ્યું, 'આ પાણીમાં જિંદગીને નુકસાન થાય એવાં જલદ તત્ત્વો તો નથી, પણ પાણી પીવાને યોગ્ય ન ગણાય.' અને તેણે પાણીનું પૃથક્કરણ કરતાં તેમાંથી જણાએલ દ્રવ્યના ટકાઓ કહી બતાવ્યા, જે યાદ રહી શકે તેવા નહોતા. પૃથક્કરણ બહુ જ વિગતવાળું અને સ્પષ્ટ હતું.

હવે ત્રણે જણ સૂર્યના પ્રચંડ તાપે અકળાઇ ખજૂરીના ઠૂંઠાના છાંયડે સંકોડાઇને બેઠા.

આખરે શ્રીમંતે પોતાના ખલતામાંથી સોનાનો પ્યાલો કાઢયો અને ઊભા થતાં કહ્યું, 'મને તો ખૂબ તરશ લાગી છે. ગમે તેવું પાણી હશે તો પણ ચાલશે.'

'મારો તો તરસથી કંઠે પ્રાણ આવ્યો છે. હું પણ થોડુંક પાણી પી લઉં.' ચિત્રકારે પણ ઊઠતાંઊઠતાં કહ્યું.

'મેં કહ્યું હતું ને, કે પાણીમાં જિંદગીને નુકસાન કરે તેવું તીવ્ર તત્ત્વ કોઈ નથી. મને પણ તરસ લાગી છે. હું યે જરા તબિયતના ભોગે પણ પાણી પીશ. તદ્દન પાણી સિવાય રહી શકાય તેમ નથી.' વિજ્ઞાનશાસ્ત્રીએ કહ્યું.

ત્રણે જણ પાછા ખાબોચિયા પાસે ગયા, ને સોનાના પ્યાલામાં જેવું ખાબોચિયાનું પાણી લેવા જાય છે ત્યાં ! મુદ્દલ પાણી નહોતું ! એમનાં ત્રણે ઊંટ પાણીથી ફાયદો થશે કે નુકસાન તેની પરવા કર્યા સિવાય હતું તેટલું પાણી પી, નિરાંતથી જરા દૂર જઈ બેઠાં હતાં.*

રસનિધિ

*બેરી પેઈન ઉપરથી.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની

આપકથા

આંધી ગડકરિયાં....



ત્રણ મજલાનું મામાજીનું ઘર સારું, પણ રંગ ફીક્કો. એટલે કે એને રંગાવવું હોય ત્યારે એના પૈસા બીજા આપે. મોટે ભાગે તો દોસ્તદારો જ પૈસા ચૂકવી દે. રિવાજ કહો, વહેમ કહો, પણ એમ હતું ખરું. અને જ્યારે રંગવાનું હોય—કે ફક્ત ચૂનો ધોળાવવાના હોય ત્યારે વસરામ ખારવો ને મંછા મજૂરણ જ આવવાનાં. વસરામ ખલાસી ભૂખરું પહેરણ પહેરતો, ને પાકા રંગમાં કાબેલ ગણાતો. આમ ખારવા ખલાસી રંગવાનું કામ પણ કરતા એની મને એ વખતે તો કશી નવાઇ લાગી નહોતી, પણ આજે એનું કારણ શોધવા જિજ્ઞાસા થાય છે. મારા મિત્ર ધનસુખલાલ મહેતા કહે છે કે વહાણો પર રંગવાનું કામ એ લોકોને કરવું પડતું એથી. મંછા ઘરડી, હાલી, ગોરી, ખડતલ, મોટા અવાજની બાઇ હતી. મજૂરણ ખરી, પણ મારી માશીઓને નંદી, ચંદી, એમ કહીને જ બોલાવે; પોતાની નાની છોકરીઓ જેવી જ ગણે. મને તો બાબલો પણ કહી નાખે. બપોરે ચવેણું ખાવા બેસતી ત્યારે અલકમલકની વાતો કરતી.

વસરામ એનો ભત્રીજો. ખાસ્સો ગોળમટોળ, બાંધી દડીનો, ઓછાબોલો, હસમુખો ને મહેનતુ. જમીન પર ટીપું પણ પડવા વિના, ગીજાનસર કૂચડો મારી ઊભે હાથે ભીંત તો એ જ રંગી જાણે. પણ જે હલકે હાથે અહીં રંગવાનું કામ કરતો, તે જ હાથે એ વહાણના મજબૂત રસ્સા ખેંચી જાણતો ને હલેસાં મારી જાણતો.

તમે કહેશો કે હોળીની વાતમાંથી આ ખલાસીઓની દુનિયામાં ક્યાં પેઠા? વસરામ ગામમાં હોય ત્યારે એ, નહિ તો મંછા, હોળીના પાંચ-દશ દિવસ પહેલાં એક આંટો મારી જતી, ને ગીસ જોવા આવવાનું નોતરું આપી જતી. માશીઓ કહેતી: 'મંછા! અમે આવડાં મોટાં થયાં પણ, તેં અમને તમારી માછીઓની ગીસ નહિ બતાવી.' તો મંછા કહેતી: 'ચલ ફંડો; તમે તો નાનલીઓ હજી. એ તો મોટા શેઠ ને મોતીભાઈ, બેને બોલાવવાના. વસરામ આવતાં સરમાય એટલે હું આવેલી. બાકી એમાં બૈરાંનું કામ જ નહિ.'

એ જોવા જવાનો મારો યે વારો બહુ મોડો આવ્યો. મામાજી તો નહિ જ લઈ ગયા, પણ એક વખત એ નહોતા જવાના, ત્યારે એમના દીકરા મોતીભાઇ અને હું ઊપડેલા. નાનપુરાની ખાડી આગળથી એ ગીસ નીકળતી, તે અમે રાણીના બાગ આગળથી જોઇ હતી. એ ગીસ પણ ધૂળ પડવાને બીજે દિવસે નીકળતી, પણ સાંજે.

એમાં નગારાનો ધમધમાટ ન રહેતો. પણ દશ પંદર ટોળાં જુદાંજુદાં વેશ કાઢતાં. બપોરથી જ બધા છાંટોપાણી લેવાનું શરૂ કરતાં અને સાંજ સુધીમાં તો તાડીના કંઈક મટિયા પૂરા થઇ જતા. ને પછી સાહેબ-મડમ, શેઠ-શેઠાણી, એવાએવા વેશ કરી, ગાડીમાં કે પગે ચાલી નીકળતા ને ફાટ્યું ફાટ્યું બોલતા. મોટે ભાગે તો એમની ભાષા જ એવી કે માંડમાંડ સમજ પડે; પણ ચેનચાળાથી સમજણ પડી જતી. જોનારાની ઠઠ એમને ઉશ્કેરતી, એટલે એ લોકો ચગતા. ને બે ત્રણ દાતાર જમશેદજી કે કાવાજી શેઠ તે દહાડે એકેક કોટલું પીવડાવતા, એટલે મામલો પૂરો ચગડોળે ચઢતો.

રાંદેરમાં પણ માછીની ગીસ નીકળતી. એ જરા જુદી રીતે ને જોવા જેવી નીકળતી. એનો વાર દહાડો મુકરર નહિ. પણ હોળી પછીના અઠવાડિયામાં જ નીકળતી. સુરત-રાંદેરના માછીઓ એકઠા થઇ એ ગીસ કાઢતા: પંચાંગ માફક એવો દિવસ નક્કી થતાં આખા શહેરમાં તેમજ ઠસોઠસ રાંદેરમાં તાર ટેલિફોન વિના વીજળીવેગે ખબર પડી જતી. અને એ જોવા મામાજી અમને લઈ જતા.

રાંદેરમાં છોટુભાઈ શેઠને ત્યાં આગલી બેઠક થતી. નગરશેઠ દેખાવમાં ભૂરિયા—ગોરા, પાંપણ પણ સફેદ ને મોઢામાં સોનાના દાંત મુકાવેલા, તે હસતા ત્યારે જોવા જેવા લાગતા. મામાજીનો તકિયો ખાસ્સો મોખરે રહેતો. એટલા પર બીજા પણ મહેમાનો આવીને બેસતા, અને એમાં મહમદ ભામ, નૂરા ડોસા, ઈસ્માઇલ પીપરડી શેઠ વગેરે ભભકાબંધ કપડાં પહેરી મંડળીને શોભાવતા. એ શાનદાર બેઠકમાં નકશીદાર હુક્કો ફરતો, પાન-સોપારીનો ખૂમચો ફેરવાતો, મોરમુખી ગુલાબદાનીમાંથી ગુલાબજળના છંટકાવ થતા, અને મહેમાનોની સાથે છોટુભાઇ નગરશેઠ રોકડ રૂપિયાની કોથળી રાખી બેસતા.

ડંકા-નિશાન વગાડતા ઘોડેસવારથી ગીસ આવવાની આગાહી થતી. એકબે નગારાંવાળા તડડ તડડ કરતા આવતા. પણ પછી નગારાનાં ટોળાં નહિ, પણ તરેહતરેહના વેશ આવવા શરૂ થતા.

અમે બેઠા હોઈએ ત્યાં હાથમાં લાંબી ઘર માપવાની ઇંચ-ટેપ લઈ એકાએક એક માણસ ચઢી આવતો. એની સાથે દફતર લઇ બેત્રણ પટાવાળા પણ આવતા.



'એઇ સિપાઈ!'

'જી, સાબ!'

'ઘરકા દરવાજા બડા છોટા હય.'

'રહનેવાલે ભી તો, સાબ, છોટા હય.'

'ચૂપ રહો દરવાજે તોડ ડાલો, ઓર તોડ કર મંછા-પાલટીકુ રપોટ કરો'.

'અભી લાતાહું સાબ.'

'ક્યા?'

'કુહાડી ઓર કોદાળી.'

મારા સમ! કુહાડી-કોદાળી લઇને મારા બેટા હમણાં ઘર તોડી નાખશે એવો નાટક કરી મૂકે! પછી વળી નૂરા ડોસા હસતા હસતા સમજાવે: 'અરે, જાને દો. કલ ઘર ફિરસે બાંધેગા.'

'તુમ જામીન?'

'હાં, હમ જામીન. ઓર દેખો, આજ દંડ કર કે જાને દો.'

એમ કહે એટલે નગરશેઠ કોથળીમાંથી રૂપિયો કાઢી આપે. તે વળી ઓછો પડે તો બીજો તગાદો! એટલે બે આપે. એ જાય ને મંછીપાલિટીનો વેશ જરા આગળ જાય કે સાહેબ જેવાં કપડાંમાં ગળે 'ઠઠસકોપ' લગાડી એકાદો બજરંગ આવ્યો જ છે! ને સાથે કોમોડ કે એવું જ કંઈ વાસણ લીધું હોય! પહેલાં તો શેઠની નાડ પકડે. છાતી પર 'ઠઠસકોપ'માં ભેરવેલું ફોનોગ્રાફનું કટાયેલું ભૂંગળું મૂકે, અને જેટલાં આવડે એટલાં દરદોનાં નામ બોલી જાય! સાથેને

કંપાઉન્ડર નીચે ઊભેલા ટોળીવાળાને બધું લખાવે. આખરે ડાકટરનો ગંભીર ચુકાદો આવે: 'ઈરપીતાલકા સોદા.'

બધા: 'તો લે ચલો!'

'કોનસી?'

'પાગલોં કી!'

પણ એટલામાં તો નગરશેઠ 'લ્યો આ ફી.' કહી બે પૈળિયા પકડાવી દે, કે ડાકટર ટોપી ઉતારી બાઉ (નમન) કરીને સલામ કરી ચાલતી પકડે.

એવા જાતજાતના—ઇજનેરના, મારવાડીના, પરતાગિયાના, સાધુ-ફકીરના, વકીલના, વેપારીના વેશ કાઢે. દરેક ટોળીમાં એકેક બિલાડી હોય. આ બિલાડી તે નવરાત્રિમાં ઘેરૈયા ઘૂમવા આવે તેમાં રહે એવી જ જાતની બિલાડી. એટલેકે આમ તો માણસ, પણ વેશ એવો કરે! રંગલાનો કહો, ચાડિયાનો કહો, જોકરનો કહો, યા સારી ભાષામાં વિદૂષકનો કહો;—ગ્રામ્ય વિદૂષક. ફૅન્સી લેંઘો પહેરે. ઉપર સ્રીની ચોળી યા કાંચળી પહેરે. ગળામાં બળદના ઘૂઘરા લટકાવે. હાથમાં ડાળખા જેવી લાકડી રાખે. અને માથે તો હમેશાં અંગ્રેજની હૅટ; પણ ઢંગધડા વિનાની: સ્ટ્રૉ, ફૅલ્ટ, પીપિયા, પિક, સોલા, ગમે તે જાતની. અને એમાં પીછાંનો પાર નહિ! એક વાર તો એક જણે ટૉપહૅટમાં એક નાનો પંખીનો માળો જ ખુબીથી બંધાવી દીધેલો અને ચકલોચકલી બેસાડેલાં! તેના પગે ઝીણી દોરી બાંધી છેડો ટોપી સાથે બાંધી રાખેલો, ને ટોપીને પોતાની દાઢીની આસપાસથી ફરતા રબરે પોતાને માથે બાંધી રાખેલી, તે ચકલી ઊડઊડ કરે, અને પાછી ટોપીમાં! ચાલતાં-ચાલતાં ટોપી ઉપર બાંધેલી નાની પવાલીમાંએને માટે દાણા નાખે, અને કંઈ કંઈ ખેલ કરે! ગમે તેના ઘરમાં ઘુસી જાય, ચાળાચસ્કા કરે, ફડફડાટ અંગ્રેજીમાં જ વાત કરે: સમજે એનો બાપ! અને જતાંજતાં 'ગુડ મૉરનિંગ મિસ્ટર નગરશેઠ. ગૉડ હેલ્પ યૂ' કરી પૈસા લઇને જાય. આ વેશ તે 'બિલાડી.'



એક તો વળી 'જલ્લો' પહેરીને આવતો. અને એ જલ્લો એટલે શું? આખું ઘર એના પર. એક નાનું ઝાડુ, ભાંગેલું હરિકેન ફાનસ, રોટલી વણવાનું વેલણ, એકાદું ખાસડું, એવું જાતજાતનું એના પર લટકાવેલું હોય! એ બધા ઘોસલામાં એક જૂની ચોપડી પણ બાંધતો, અને નગરશેઠની હવેલી આગળ, પગથિયાં ચઢી, સ્ટાઇલમાં ગંભીરાઇથી ચોપડી ઉઘાડી, મન ફાવે તેમ બોલતો. કથા બી કરતો. અને આખરે 'સૉંગ' ગાતો; પણ બધાને ખુશ કરી જતો, ઓહોહો કેટકેટલી એવી 'બિલાડી'ઓના વેશ મારી નજર આગળ તરે છે!

તે વરસે એક વેશે તો દંગ કરી દીધેલા. અમે બેઠેલા ત્યાં જ એકાએક એક્કો આવીને ઊભો અને એમાંથી પાઘડી-અંગરખું પહેરી એક જણ ઊતર્યો. હાથમાં ચોપડો. આબેહૂબ મામાજીનો જ વેશ! એમની ઢબે જ પગથિયાં ચડી, બરાબર એમની જોડે જ તકિયે ગોઠવાઈ, ભાષણ શરૂ કર્યું, મૂછો પણ મામાજી જેવી જ બનાવેલી.

'અરે નગરશેઠ! આટઆટલાં વરસથી કોરટે તમારા દાવા લઈલઇ, દસ્તાવેજો કીધા, હુકમનામાં લઈખાં, અને આખરે તમારું વિલ પણ કરી નાઈખું. પણ અમારી ફી તો કદી બી આપેલી નહિ! તે તમે સું કહેવા માંગતા છો? આ અમારું બિલ. સમજ પડશેલી કે?'

હસાહસ ને આરે ગમ્મત! એક્કો પણ અમારો જ—અમે પાછળ છોડેલો ત્યાંથી જોડી લઇ આવેલા! છોટાભાઈ નગરશેઠે પછી જ્યારે એને પાનસોપારી આપ્યાં, અને મામાજીને આપતા તેવા જ ગરતબાથી ફૂલગોટા આપી તે પર જાતે ગુલાબજળ છાંટ્યું ત્યારે તો વાહવાહ થઈ ગઇ! મામાજી સુદ્ધાંએ અને બીજા મહેમાનોએ એને ગજવામાંથી ગુંજાસ પ્રમાણે આપ્યું હતું.

જતી વખતે નૂરાડોસાએ રૂપિયો આપતાં કહ્યું 'લે. જો આજે તારાથી પિવાય એટલો પીજે. પણ પછી કાલે કંઈ નહિ. સમજ્યો વસરામ!'

'જી' કહી વસરામ અને એની ટોળી એક્કો હંકારી ગઈ,—એ જ મામાજીની ઢબે!

'તે નૂરુભાઇ, તમે એને ઓળખો છો?'

'હારે, વસરામ મારાં વહાણ બી તો કભી કભી ચલાવે છને? એક વાર તો બસરા તક મોકલ્યો'તો.'

પાછા ફરતાં મામાજી વસરામની વાતો કરતા. પણ મારા મનમાં તો પેલી જાતજાતની 'બિલાડી'ઓ જ ઘોળાયા કરતી.

ના, હજી હોળીની કહાણી પૂરી નથી થઇ. એ ચારપાંચ દિવસમાં હોળીઓનું 'એસોટેરિક સર્કલ' ખાનગીમાં મસલત કરી લેતું. દિવસ અને છાપો મારવાની જગ્યા નક્કી થતાં સમય જાહેર કરવામાં આવતો. ત્યાં ચૂપચાપ પાંચદસ જણા અંધારું થતાં ડાઘુવેશે એકઠા થઈ જતા. અને તરત જ વાંસ, દોરડી અને આગની દોણી લઈ બાકીના આવી પહોંચતા. મને યાદ છે કે આ ચોકો હમેશાં અગારા ઘરની પાછળના ચોકમાં મંડાતો. ત્યાં ઓટલા પર બરાબર ઠાઠડી બંધાતી, અને ઘાસને એવી સિફતથી ગોઠવવામાં આવતું કે ઉપર ઓઢણું ઓઢાડતાં અને કાથાની દોરડીએથી ગળા આગળથી બાંધતાં બરાબર મુડદું લાગે. ઠાઠડી બંધાઇ રહે કે 'ઓ મારાં પ્રેમકોર ડોશી રે'ની પોક મુકાવી શરૂ થતી અને કાગારોળ મચાવી મૂકતા.

અમારી બરાબર પાડોશમાં મામાજીના છોકરા મોતીભાઇના ખાસ દોસ્ત જગમોહનદાસ રહે. એને અમે સૌ 'દાસભાઇ'થી જ ઓળખતા, અને હજી ઓળખીએ છીએ. એમનાં દાદી તે પ્રેમકોર. ખાસ્સાં સિત્તેર-પંચોતેરની ઉપરનાં. એ ડોશી એવાં કે મરે જ નહિ. કેટલી યે વાર જમને જવાબ દઇ આવ્યાં હશે. અને સ્વભાવે કંજૂસ. હોળીમાં મહોલ્લામાં જે કોઈ ઍંશીને આરે આવી પહોંચ્યું હોય એવાં ડોસાંડગરાંઓની યાદી તૈયાર જ હોય, અને તેની મ્હોકાણ મંડાતી. ડોશીમા બારીએ આવી ખૂબ ગાળો દેતાં 'મૂઆઓ, રૂઓને તમારી મા-બેનોને! હું એમ નથી મરવાની! તમને હું ભારે પડી? બળ્યા તમારા અવતાર! મરો તમે...' વગેરેથી શરૂ કરીને ડોશી મજબૂતમાં મજબૂત ચોપડતી. એ થાકતી ત્યારે બધા ફરી કાગારોળ કરી ઠાઠડી ઉપાડતા અને 'રામ બોલો ભાઈ, રામ' કરતા મહોલ્લામાં ફરતા. બેત્રણ કલાકની આ ગમ્મત પછી ઠાઠડીને હોળામાં ફૂંકી મારતા. દરમ્યાન એકાદ વાર આગલે બારણે, ભર રસ્તા પર ઊભા રહી અમે ડોશીમાનાં છાજિયાં પણ લેતા; અને પાછી પોક પણ મૂકતા. મામાજી કહેતા કે મારા શિવદાસ દાદા જીવતા ત્યારે એમની પણ ત્રણચાર વરસ આમ ખાટલી કાઢેલી!

કદીક બીજા મહોલ્લાની આવી ખાટલી અમારે ત્યાં આવી ચડતી,

તો મામલો વિફરી જતો. એક મહોલ્લાની ખાટલી બીજા મહોલ્લામાં લઇ જવાય જ નહિ. લઈ ગયા તો મારામારી. ઠાઠડી પીંખાઇ જાય, વાંસ-દોરડી છુટાં થાય, અને બામ્બુએ બામ્બુ અફળાવા માંડે!

પાઘડીઓ ઉથલાવતા, મારામારીઓ થતી, વેંગણાંઓ ફેંકાતાં, પોક મુકાતી, ટોળ-ઠઠ્ઠો-મજાક-મશ્કરીઓ થતાં, ગાળાગાળની છોળ ઊછળતી, છતાં એ ચાર દિવસનું ચાંદરણું પૂરું થતાં ક્યાંય કડવાશ રહેતી નહિ અને બધું ભુલાઇ જતું. હોળીનો તહેવાર એક; ધૂળ પડવો ગણો તો બે. તો-યે લગભગ આઠ દિવસ આ ધાંધલ ચાલતી. છતાં તહેવાર માણવાને તે પણ ઓછા પડતા. સુરતને દરેક તહેવાર નાનો લાગતો; એથી મોટે ભાગ 'વાસી તહેવાર' કરીને પણ બીજે દિવસે તેને ઊજવવામાં મશગૂલ રહેતા.

એ ચાર દિવસ પછી પાછું દફ્તર ભરીને ખભે લટકાવી, ચકલે ચકલે ઠરવા આવેલી અરધી સળગતી હોળીઓ જોતા નિશાળે જતાં પગ તો જાણે ભારે પહાડ જેવો થઈ જતો. અને ક્લાસમાં ચિત્ત પરોવતાં તો મેરુ ચળતો હોય એમ લાગતું.

'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.'

લખ્યું? અને હવે લખો:

'નિમંત્રણ સ્નેહીને શાનાં? ભલે આવે, ભલે જાયે.'

નિશાળનો ઘંટ વાગતાં જ સડસડાટ ક્લાસમાં દાખલ થઇ, બોર્ડ પર ધસી, પાટલૂનના ખિસ્સામાંથી હાથ કાઢી, ચાકથી દર ગુજરાતીના પીરિયડમાં નવીનવી લીટીઓ લખી અમને ઉતરાવતા તે, એ ઝડપબંધ છટાથી બોલનાર, લીલો પીળો યા સફેદ આંટીવાળો ફેંટો પહેરી આવનાર, મુલાણી માસ્તર અમને સૌને ગમતા. એ વખતે નરસિંહરાવ અમે ઠીકઠીક વાંચી ચૂકેલા અને મુલાણી માસ્તરે—

'મુજ વૃત્તમાં નથી કો નવાઈ, સિવાય પણ હું શું કહું?
પૂછ્યું તથાપિ તમે જ તો હું નકાર પણ શી રીતે ભણું?'

એ ગોવર્ધનરામની 'વિધવાના વૃત્તાંત'માંની આખી કવિતા પણ ગોખાવેલી; માનચતુર અને ગુણસુંદરી ભણાવેલાં; જુદાજુદા નવાજૂના કવિઓમાંથી સુભાષિતો નોટબુકમાં લખાવેલાં; ને એમ ગુજરાતી ભાષા તરફ સારો પ્રેમ પ્રગટાવ્યો. ઈ. ૧૯૧૬-૧૭માં તો એ સુરત હાઈસ્કૂલમાં હતા જ. પ્રખ્યાત નાટકકાર મૂળશંકર મુલાણીના એ ભત્રીજા, એની ત્યારે તો અમને કશી જ ખબર નહિ. પણ ઈ. ૧૯૪૬-૪૭માં—એટલેકે ત્રીસેં વરસે અમદાવાદમાં આર.સી. હાઇસ્કૂલમાંથી પોતે હેડમાસ્તરના ચાર્જમાંથી ફારેગ થવાની તૈયારીમાં હતા ત્યારે, એ નિશાળમાં ભાષણ કરવા મને પત્ર લખી નોતર્યો હતો તે પ્રસંગે એમની છાતી ગજગજ ફૂલતી હતી. પણ વિદ્યાર્થીઓ સમક્ષ એમણે મારે માટે જે શબ્દો ઉચ્ચાર્યા તે સાંભળી હું ગળગળો થઈ ગયો હતો; અને ભાષણ પછી પ્રમુખ તરીકે, તે સુંદર સવારે, એમણે વિદ્યાર્થીઓ તરફથી હાર પહેરાવ્યો ત્યારે તો મારાથી રડી જ પડાયું! એ મુલાણી માસ્તરે ગુજરાતી ભાષા પ્રત્યે ઉત્પન્ન કરેલો ભાવ અમે કદી ભૂલી શકીએ એમ નથી. ખરેખર, ગુજરાતીના ભણતરમાં આખા અભ્યાસક્રમ દરમ્યાન એ જ એક ખારા સાગરમાં મીઠી વીરડી જેવા હતા.

બાકી બીજા બેત્રણ અપવાદ સિવાય અલફાઉ માસ્તરો તો ઘણા હતા. કોઇને અમે 'બાટલો' કહેતા તો કોઇને 'ખડબૂચો' કહેતા. ઘણાના ચાળા પાડતા, અને વખત જોઇને પજવતા. નવો માસ્તર આવ્યો અને નવ દા'ડામાં પાધરો ન ચાલ્યો તો એની ગિલ્લી ગુલ પણ કરી નાખતા. એક માસ્તર કાળો ડગલો પહેરીને હમેશાં ભીંતને અઢેલીને ઊભા રહેતા. ત્યાં સફેદ ભીંત પર ઊંધે અક્ષરે ચાકથી અમે 'એ, ડબલ એસ' લખી રાખતા. અઢેલે કે તરત ડગલે 'ASS' પડયો જ છે! ખુરશી પર ગોખરુ ધર્યું છે; દાબડીમાં માંકડો લાવી ખુરશીમાં એની વસાહત વધારી છે; ચાકની ચોરીઓ કરી છે; રજિસ્ટરો સંતાડયાં છે; શાહીના ખડિયા ફોડયા છે; બારટીલો બગાડી છે; અને એવાં એવાં એ કરતૂકો માટે આજે જરા પણ પસ્તાવો થતો નથી. ઊલટી જાત પર ચીડ ચડે છે, કે ભણ્યા પછી પણ ઘણાં વરસો સુધી નિશાળોનાં આ કારખાનાં ચાલુ રહી શક્યાં છે! માસ્તરોના નમૂના રોટલો કમાવાને આવે એ સમજી શકાય એવી વાત છે, એમની બિનઆવડત ઢાંકવા પ્રયત્ન કરે તે પણ ધ્યાનમાં ઊતરે એવી વાત છે; પણ એમાંના કેટલાક તો સાવ ડફોળ, જંગલી, દ્રુંદગિલજી, છોકરાઓ પ્રત્યે સહાનુભૂતિ કે સમભાવ વિનાના, પોતાની જાતને કોઈ દેવસ્વરૂપ માની અજબનો ફાંકો રાખનારાઓ, પહેલાં પોતે કેળવાય પછી કેળવણીખાતામાં દાખલ થાય એમ અમે જરૂર ઇચ્છતા.

તેમાં યે ઇન્સ્પેકટરનો ફારસ તો જીવલેણ હતો. વિદ્યાર્થીઓનાં સ્વમાનને હણનારો, એમના સ્વતંત્ર માનસને ખીલતાં અવરોધે એવો હતો. કોઈ શાર્પ કે લૅારી ગોરો ડી. પી. આઈ. નિશાળની મુલાકાતે આવવાનો હોય એના પંદર દિવસ અગાઉ ઢોલનગારાં વાગતાં. મેમો ફરતા, સાફસૂફી થતી, ચૂનો ધોળાતો, વરસભરનાં બાઝેલાં જાળાં ખંખેરાતાં, અને કેવાં કપડાં પહેરવાં, કેટલી સ્વચ્છતા રાખવી, કેમ બેસવું વગેરેની ઝીણી સૂચનાઓ અપાવી શરૂ થતી. એ તો ઠીક, પણ બેત્રણ દિવસ આગળથી તો માસ્તરો એકનો એક પાઠ લઇ એનો સવાલજવાબ તૈયાર કરાવતા, અને ચોક્કસ છોકરાઓને તૈયાર પણ કરી રાખતા. કેમ ઊભા થવું, કેમ ચોપડી ઝાલવી, ન સમજ પડે તો 'બેગ યૉર પાર્ડન સર' કેમ બોલવું, એમાં 'સર' કેવી રીતે ઉચ્ચારવું, એની રીહર્સલો થતી. અને જાણે કોઇ મોટો 'હાઉ' આવવાનો છે, જીવતા જ મારી નાખશે, જો જરા ભૂલ થઈ તો આભ ધરતી પર તૂટી પડશે, એવું જલદ વાતાવરણ તૈયાર કરાવાતું. કૅમ્પાઉન્ડમાં કાગળની કાપલી સરખી ન મળે, ઝાડનું સુકાએલું પાંદડું ન જડે, એવી સ્વચ્છતા રખાતી. અને ઘોડાગાડી નિશાળના પોર્ટિકોમાં આવીને ઊભી રહેતી કે આખી નિશાળમાં સનસનાટી વ્યાપી જતી.

સાહેબ વળી પોતાની ખુરશી સાથે લાવે, તે પટાવાળો વર્ગે વર્ગે ફેરવે! સાહેબ સાથે દફતરી હેડમાસ્તર ઊભે પગે દોડે. નવાસવા



માસ્તરને તો પરસેવાના ઝાબા જ વળે. સાહેબ ક્યાંક પાંચદસ મિનિટ તો ક્યાંક વધારે પણ બેસે. જેવો એ 'બડફો' વર્ગમાં દાખલ થાય કે ફડાક દઈને બધા ઊભા થાય. અમે માસ્તરની અગાઉની સૂચના પ્રમાણે 'સિટ ડાઉન' કહે નહિ ત્યાં સુધી કોઇ બેસે નહિ. એ ઈન્સ્પેકટરોને અમે 'બડફો' કહેતા: દેખાવમાં એવા જ લાગતા.

કપડાંનું કંઈ ઠેકાણું નહિ. તંગિયો પહેરે; અંગ પર માત્ર ખમીસ; હાથમાં લાકડીનો દમામ; અને મોંમાં વળી પાઈપ રાખનારા પણ આવતા. મૂઆ તમે વિદ્યાધિકારીઓ થતા! એક તો વળી કૂતરું લઇને જ ફરતો. એ સાલા કૂતરાએ વરંડા બગાડી મૂકેલી તે જુદી!

આ અમારા ભણતરના ચણનારાઓ, અમારા ભાગ્યવિધાતા! દોઢ દિવસમાં આવી, નિશાળ જોઇ 'રપોટ' કરી જતા. અમારી તબિયત, અમારાં પીવાનાં પાણી, અમારી રમતગમતો, અમારાં ભણવાનાં પુસ્તકો, અમને ભણાવનારાઓ, અમારી ભૂખ, અમારી આશાઓ, અમારી ઉમેદો અમારી માવજત બધું આટલામાં આવી ગયું!

પણ આપણે એ અણઘડ અને બોથડ માસ્તરોની તથા ઈન્સ્પેક્ટરોની નાહક કુથલી ન કરીએ. બીજું સુંદર અને રસિક હતું એનો જ ખ્યાલ કરીએ.

મુલાણી માસ્તર તો હતા જ. થોડા વખતને માટે એવા જ એક ભલા, પણ દેખાવમાં ઘણા નાના, પાકા ધર્મનિષ્ઠ વકીલના માસ્તર આવ્યા હતા. એના કલાસમાં તોફાન શરૂ તો થયાં, પણ એમની નિખાલસતા અને ભલમનસાઇને લઈ સૌ શાંત થઈ ગયા હતા. અને પછી તો મજા પડતી. એ માસ્તર સાથે, આગળ ઉપર, એમ.એ.માં અમારે સાથે બેસી ભણવા વારો આવ્યો ત્યારે, અમે ખાસ્સા દોસ્ત થઇ ગયા હતા. બી.એ. થઈને તાજા આવેલા. પછી વરસો બાદ એમણે એમ એ. શરૂ કર્યું. મોમના માસ્તર ડ્રિલ કરાવતા. અને ગમે તે કસરત કરતા હોઇએ પણ જો હેડમાસ્તર ફરદુનજી મહેતા સાંજને પહોરે માસ્તરો માટેના અલાયદા બાથરૂમ તરફ જતા દેખાતા કે તરત રાઈટ એબાઉટ ટર્ન કરાવી તરતજ 'રાઇટહં... સૅલ્યૂટ' ઠોકાવતા! નિશાળોની હરીફાઇમાં ટગ આફ વોર (ગજ ગ્રાહ)ની રમતમાં તો મોમના માસ્તર અમારી નિશાળને જિતાડતાજ. અને એ માટે ઉપલા ધોરણમાંથી મજબૂત ટીમ ઊભી કરતા. સૌથી જાડા, ગોઠીંબડા જેવાને છેલ્લે કાઠી તરીકે રાખતા, અને વચ્ચે બાંધાના છોકરાઓને પસંદ કરી, જાડું દોરડું ઝાડની આસપાસ બંધાવી, ઝાડને ખેંચવાની તાલીમ આપતા! 'ટાઝ ટાઈટ' દોરડું પકડવું કેમ, ફરી જઈને ચેન કેમ કરવું, વગેરેનું આખું શાસ્ત્ર ઝીણવટથી ભણાવતા. ત્યારે જ ખ્યાલમાં આવ્યું કે કેવળ જોરથી દોરડાં નથી ખેંચાતાં. એમાં બળની સાથે કળની પણ જરૂર છે. અખાડામાં તો આપણે જતા નહિ, પણ ડ્રિલમાં ફરજિયાત અઠવાડીએ બેવાર જવું જ પડતું.

આ મોમના માસ્તર પાસે જૂઠું બોલી રજાઓ લેતા. ઘેરથી એક વાર લખાવી રાખેલી અંગ્રેજી ચિઠ્ઠી બે ત્રણ વાર એને બતાવી બે ત્રણવાર રજા લેતા. એમને અંગ્રેજીનો કક્કો યે આવડતો નહિ. માત્ર ડ્રિલ પૂરતો ભભકો કરી 'ફ્રૂમ ફોસ'થી આંજી મૂકતા; પણ વાચવામાં અલ્લાયો! એટલે આપણે ડ્રિલમાંથી છૂ.

પણ એમ તરકટ અને કાંટા કરવાનું કંઈ કારણ? ડ્રિલ તો ગમતી, પણ મકરસંક્રાંતિ આવે અને જીવ હાથમાં નહિ રહે ત્યાં શું થાય? ચાર વાગ્યાથી ચિત્ત ચગડોળે ચડે, એટલે સાંજે છટકયે જ છૂટકો! પાંચનો ઘંટ પડયો ન પડયો ત્યાં તો પિંજરામાંથી સિંહ બહાર કૂદે તેમ એક ભૂસકે કૉમ્પાઉન્ડ બહાર! ત્યાંથી માર ગબરડી કે સોની ફળિયું પાર! પાણીની ભીંતે જરા શ્વાસ ખાઈ, ખપાટિયા ચકલાથી ઘરને ઓટલે ચડતાંક ને દફતર પટકી, દાદર પર સડસડાટ ત્રીજે માળે થઈ અગાશીમાં!

એ ત્રીજે માળે 'વખાર' રહેતી. ગણેલા, અકબંધ કુડીબંધ, કન્યા (કન્ના) બાંધેલા, જાતજાતના પતંગો રહેતા. મકરસંક્રાંતિ એટલે ઉત્તરાણ આવવાની બરાબર મહિનો અગાઉ એ જ ઓરડામાં મામાજી, નાનામામા, ને બંકાજીની સવારી સ્ટેશનરોડ પર ઘડિયાલ પાસે જતી. ત્યાં પણ મામાજીની દુકાન ચોક્કસ; છનુ રુસ્તાદને ત્યાં ગોઠવાઈ જતા.

'ટેમસર આયે છોટાભાઈ. કલ હી આગ્રે સે પેટી આઇ. નયા કાગઝ કા માલ હય બોલો, ક્યા નિકાલું?'

'દેખો છન્નુમિયાં, મંય અબ પતંગ નહિ ચઢાતા હૂં; મગર યે લડકે કો જો દિલમેં આવે વો દે દો.'

'અરે છોટાભાઈ સાહબ! સંકરાંત આયેગી તો જી નહિ રહેગા.'

'એમ તો સવારે બે કલાક આંટા મારી આવીશું જ ને!'

'બસ તો, અબે ઉરમાન! એક પંજો બડે વાલે કા નિકાલ.'

'પંજો નહિ. છન્નુમિયાં!'

'દેખો તો સહી. યે બર કા પતંગ હી કહાં હય. દો કોરી પડા હૈ; કલ તો સાફ હો જાયગા.'

એમ કરી પાંચ સૌથી મોટા પોણિયા (ત્રણ પૈસાવાળા કે આનાવાળા) પતંગ કાઢતો. બે કડી-કોડી અરધિયા કાઢતો. પછી ત્રણ-ચાર કુડી પૈસાવાળા, ને તે પછી પૈની પતંગડી પણ બતાવતો.

દરેકનાં કમાન-ઢઢ્ઢા તપાસી આપતો. આપણે 'ઢઢ્ઢા'ને મશ્કરીમાં હસીએ, પણ પતંગનો ખરો આધાર તો ઢઢ્ઢો જ છે. એ જો મુલાયમ, મજબૂત, ગાંઠા વગરનો હોય તો પતંગ ચગાવવાની મજા જુઓ. તદ્દન બરડ ઢઢ્ઢો પણ ન ચાલે. થોડો વળત્રો જોઇએ. અમે વાળી પણ જોતા.

પતંગનાં રૂપરંગનું તો પૂછવું જ શું? એમાં જાત પણ અનેક રહેતી. ફુમતેદારમાં તો મોટે ભાગે એક જ રંગ રહેતો; યા આંખદાર રહેતા. પણ ચકમકદાર એટલેકે નીચે ત્રિકોણવાળાની ખૂબી જ જુદી. એમાં તરેહ પણ બહુ આવતી. ઢઢ્ઢા સરસો જુદો રંગ હોય તો 'ગિલ્લિડર' કહેવાતો, ને ત્યાંથી માંડી પટેદાર, મટકી, ચાંદદાર, છાનદાર, આદાશીશી, કાગડી, કળીફ, ખડઝૂંચું એવાં વિચિત્ર નામોની જાતો. લાલ, ભૂરી, લીલી, પીળી એમ રંગ પ્રમાણેનાં નામ તો સમજ્યા, પણ ધોળી તે બગલી, ગોળ ઢગલી વાળી તે લાડુદાર, જેમાં સોગઠાંબાજી રમવા જેવી ચોકડીઓ હોય તે બાજીદાર ચટેપટેદાર, એમ અનેક રહેતા. બે બાજુ પર આડા પટાદારને આંખદાર કહેતા, અને એમાં જો રંગ બરાબર પસંદ કર્યા હોય તો એ કનકવા ભારે મોટેદાર લાગતા: લેવાનું મન થાય. આકાશમાં પણ શોભીતા લાગે.

એમાં પૈસાથી માંડી આના સુધીના બધા બર લેતા. ત્યારનો આનાનો તે આજ તો આઠ આનાનો થાય. અને આજે પૈનો તે વળી પતંગ કેવો! ચાર કુડી નાના, બાકીના મોટા. અને પછી મામાજી પોતા માટે હસીને એક સુરતી કનકવો માગતા. 'છોટાભાઇ! વો તો અભી તૈયાર નહિ. દો તીન રોઝ મેં બના દુંગા.' 'સુરતી' એટલે ઘૂંટેલા કાગળનો; ઘૂંટેલા એટલે જાડા કાગળ પર કોડી ઘસીને બનાવેલા.

આ પહેલો હપતો. એમાં સો-સવાસો પતંગ ઉચકી લાવતા. અને લાવતા તે જ રાતે જમીને એને કન્ના બાંધવા બેસતા. એની દોરી જુદી; કાણાં પાડવાની સળી ખાસ બનાવેલી; દરેક ઢઢ્ઢા-કમાન જોતા જવાનાં, ને દાગીનાની માફક સાચવવાનાં. કન્ના શૂન્યને એકની: મામાજીનો અસલનો કાયદો. શૂન્ય ને શૂન્ય બાંધો તો ના! પતંગ તદ્દન સ્થિર જ રહે તે કેમ ચાલે? પેચ લેવા હોય તો લોટાવવો તો પડે જ; એટલે વધારે કન્નામાં રહે એવા રાખવા જોઇએ.

ઉત્તરાયણ આવતાં અગાઉ તો પહેલો લાવેલો થોકડો ક્યારનો સફા થઈ જતો, એટલે બીજા લઇ આવતા દરમ્યાન થોડા પકડ્યા હોય, થોડા તફડાવ્યા હોય, થોડી આજુબાજુ મારામારી કરેલી હોય, થોડાં નળિયાં ભાંગ્યાં હોય, પડોશીના પતંગની દોરી પકડી હોય, યા મહોલ્લામાં કપાઈને આવેલો પતંગ કોઈ રસ્તે જનાર લઈ

જતો હોય તો તેની પાસેથી ઝૂંટવી લીધો હોય, એના બધાના હિસાબો નીકળતા, ફરિયાદો સંભળાતી, ઠપકા મળતા, નિવેડા લવાતા.

પતંગ તો આવ્યા, પણ માંજાનું શું? થોડા દિવસ તો ગયા વરસનો સાચવેલો દોર ચલાવાતો. પણ ચાલુ સાલ માટે રવિવાર મુકરર થતો. બપોરે જમીને મોતીમામા ને હું સ્ટેશન તરફ ઊપડતા. સાથે મોતીમામાના દોસ્ત વેણીલાલ આવતા. વેણીલાલ પતંગનો શોખીન; લીમડીકૂઈ પર રહે, પણ પોતાની અગાશી નહિ, તેથી અમારે ત્યાં પતંગ ચડાવવા આવે. માંજો ઘસનારો ઉસ્તાદ એણે શોધી કાઢ્યો હતો. હરિપુરા નજીક એક જગ્યાએ અમારો રસાલો જતો. સાથે ગેંડા છાપનાં બેત્રણ બાકસો લઇ જતા. ગેંડા છાપ નં ૪ એટલે આખરનો દોરો. જરા મોંઘો પણ ટકાઉ. બાર ફિરકાનો દાબડો. હોંસેહોંસે પરામાં એક્કો હંકરાવીને ગયા. ત્યાં માંજો ઘસનાર તો મારો જાણીતો નીકળ્યો. નામ એનું કેમે કર્યું યાદ નથી આવતું, પણ શિકલ બરાબર ધ્યાનમાં છે. છગન દાબુ અને હું અહીં ત્રણચાર વાર ભમરડો ઉતરાવવા આવ્યા હતા. ખાટલાના પાયા પણ એ ઉતારતો. લાકડાનો એક ઘોડો સંઘેડા ઉપર ચડાવી પગના સંચાથી તે ફેરવતો અને જમણે હાથે છીણી વડે જરા વારમાં તો પાંચ છ નાના નાના ભમરડાના આકાર ઉતારવા માંડતો. બરાબર પૂરો ઘાટ થઈ રહેવા આવે એટલે અમને પૂછે: 'બોલો, ચોટલી કેસી? માથે સપાટ છાપરી યા એક કે બે ચોટલી?' જેવી જેની માગણી તે પ્રમાણે અમને છોલી આપતો અને તે પર જુદાજુદા રંગના લાખની લાકડીઓ વડે કહીએ તે પ્રમાણે રંગ ચડાવી આપતો. ત્યાર બાદ ભમરડા છુટા પાડી એમાં પોતે જ શારડીથી કાણું પાડી, ત્યાં આર ઘાલી, તેને તીણી ઘસી આપતો. થોડી જ મિનિટનો સોદો, પણ એ જે જાતજાતના ભમરડા ઉતારતો તે જોવાની ખૂબ મઝા પડતી.

એ જ માંજો ઘસતો. કણકની લૂગદીમાં કાચની બારીક ભૂકી મિલાવી, બે દૂર દાટેલા થંભા ઉપર ખોડેલા લાકડાના ખૂંટા ઉપર પહેલાં વીંટાળી રાખેલી દોરી પર હાથમાં લૂગદી પકડી દોરી ઘસતો. એમાં પણ કારીગરી છે. કાચ વધારે નંખાય તો તે પણ ખોટું: સુકાતાં ખરી પડે. વળી બીજાની પેઠે લાલ લીલો રંગ નાખવાની પણ એ તો વિરુદ્ધ હતો. રંગીન માંજો દેખાવમાં સારો, પણ રંગની સાથે કાચ પણ ખરી પડે; એટલે અમે તો રંગીનનો મોહ હોવા છતાં સફેદ જ માંજો ઘસાવતા. કલાકેક રહી સુકાતાં પરતી (ફાળકી) પર ચડાવી ઘેર લાવતા. બેત્રણ રાત ઉપર અગાશીમાં ઝાકળમાં તેને ઠારવા મૂકતા ને દિવસે તડકે રાખતા, એટલે માંજો બરાબર ઠરીને પાકો થતો ગણાતો. ઉપરાંત દોરીના પિંડા પણ થોડા લેતા. હાથની ગૂંચણી બનાવી, તેને વીંટીવીંટીને જાતજાતના આકારનું લાલ ભૂરા કાગળે વીંટાળેલું માંજાનું પિલ્લુ પણ હાથકારીગરીનો એક નમૂનો ગણાતો. માંજો ઘસનારો વરસ દરમ્યાન છાયલ-સાળુ પણ રંગતો. આમ, એ ત્રણ કારીગરનાં કામ કરતો.

આઠ દિવસ રહીને ઉતરાણ! જીવ કેમ ઝાલ્યો રહે? વચ્ચે રવિવાર આવતો તો સવારની ઠંડીમાં જ અગાસીમાં. કોઇ ઝૂલતો ડોલતો કનકવો ભર દોરીએ કપાઈને આવતો પકડ્યો હોય તો દિવસ સહી. ખાવુંપીવું બેરસલ્લા! શું જાણે દુનિયાની દોલત મળી ગઇ! નિશાળમાં પણ એ જ વિચાર, ને એ જ વાતો. આ સ્થિતિમાં મોમના માસ્તરની ડ્રિલ કેમ થાય? કલાક કલાક સાંજે ખુલ્લી હવામાં અગાશીમાં દોડધામ કરી, આકાશ તરફ જોઈ, દૂર નજર કરી, ઠૂમકાઓ મારી, દાદરા ચઢઊતર કરી, આભમાં રંગોની મિજલસ ઉડાવીએ, તે કસરત નહિ? પછી એ રજા ન આપે તો જૂઠું કેમ ન બોલીએ?


પણ ઉતરાણના દિવસની તો રજા પડતી. સુરતને તહેવારો ઓછા પડે છે, એટલે શહેર વળી બીજે દિવસે વાસી 'ઉતરાણ' પણ ઊજવે! એ બીજા દિવસની પણ અમે રજા પડાવતા. એ બે દિવસ આકાશમાં પતંગોની મેહફિલ ઉડાવતા. ઘરના લોકો કહેતા કે રાતે ઊંઘમાં પણ મોટેથી 'એ...કાઈ પો...છ!' એમ બૂમો પાડી ઊઠતા. સંક્રાંતિની આગલી રાતે વાંસડા પરનું ઝરડું ખોરવાઇ ગયું હોય તો તે નવું લાવી બરાબર બાંધતા. વહેલી સવારે કયો પતંગ પહેલો ઉડાવવો એ નક્કી કરતા. ફાટેલા કનકવા સાંધવા ગુંદર અને બને તો લાહી માગી લાવી તૈયાર રાખતા. ચાર પાંચ વાગ્યે તો ઊઠીને ગરમ કપડાંમાં વીંટળાઇ ઉપર પહોંચી જતા. કપાઈને આવતા કનકવા પકડવા જીવ તાળવે રાખતા. પછી આહિસ્તે રહીને મુકરર પતંગને મુકરર માંજા પર મુકરર સમયે ઉડાડી ઉત્તરાયણમાં પ્રવેશતા સૂરજદેવને અંજલિ આપતા. પવનનું ઘર સારું હોય તો ખૂબ મજા આવતી. પવન પડેલો હોય તો નાસિપાસ થઇ બેસી રહેતા ને ટાળટપ્પાં મારતા. અને જો સુસવાટો ભારે હોય અને ચડાવતાં જ પતંગ તૂટીને રસ્તો લે એમ હોય તો નાના પતંગ લેતા. ચોમેર 'કાઇપોછ્'ની યા જરા શૂરમાં આવેલાની 'કટ્ટાહ'ની ચિચિયારીઓ ઊઠ્યા કરતી તે સાંભળતા અમે પણ તેમાં સામેલ થતા. એકાએક, ઝોલાં ખાતો, મદભર હાથીચાલે આવતો કોઈ ભારી કનકવો જો ઝરડાથી પકડતા તો 'પકડેલો...છ્' કરી ચીસ નાખતા, અને હજી એને જરા સ્થિર કરી, ઉતારવાની તજવીજમાં રહીએ એટલામાં તો કોઈ અદેખો પાછળથી વધતો વધતો આવી પેચ લઈ કાપી નાખે તો ખિસિયાણું મોં કરી રડવા જેવા પણ થઈ જતા.

પાઘડી ને બદન પહેરી મામાજી આઠેકને શુમારે ઉપર આવતા. તે પહેલાં ચાપાણી ઉપર જ થતાં; પણ ચામાં જીવ શાનો ચોંટે? આસપાસની બધી અગાશીઓમાં આવી જ ઠઠ જામતી. ગમન ગિલ્લી તો નીચી અગાશી છોડી ઊંચા છાપરા પર ગાદલું નાખી



ત્યાં જ ઝુકાવતો. જરા આઘે અલ્લક ઝોળી લાલચટક પાઘડી અને ગુલાબી શાલ ઓઢી ઠસ્સાથી સુરતી પતંગ ઉડાવવાની તૈયારી કરતા. પાછળ પરતી ઝાલીને ઊભેલા વળી સલાહ આપતા. ત્યાં પાછળથી બે પોણિયા, ભારેખમ બાંધી કાઠીના મજબૂત મોટા પતંગ લોટતા લોટતા 'આજુસે બાજુસે નિગાહ રખો'ની અદાથી વધતા આવતા: જાણે વાદળને વીંટાળતા જતા હોય તેમ. 'અરે અરે! એ તો પેચ છે,—સરતીના! ઓ રહ્યા,—ઓ રહ્યા પેચ.' વચ્ચે કોઇ અટવાયા તો સફા! છુટી પરતીએ પેચ ચાલતા, અને આખરે (અનુ૦ પૃ. ૩૬૭મે)

કુદરતની અજબ કરામત : હૃદય



માતાના પેટમાં બાળક પાંચ માસનું થાય ત્યાંથી માંડીને તે માણસની આયુર્મર્યાદા સુધી–૭૦, ૮૦, કે ૧૦૦ વરસ સુધી-તે સતત ધબકયા જ કરે છે. રાત ને દિવસ, આપણે કામમાં હોઇએ કે ઊંઘમાં, મજૂરી કરતા હોઇએ કે આરામ, પણ તે તો વણથંભ્યું,–થાક ખાવા કે મરામત માટે થંભ્યા વગર–અવિશ્રાંત ને સતત ધબકયા જ કરે છે : મિનિટમાં ૭૦ થી ૮૦ વખત; દિવસમાં ૧,૦૪,૦૦૦ વખત; અને ૭૦ વરસના આયુષ્યમાં ત્રણ અબજ વખત:

સતત ધબ ધબ, ધબ ધબ, ધબકયા જ કરે છે.

પ્રાણીમાત્રનું જીવનજળ લોહી છે. એને વિષે વિગતવાર માહિતી આપણે અગાઉ જાણી ગયા. (અંક ૩૦૫). શરીરના રૂંવેરૂંવે પ્રાણવાયુ અને પોષણદ્રવ્યો પહોંચાડનાર, અને ત્યાં ઉત્પન્ન થએલાં વ્યય-દ્રવ્યોને ઘસડીને બહાર લઇ જનાર એ 'જીવન-જળ' શરીરમાં ફરતું જ રહે છે અને એ એમ ફરતું રહેવા ઉપર જ માણસની જિંદગી અવલંબી રહેલી છે. દાખલા તરીકે, જો મગજ-માં લોહીનું ભ્રમણ માત્ર થોડી સેકંડો માટે પણ થંભી જાય તો માણસ બેભાન બની જાય; અને આ સ્થિતિ વધુ વખત લંબાય તો મૃત્યુ થાય! જીવન માટે આવા ઉપયોગી એ 'જીવનજળ' લોહીને ફરતું રાખવાનું અને તેને ખૂણેખૂણે પહોંચાડવાનું કાર્ય હૃદય કરે છે.

છાતીના પોલાણમાં બે ફેફસાં વચ્ચે ગોઠવાએલું હૃદય આપણી બંધ મૂઠી જેટલા કદનું અને શંકુ આકારનું હોય છે. તેની ચારે કોર ચિક્કટ પાતળી ત્વચાનું બે-પડું આવરણ ચપોચપ ચોંટેલું હોય છે. એનું નામ પરિહૃદ(Pericardium). એ પરિહૃદનાં બે પડમાં પાતળું પ્રવાહી 'પરિહૃદ જળ' હોય છે. શરીરના બીજા અવયવો—જેવા કે ફેફસાં, આંતરડાં, ગુરદા વગેરે પણ, પેટીમાં રમકડાં ખડકયાં હોય તેમ પેટના પોલાણમાં છૂટાં નથી હોતાં, પણ તેમની ચારેકોર પાતળા સ્નાયુનું આવરણ કે થેલી હોય છે. પરિહૃદ-જળથી પરિહૃદ મુલાયમ રહે છે. આથી સદોદિત ધબકતું રહેતું હૃદય પોતાની એ સતત ગતિ દરમ્યાન, આસપાસના બીજા અવયવો સાથે ઘસાઇને ઇજા નથી પામતું. હૃદય, જાણે કે પરિહૃદ રૂપી થેલીમાં અદ્ધર લટકતું ન હોય તેમ, તે ફક્ત તેના પહોળા ભાગમાંથી નીકળતી મોટી રક્તશિરાઓ દ્વારા શરીર સાથે જોડાએલું છે. બાકીનો ભાગ શરીરની ડાબી બાજુ ભણી ઢળતો, બાજુના અવયવો ઉપર ગોઠવાઇ લટકતો રહે છે.

હૃદય છે તો માંસનો લોચો. એ નક્કર નથી પણ પોલો છે. ઊભા પટે તેના બે ભાગ છે: જમણો ને ડાબો. જમણા ભાગમાં શરીરમાં ફરીને અશુદ્ધ બનેલું લોહી પાછું આવે છે, ને ડાબા ભાગમાં, ફેફસાંમાં શુદ્ધ થએલું લોહી આવે છે, જ્યાંથી તે શરીરમાં સર્વત્ર જાય છે.

હૃદયનો એ દરેક ભાગ, વચમાં પડદા વડે બીજા બે ભાગમાં વહેંચાએલો છે. એટલે હૃદયના કુલ ચાર ખંડ બન્યા. એમાં ઉપરના બે ખંડો નાના હોય છે. તેનો આકાર કાન જેવો હોય તેને કર્ણિકા (Auricle) કહે છે : જમણી કર્ણિકા અને ડાબી કર્ણિકા. નીચેના ખંડો મોટા હોય છે. તેમાં લોહીનો જથ્થો રહેતો હોવાથી તેમનું નામ રુધિરાશય (Ventricle) છે: ડાબું રુધિરાશય અને જમણું રુધિરાશય. હૃદયના બે ભાગમાં ઓળખ પૂરતા આવા ભાગો પડયા: ઉપર કર્ણિકા અને નીચે રુધિરાશય. કર્ણિકા ને રુધિરાશય વચ્ચે લોહીના અવરજવર માટે દ્વાર (વાલ્વ) હોય છે. આ દ્વારો જમણા ભાગમાં પૅરેશૂટ(હવાઇ છત્રી) જેવા આકારના ત્રણ પડદાનાં, અને ડાબા ભાગમાં બે પડદાનાં બનેલાં છે. આ વાલ્વની રચના એવી હોય છે કે રુધિરાશયો સંકોચાય ત્યારે તે બિડાઇ જાય. તેથી કર્ણિકાઓમાં લોહી પાછું ફરતું નથી. હૃદયના ડાબા-જમણા ભાગો વચ્ચે લોહીના અવરજવર માટે સીધો માર્ગ નથી. પણ ત્યાં લોહી પહોંચાડનાર નાડીઓ તો હોય છે.

કર્ણિકાઓમાં લોહી જમા થાય છે ને રુધિરાશયો તેને બહાર ધકેલે છે. આ દરમિયાન હૃદય ધબકયા કરે છે. ગભરાટ, ક્રોધ કે દોડયા પછી, છાતીના ડાબા પડખે, સ્તનપ્રદેશ ઉપર, જમણા હાથની આંગળીઓ મૂકીએ તો હૃદયના ધબકારા માલૂમ પડે છે. ભયથી બીનેલા બાળક, પંખી કે બિલાડીના બચ્ચાને બાથમાં લઇએ તો આપણા હાથની આંગળીઓ પર એના હૃદયના ધબકારાના આંદોલનો જણાય છે. હૃદયના ધબકારા પ્રાણીમાત્રના જીવંતપણાના દર્શક છે. જીવ કયાં વસે છે? એ પ્રશ્નનો ઉત્તર સંજ્ઞા રૂપે આપવો હોય તો કહેવાય કે હૃદયમાં. કારણકે હૃદયના ધબકારા બંધ થાય તો દેહનું ચેતન ઊડી જાય છે.

હૃદયનું કાર્ય છે ધબકવાનું. એમાં બે ક્રિયાઓ સમાવિષ્ટ થાય છે: હૃદયનું સંકોચાવું (Systole) અને પહોળા થવું (Diastole). પ્રથમ બે કર્ણિકાઓ સાથે સંકોચાય છે. તે સમયે રુધિરાશયો ઢીલાં પડે છે, એટલેકે પહોળાં થાય છે. કર્ણિકાઓના સંકોચનથી રુધિરાશયો લોહીથી ભરાય છે. પછી બંને રુધિરાશયો સંકોચાય છે. આથી લોહી મોટી રક્તવાહિનીઓમાં જાય છે. ડાબા રુધિરાશયના સંકોચનથી લોહી શરીરમાં જાય છે. આ વખતે કર્ણિકાઓ પહોળી થાય છે, જેમાં શિરાઓ દ્વારા શરીરમાં ફરીને અશુદ્ધ બનેલું લોહી ભરાય છે. હૃદયની સંકોચાવાની અને પહોળા થવાની ક્રિયા 'પ્રેશર-પમ્પ' જેવી છે. આ ક્રિયાઓ સ્ટેથોસ્કોપ(દરદીને તપાસવાની ભૂંગળી)દ્વારા

યોગાસનો

આપણાં શરીર મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને સ્વસ્થ રાખતી વ્યાયામપદ્ધતિ

૭ : શલભાસન



આ આસન પૂરેપૂરું થાય એટલે શરીરનો દેખાવ તીડ જેવો થાય છે,' માટે એને શલભાસન કહે છે. શલભ એટલે તીડ.

ઊંધા સૂઈ જાઓ. પગનાં તળિયાં ઉપર રહે એવી રીતે પગ રાખો, અને બંને હાથ બાજુમાં મૂઠી વાળીને રાખો. ખભા, દાઢી, મોં, નાક વગેરે જમીનને અડકેલાં રાખો. હવે ઊંડો શ્વાસ લો અને છાતી તથા હાથ ઉપર આખા શરીરનો ભાર રાખી, પગને સીધા રાખી, ઊંચા કરો. ઢીંચણમાંથી પગ વળવા જોઇએ નહિ. જેટલે સુધી પગ ઊંચા લઈ જવાય એટલે સુધી લઇ જાઓ. પણ શરીરનો નાભિ સુધીનો ભાગ જમીનને અડકેલો રહેવો જોઈએ.

શ્વાસ રોકી શકાય એટલી સેકન્ડ આ આસન ચાલુ રાખો. પછી ધીમે રહીને પગ ઉતારો અને શ્વાસોચ્છ્વાસ શરૂ કરો. શ્વાસની ક્રિયા સામાન્ય થઈ જાય એટલે ફરીથી આસન કરો. ઓછામાં ઓછા બે, ને વધારેમાં વધારે સાત વખત આ આસન કરવું. શ્વાસને કદીપણ શ્રમ લઇને રોકી ન રાખો. સ્વાભાવિકરીતે રહેવાય તેટલીજવાર રહો.

એકદમ બંને પગ ઊંચકતાં ન ફાવે તો થોડા દિવસ એકએક પગ ઊંચકીને ટેવ પાડવી. એવી રીતે એક પગ ઊંચકાય તેને અર્ધું શલભાસન કહે છે.

આ આસનથી કિડની (મૂત્રપિંડ) તથા પેટને ઘણા ફાયદા થાય છે.

દામુભાઇ શુકલ

સાંભળીએ તો 'જીવન'ના લબ્-ડબ, લબ્-ડબ, લબ્-ડબ અવાજો, એક ગતિએ અને એક તાલથી થતા સંભળાય છે. આ ધબકારાના જોરે હૃદયમાંથી લોહી રક્તવાહિનીઓ દ્વારા શરીરમાં ધકેલાય છે. હાથના અંગૂઠાના મૂળમાં આવેલી નસ (નાડી) ઉપર બીજા હાથની આંગળીઓ મૂકીએ તો ત્યાં પણ નાડીના ધબકારા ગણાય છે. એક મિનિટમાં નાડી ૭૦થી ૮૦ વખત ધબકતી હોય છે. જોકે ઉમર પ્રમાણે એમાં ફેરફાર હોય છે. બે વર્ષના બાળકમાં મિનિટના ૧૦૦થી ૧૨૦ ધબકારા થાય છે, જ્યારે ૮ વર્ષની ઉંમરે ધબકારા ૮૦થી ૯૦, ૧૫ વર્ષની ઉમરે ૮૦થી ૮૫, પુખ્ત વયે ૭૫થી ૮૦ અને વૃદ્ધાવસ્થામાં ૬૫થી ૭૦ જેટલા હોય છે. આ સંખ્યામાં કસરત, ખોરાક, સ્વભાવ, દિવસના હવામાન અને માંદગી અનુસાર થોડી વધઘટ થાય છે.

હૃદય સતત ધબક્યા જ કરે છે: રાત ને દિવસ. આપણે કામમાં હોઈએ કે ઊંઘમાં, લડતા હોઇએ, મજૂરી કરતા હોઇએ કે આરામ, પણ તે તો અવિરત ધબક્યા જ કરે છે. માણસ કે તેના મગજની જેમ તે ઊંઘમાં યે પડતું નથી. તે તો વણથંભ્યું ધબક્યા જ કરે છે. મિનિટમાં ૭૦થી ૮૦ વખત; દિવસમાં ૧,૦૪,૦૦૦ વખત; અને સિત્તેર વર્ષની આયુર્મર્યાદામાં ત્રણ અબજ વખત! દરેક ધબકારા વખતે ડાબા ને જમણા રુધિરાશયોમાંથી ત્રણ ઔંસ લોહી બહાર ધકેલાય છે અને શરીરમાં બધે ફરી વળે છે, જે એક કલાકના સમયમાં ૮૦ ગૅલન થાય અને ચોવીસ કલાકમાં બે હજાર ગેલન થાય. કસરત, શ્રમ કે ભારે કામમાં રોકાયા હોઇએ ત્યારે તે ખૂબ જોસથી ધબકે છે ને મિનિટના ૧૫-૧૬ ગૅલન લોહી શરીરને પૂરું પાડે છે. શ્રમમાંથી છૂટયા બાદ હૃદય બનતી ઝડપે પાછું પોતાની ગતિએ આવી જાય છે.

પુખ્ત શરીરમાં બાર રતલ લોહી હોય છે. આ લોહી સતત હૃદય દ્વારા શરીરમાં ધકેલાયા કરીને શરીરના કોષોને આંતરડાંઓમાંથી મેળવેલું પોષણ અને ફેફસાંઓમાંથી મેળવેલો પ્રાણવાયુ આપ્યા જ કરે છે. હૃદયની ગતિના હિસાબે ચોવીસ કલાકમાં એક હજાર વાર શરીરના કોષો લોહી દ્વારા પોષણ મેળવે છે અને સાફસુફ થાય છે. હૃદયનું કદ વ્યક્તિની બંધ મૂઠીના જેટલું હોય છે. વધુ સ્પષ્ટ થવા તેનું માપ આ પ્રમાણે છે: લંબાઈ પાંચ ઇંચ, પહોળાઈ ત્રણ ઇંચ અને જાડાઇ અઢી ઇંચ. વજન ૯થી ૧૦ અધોળ લગભગ હોય છે; અગર તે વ્યક્તિના વજનના ૨૦૦મા ભાગનું. આવા નાનકડા અવયવની કાર્યક્ષમતા તો જુઓ! રાત અને દિવસ, અરે! માનવી જીવે ત્યાં સુધી, અવિશ્રાંત, મરાગત માટે કે જરા થાક ખાવા માટે થંભ્યા વગર, સતત કાર્ય કર્યા કરે છે! તેના સખત શ્રમનો ખ્યાલ તો કરો! ચોવીસ કલાકમાં તે કેટલું બધું કામ કરે છે? ભોંય ઉપરથી એક ટન વજન ૫૦ ફૂટ ઊંચે લઇ જવામાં જેટલો શ્રમ કરવો પડે તેટલો શ્રમ, અગર તો ૧૨૦ ટન (૬૭૨૦ મણ) વજન જમીનથી એક ફૂટ ઊંચું કરવામાં જેટલું જોર જોઇએ એટલું જોર, હૃદય ઉઠાવતું હોય છે! આવો સખત શ્રમ ઉઠાવવા માંટે પોષણ પણ અધિક જોઇએને? શરીરના લોહીનો ૧/૨૦ ભાગ હૃદયની માંસપેશીઓને પોષણ આપે છે.

આવો સખત શ્રમ ઊઠાવતા હૃદયની માંસપેશી આખા શરીરની માંસપેશીઓ કરતાં યે મજબૂત હોય છે: અન્ય પ્રાણીઓના હૃદયની માંસપેશીઓ કરતાં પણ મજબૂત. કારણકે અન્ય પ્રાણીઓ મગજનું ભારે કામ કરતાં નથી; જ્યારે માણસના મગજને ખૂબ કામ કરવાનું હોવાથી તેને મગજમાં પુષ્કળ લોહીની જરૂર પડે છે અને હૃદયને ત્યાં ઊંચે લોહી પહોંચાડવાનું હોય છે.

કર્ણિકાઓનું કામ હળવું હોવાથી તેની માંશપેશીઓની દીવાલો પાતળી અને નરમ હોય છે. જમણા રુધિરાશયને લોહીનો જથ્થો ફેફસાંઓમાં ધકેલવાનું કાર્ય ભારે હોવાથી તેના સ્નાયુઓ ખડતલ અને મજબૂત હોય છે. પરંતુ આના કરતાં પણ વધારે જોસભર્યું કાર્ય તો ડાબું રુધિરાશય કરે છે. તેનો ધબકારો અગર તો સંકોચન એટલું તો જોસભર્યું હોય છે કે જેથી આખા શરીરમાં, ઊંચે મગજમાં ને નીચે છેક પગની આંગળીઓ સુધી, સર્વત્ર લોહી ફરી વળે છે. માનવેતર પ્રાણીઓમાં મગજ હૃદયની સમાંતર લીટીમાં ગોઠવાએલું હોવાથી ડાબા રુધિરાશયને ત્યાં લોહી પહોંચાડવા માટે બહુ જહેમત ઊઠાવવાનીનથી હોતી, પણ માનવીમાં તો માથું ઊંચે હોવાથી હૃદયને છેક ત્યાં અદ્ધર લોહી પહોંચાડવાનું હોઈ, ડાબા રુધિરાશયને ખૂબ જહેમતભર્યું કામ કરવું પડે છે. આથી ડાબા રુધિરાશયની માંસપેશીઓ (Muscles) ખૂબ પુષ્ટ અને અતુલ શક્તિશાળી હોય છે. ડાબે પડખે હૃદયના ધબકારા આંગળીઓ ઝીલતી હોય છે તે તેના અણીવાળા છેડાના (Apex of the heart) ના જ હોય છે.

હૃદયની માંસપેશીઓની રચના વિશાળ પ્રકારની અને અટપટી હોય છે. માંસપેશીઓના રેષાઓ-તંતુઓ (Fibers) એકબીજા

સાથે ગુંથાએલા, ગોળાકારે પથરાએલા અને દબાઈ દબાઇને ગોઠવાયા હોય છે. આથી સંકોચન વખતે હૃદયની દીવાલો એવું તો કાર્ય કરતી હોય છે કે લોહીનું છેલ્લું ટીપું પણ 'નિચોવાઈને' બહાર નીકળી જાય છે.

આવા સતત કાર્યરત હૃદયને આરામ પણ મળતો રહે એવી આબાદ હિકમતભરી રચનાવાળી એની ક્રિયાશીલતા છે. આપણે મૂઠી વાળીએ એવીરીતે હૃદય એક સામટું કદી સંકોચાતું નથી. પણ એની સંકોચનક્રિયા કર્ણિકાઓમાં શરૂ થઈ મોજાંની ગતિ પેઠે આગળ વધી, જમણા રુધિરાશય ઉપર થઇ, છેવટે ડાબા રુધિરાશયના અણિયાળા છેડે વિરમે છે. આ દરમ્યાન સંકોચન પામેલી કર્ણિકાઓ ને રુધિરાશય ઢીલાં અગર તો પહોળાં થઈ આરામની સ્થિતિમાં પડે છે.

હૃદયનો દરેક ધબકારો એક સેકન્ડનો ૮/૧૦ ભાગ જેટલો સમય રોકે છે. કર્ણિકાનું સંકોચન સેકન્ડના ૧/૧૦ ભાગ સમય સુધી ચાલે છે. પછી ઢીલા પડવામાં કે પહોળા થવામાં સેકન્ડનો ૭/૧૦ સમય વીતે છે. આ પછી રુધિરાશયનું સંકોચન શરૂ થાય છે, તે સેકન્ડના ૩/૧૦ સમય સુધી ચાલે છે. પછી તે સેકન્ડના ૫/૧૦ સમય સુધી પહોળું રહે છે. આ પછી હૃદય સેકન્ડના ૪/૧૦ સમય સુધી આરામ લે છે. ત્યાર બાદ બીજો ધબકારો શરૂ થાય છે. ચોવીસ કલાકમાં હૃદય જે એક લાખ વાર ધબકે છે, એ બે ધબકારા વચ્ચેના ગાળામાં આટલા વખત સુધી આરામ પણ લે છે. આ રીતે ગણતરી કરતાં ચોવીસ કલાકમાં હૃદયને છ કલાકનો આરામ મળે છે. સિત્તેર વર્ષની આયુષ્ય મર્યાદામાં આ સમય એકવીસ વર્ષ જેટલો થાય! લબ-ડબના તાલ સાથે એક ગતિથી કામ કરતું હૃદય આ રીતે શ્રમમાં પણ વિશ્રામ મેળવે છે. આથી તે શતાયુ ભોગવનારામાં પણ મરામત માટે કે થાક ખાવા માટે થંભ્યા વગર કામ કરવા શક્તિવંતું હોય છે. સખત શ્રમ કરનારને, શ્રમ વખતે પણ આરામ પૂરતો સમય મળતો રહે તો, તે લાંબા ગાળા સુધી કાર્યક્ષમ રહી શકે એ હૃદયના કાર્ય ઉપરથી ફલિત થાય છે.

હૃદય શાથી અને કેવીરીતે ધબકયા કરે છે એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. માતાના પેટમાં બાળક પાંચ માસનું હોય ત્યાંથી હૃદયનું ધબકવાનું શરૂ થાય છે, તે છેક વ્યક્તિની આયુમર્યાદા સુધી અવિરત અવિશ્રાંત ધબકયા જ કરે છે. આ રીતે તેને ધબકાવ્યા કરતી હૃદયની માંસપેશીઓ આપણા હાથપગ, આંખનાં પોપચાં, ગાલ કે જીભની જેમ આપણા કાબૂમાં નથી. પણ તે સ્વૈર (Automatic) છે. પોતાની મેળે જ ચાલ્યાં કરે છે; આપણી ઇચ્છાશક્તિ અનુસાર વર્તતી નથી. અન્ય માંસપેશીઓ કરતાં તે ચાર પાંચ ગણી શક્તિશાળી કે વિશિષ્ટ રચનાવાળી હોવા છતાં યે તે માંસપેશી જ છે. એટલે દરેક માંસપેશીની જેમ જ્ઞાનતંતુઓની આજ્ઞા અનુસાર તે કાર્ય કરે છે.

હૃદયમાં જ્ઞાનતંતુના કોષો છે. તેનો એક જથ્થો જમણી કર્ણિકામાં મોટી શિરાઓ પાસે છે. અંગ્રેજીમાં તેનું નામ સીનો-ઑરિક્યુલર નોડ છે. એ જ આપણા હૃદયના ધબકારા શરૂ કરનાર (Pace Maker) છે. બીજો જથ્થો જમણી અને ડાબી કર્ણિકાની વચ્ચે આવેલી દીવાલ ઉપર છે. અહીંથી જ્ઞાનતંતુઓ રુધિરાશયો ઉપર ફેલાએલા છે. હૃદયનું કાર્ય શરીરની જરૂરિયાતો અનુસાર રહે તે માટે તેનું આ સ્વૈર-કાર્યતંત્ર પણ મગજની દોરવણી હેઠળ રહે છે આ માટે મગજ અને હૃદયને જોડતા જ્ઞાનતંતુઓ છે. આમાંનાં મુખ્ય બે. સિમ્પૅથેટિક જ્ઞાનતંતુ હૃદયનો વેગ વધારે છે; વેગસ જ્ઞાનતંતુ મંદ કરે છે. મગજની ઉશ્કેરણી વખતે સિમ્પૅટિથેક જ્ઞાનતંતુ ઉત્તેજના પામે છે. આથી હૃદય ખૂબ ઝડપથી ધબકે છે. જ્યારે ભય, બીક, દુ:ખ, ઉદાસીનના વગેરેથી વેગસ જ્ઞાનતંતુ ઉત્તેજના પામી હૃદયની ગતિ મંદ કરે છે. આમ સિમ્પૅથેટિક અને વેગસ હૃદયને અનુક્રમે ચાબુક અને લગામ સમાન છે. કોઇ મોટા ખટારા સાથે જોડાએલા ઘોડા જેવું હૃદય છે. સિમ્પૅથેટિક તંતુઓ ચાબુકની જેમ એ ઘોડાને હાંકે છે, ને વેગસ તંતુઓ લગામની જેમ એ ઘોડાને કાબૂમાં રાખે છે.

પાછલા પૂઠામાંનું ચિત્ર : રામાયણના ચિત્રપ્રસંગો

કાબુલમાં ભરાએલા ભારતીય કલાપ્રદર્શનમાં રજૂ થએલી ત્રણ કૃતિઓ ગયા અંકમાં આપેલી. તેને અનુસંધાને, એ જ પ્રદર્શનમાંની 'રામાયણના ચિત્રપ્રસંગો'માંનાં ત્રણ ચિત્રપટ અહીં આપ્યાં છે: ભીંતચિત્રોને અનુરૂપ એની રચના વિશિષ્ટ છે. વચ્ચે મુખ્ય પ્રસંગ આલેખીને, બાજુની બે તકતીઓમાં તેનાં અનુષંગી આલેખનો છે. વચલા ચિત્રની નીચેના જે ગાળામાં બુટ્ટાની ભાત આલેખેલી છે ત્યાં ચિત્રપ્રસંગને અનુરૂપ વર્ણન, શ્લોકો કે રામાયણની ચોપાઇઓ મૂકી શકાય. પહેલા ચિત્રમાં 'રામજન્મ'નું દશ્ય છે, જેની જમણી બાજુની તકતીમાં તેના ઉત્સવની રંગોળીઓ પુરાતી દર્શાવી છે જ્યારે ડાબી બાજુની તકતીમાં કૈકેયીને ભંભેરતી મંથરા તથા શોકમગ્ન નતમસ્તક પાત્રનું આલેખન છે. એ જ રીતે વચલા ચિત્રમાં, પંચવટીમાં સીતાની જિદથી લાચારીએ મૃગને હણવા જતા રામના આલેખનની ડાબીજમણી બાજુએ રામ અને મૃગની તકતીઓ છે. નીચે 'અશોકવનમાં સીતા' દર્શાવતા વચલા ચિત્રની પડખેની બે તકતીઓમાં શોકનિમગ્ન રામ-લક્ષ્મણ તથા સીતાશોધની મંત્રણા કરતા હનુમાનાદિનું આલેખન છે. કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય અને બંગાલશૈલીના કલાકારોમાં આગલી હરોળનું સ્થાન ધરાવતા સિદ્ધહસ્ત કલાકાર શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી જેવાની આ કૃતિઓમાં પણ અમુક દોષો જણાય છે; છતાં સમગ્રતયા, એક નવીન રજૂઆતશૈલી તરીકે, તેમજ હિંદી લોકહૃદયમાં ચિરસ્થાયી બનેલી જીવનસ્પર્શી એ કથાના, બીજી બધીરીતે નયનાભિરામ આલેખન તરીકે આ ચિત્રો ગમે એવાં છે.

'ચિત્રબોધ'નું ચિત્ર : સમુંદરના સંકેતો

એના મથાળાની વાવટા લિપિ મુજબ કોઇ આખા સંદેશાના દરેક અક્ષર દીઠ વાવટો–ધ્વજસંજ્ઞા મૂકતાં તો લાંબુ તોરણ બંધાય, એટલે જહાજોના ચાલુ વ્યવહારમાં આવતાં નિશ્ચિત વાક્યો માટે અમુક ખાસ આંતરરાષ્ટ્રીય અક્ષરસમૂહો યોજવામાં આવ્યા છે: જેવા કે RW એટલે 'ક્યાંથી આવો છો?' NC એટલે ભયમાં છીએ;' FR એટલે 'માણસ ઊથલી પડયો છે, હોડી મોકલો;' વગેરે. વળી, C એટલે 'હા' અને N એટલે 'ના' જેવા એકાક્ષરી સંકેતો ઉપરાંત, દરેક જહાજને પોતાના નામનો ચાર અક્ષરનો સ્વતંત્ર સંકેત પણ હોય છે.

આવી જ રીતે મુંબાઇના બારામાં આવતાં-જતાં જહાજોને હવામાનની માહિતી આપવા માટે મુંબાઈના પોર્ટટ્રસ્ટ દ્વારા બંદરના પોર્ટ સિગ્નલ પોસ્ટ પર, ચારેક ફૂટ વ્યાસનાં લંબચોરસ, ત્રિકોણ કે શંકુ આકારનાં પાટિયાં લટકાવેલાં હોય છે. પૂના અને સાંતાક્રુઝનાં હવામાન મથકો પરથી થતી આગાહીઓ અનુસાર બંદરમાં પલટાતાં હવામાન તથા આગામી ભય વિષેની ચેતવણી દિવસે એ પાટિયાંદ્વારા, અને રાત્રે ૪ ફૂટના વ્યાસની લાલ તથા સફેદ બત્તીઓના સંકેતો યોજીને આપવામાં આવે છે. ૧૧ પ્રકારના એ સંકેતો સમજણ આ અંકના ચિત્રબોધમાં આપેલી છે. દરેક જહાજ તથા ગોદીને વ્યક્તિગત સંદેશાઓ પહોંચાડવાનું અશક્ય થઇ પડે એટલા માટે મુકાતા આ સંકેતો તરફ ઘણી વાર કેટલાયે માછીમારો ધ્યાન જ નથી આપતા; તેથી તેવાઓ માટે તોફાનના આગમનની આગાહી કરવા એક માણસ બધી ગોદીઓમાં નગારું વગાડતો વગાડતો સાવચેત રહેવા સૂચવી જાય એવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

વન-વનસ્પતિ રૂપી દેશની અણમોલ સમૃદ્ધિમાં પ્રજાને રસ લેતી કરવા માટે યોજાએલું અમેરિકાનું

વૃક્ષોનું સંગ્રહાલય



'વૃક્ષોના સંગ્રહસ્થાન' માટે નૈસર્ગિક વાતાવરણમાં ઉગાડવામાં આવેલું 'વસંત-ઉપવન'

અમેરિકાના શિકાગો નગરમાં વૃક્ષ-પ્રેમીઓ ને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસી વિદ્યાર્થીઓને માટે નંદનવન સમું એક અનન્ય સંગ્રહસ્થાન આવેલું છે. એ છે 'વૃક્ષોનું સંગ્રહાલય.' એમાં અમેરિકાનાં કિસમકિસમનાં વૃક્ષોના નમૂના વિગતવાર માહિતી સાથે હૂબહૂ રૂપમાં ગોઠવ્યા છે. યુનાઇટેડ સ્ટેટ્સના એ બીજા નંબરના શહેરના ઉર-પ્રદેશમાં આવેલું એ મ્યૂઝિયમ વનસ્પતિપ્રેમીઓ તથા અભ્યાસીઓને મન યાત્રાધામ જેવું થઈ પડ્યું છે. વિખ્યાત અમેરિકન નાણાંશાસ્ત્રી માર્શલ ફીલ્ડે પોતાને ખર્ચે રચાવીને અમેરિકન પ્રજાને ભેટ ધરેલા એ સંગ્રહાલયમાં દેશનાં તેમજ પરદેશનાં વિધવિધ વક્ષોનાં શાસ્ત્રીય વર્ગીકરણ, તેનાં અંગ-ઉપાંગ, તથા તેનાં લાકડાં તેમજ તેમાંથી નિપજતી બીજી પેદાશો વગેરેનો પરિચય અને અભ્યાસ સરળતાથી થઈ શકે એવી તેની રચના છે.

દાખલા તરીકે 'ઉત્તર અમેરિકન વૃક્ષ-વિભાગ'માં ૪૪ કેઈસ (મંજૂસ)માં અમેરિકન તળપદાં વૃક્ષો—મુખ્યત્વે સાગ—ના નમૂના છે. તેમાં દરેક વૃક્ષની પલ્લવિત તથા પાનખર ઋતુના ફોટોગ્રાફ, તેનાં ફળ-ફૂલ-પાન સાથેની એક ડાળી, તેની શાસ્ત્રીય સમજ આપતી તકતી, દેશમાં તેની પેદાશ દર્શાવતો નકશો, તથા તેના લાકડા તેમજ પાટિયાંના પ્રત્યક્ષ નમૂના રજૂ કરેલા છે. એ નમૂનાઓમાં દરેક ઝાડના થડનો પાંચ ફૂટ ઊંચો-છાલ સાથેનો ટુકડો તથા અંદરના ભાગ દર્શાવતાં વહેરેલાં પાટિયાં હોય છે. આ જ રીતે 'વિદેશી વૃક્ષોના વિભાગ'માં દેશપરદેશથી આયાત થતા, ઈમારતી ફર્નિચર માટેનાં ઉચ્ચકોટિનાં લાકડાં (ઇંગ્લિશ યૂ, ઈટાલિય ઑલિવ, કાર્પેથિયન એલ્મ વગેરે)ના પ્રત્યક્ષ કુદરતી તથા તેના વહેરેલા ને પૉલિશ કરેલા નમૂના તેમજ બર્ડ-ગ્રેઇનની પ્લાઈવૂડ પૅનેલ સુદ્ધાં દર્શાવેલાં છે.

બીજા એક કેઇસમાં—મંજૂસ (મંજૂષા)માં—વળી દેશપરદેશનાં લાકડાંઓનાં સાપેક્ષ વજનો બતાવ્યાં છે, જેમાં એકબીજાના વજનના મુકાબલે તેમનાં કદની સરખામણી બહુ સચોટરીતે દર્શાવેલી છે. દાખલા તરીકે, 'લૉરેન્ટો રેડક્વેબ્રાકો' નામના વજનદાર લાકડાનો ત્રણ ઇંચ ઘન (3''×3''×3'')નો એક ટુકડો અને વેસ્ટ ઇન્ડીઝમાં થતા 'બાલ્સા' નામના હલકા લાકડાનું એક ચોરસફૂટ માપનું ત્રણ ઇંચ જાડું ચચિયું, એ બે જોડાજોડ મૂકીને તેની નીચેના લેબલમાં લખ્યું છે કે આ બંનેનાં વજન સરખાં છે! 'લૉરેન્ટો' ભારે હોવાથી તેનો ટુકડો નાનો છે, જ્યારે 'બાલ્સા' હલકું હોવાથી તેનું એટલા જ વજનમાં મોટું ચચિયું થયું.


એક આખો ખંડ વળી ખાદ્ય ફળોના છોડને માટે તથા દુનિયાભરમાં થતાં પામ (તાડ વર્ગની વનસ્પતિ)ને માટે રોકવામાં આવ્યો છે; જેમાં માડાગાસ્કરનો રાફિયા-પામ, બ્રાઝિલનો કાર્નોબા-પામ, એશિયાનાં સોપારીવૃક્ષ-પામ, ક્યૂબાનાં રૉયલ-પામ, દક્ષિણ યુનાઇટેડ સ્ટેટ્સનાં કૅબેજ-પામ આદિ અનેકવિધ જાતોના નમૂના તથા તેનાં બધાં અંગઉપાંગોની વિગત, ઉપરાંત ગરમ દેશોમાં એ બધાં આર્થિક દૃષ્ટિએ જીવનમાં કેટલી અસંખ્યરીતે મહત્ત્વનાં છે તે બતાવ્યું છે.

મ્યૂઝિયમમાંનાં વૃક્ષો તથા છોડોના નમૂના સંપૂર્ણ રીતે આબેહૂબ બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવવામાં આવે છે. જે દેશોનાં વૃક્ષો હોય ત્યાં તેને માટે ખાસ સફરો યોજીને જીવંત નમૂના મેળવવામાં આવે છે, અને પછી તેમાંથી થડ, ડાળી, ડાંખળાં વગેરે જે રહી શકે તેમ હોય તેટલા મૂળ ભાગ રાખીને, બાકીનાં પાંદડાં, ફૂલ, ફળ વગેરે મ્યૂઝિયમની લેબોરેટરીમાં, પ્લાસ્ટિક, કાચ, મીણ, ધાતુનાં પતરાં, રેસા વગેરેમાંથી તૈયાર કરવામાં આવે છે. પણ તે એટલાં તો આબેહૂબ બનાવેલાં હોય છે કે ભલભલા જોવા આવનારાઓ પણ કળી નથી શકતા કે પોતે જુએ છે તે નમૂનો બનાવટી છે!

લાકડાં અને પાટિયાં સિવાયની વૃક્ષોમાંથી થતી બીજી પેદાશો એક ખંડમાં રાખવામાં આવી છે, જેમાં લાકડાનો માવો (કાગળ વગેરે બનાવવા માટેનો), ટર્પેન્ટાઇન, રબર, રંગ, ટૅનિન, વનસ્પતિજન્ય તેલો, લાખ, બૂચ, રાળ, ગુંદર, વાર્નિશ, વગેરે એટલી તો અસંખ્યાત વસ્તુઓનો સમાવેશ થાય છે કે છક થઈ જઈએ.

જે ઝાડમાંથી છેદ પાડીને રબર, ગુંદર કે રાળ જેવા પદાર્થોના રસ મેળવી શકાય છે, તેવાં વિવિધ ઝાડોનાં આખાં થડનાં થડ, તેના પૂર્ણ પરિપક્વ રૂપમાં, કાપી લાવીને રાખવામાં આવ્યાં છે; અને તેમાં, રસ મેળવવા માટે કઇકઇ પદ્ધતિએ કેવાકેવા છેદ પાડવામાં આવે છે તે હૂબહૂ છેદ પાડીને બતાવેલું છે. એવી જ રીતે દક્ષિણ અમેરિકાનાં 'લંબપર્ણ પાઈન'માંથી ટર્પેન્ટાઇન તથા રશિયામાં થતાં 'સ્કૉચ પાઇન'માંથી ટર્પેન્ટાઈન તેમજ તેલિયા રાળ મેળવવા માટે કઇ રીતે છેદ પાડવામાં આવે છે તે પણ દર્શાવ્યું છે.

નાના છોડવાઓના ખંડમાં દરેક છોડ-વર્ગ માટે એકએક અલગ કબાટ રાખેલું છે, જેમાં એ વર્ગના છોડવાઓની ઓછામાં ઓછી ૫૦ જગવિખ્યાત મહત્ત્વની જાતો રાખી છે. દાખલા તરીકે વટાણાની જાતનો છોડ-વર્ગ એટલો વિસ્તૃત છે કે તેને માટે ચાર મંજૂસ; એ



'વૃક્ષોના સંગ્રહસ્થાન'માંના 'ઇમારતી લાકડાં'ના વિભાગમાંનો એક નમૂનો. આવા દરેક નમૂનામાં આટલી વસ્તુઓ હોય છે: (૧) વચ્ચે તે ઝાડની પાન-ફળ-ફૂલવાળી આબેહૂબ ડાળી; (૨) તેની બંને બાજુએ બે છબિઓ—જેમાંની એકમાં તે વૃક્ષનું પાનખરનું દૃશ્ય ને બીજીમાં વસંતઋતુનું નવપલ્લવિત દૃશ્ય; (૩) નીચે, તેનું નામ તથા ટૂંકો સંપૂર્ણ શાસ્ત્રીય પરિચય આપતી તકતી; તેની નીચે (૪) અમેરિકામાં તે કયે કયે સ્થળે થાય છે તે ઘેરા રંગથી દર્શાવેલો નકશો; તેની નીચે (૫) તેના થડનો વચ્ચેથી વહેરેલો ટુકડો, જેમાં તેનું આયુષ્ય તથા આંતરિક રચના દર્શાવતાં વળો દેખાય; અને બંને બાજુએ (૬) બે ઝાડના થડના પાંચેક ફૂટ ઊંચા ટુકડા તથા તેના અંદરના ગાળાના સળ દર્શાવતા અછાલાં તેમજ વચ્ચેનાં પાટિયાના ટુકડા.

જ રીતે નાનાં ઔષધીય ઝાડવાં ને ભોંયભાજીનાં પણ નમૂના છે.

પ્લમ, લોકાટ, ચેરી, પેર, ઍપલ (સફરજન), યુરોપિયન ગુલાબ, તળપદાં અમેરિકન ક્રૅબ ઍપલ, વગેરેની ફળફૂલથી લચેલી રંગભર ડાળીઓ ને તેની નીચે તે દરેક વર્ગનાં લાકડાના નાના ટુકડા મૂકી તેનું ઇમારતી મહત્ત્વ દર્શાવતાં બે કબાટો ભરેલાં છે.

પણ આ સંગ્રહસ્થાનનું સર્વશ્રેષ્ઠ અંગ તો છે, વૃક્ષમંડપોની છાયામાં ઉછેરવામાં આવતાં નાના છોડનાં ઉપવનો. જેમાં થોડાંક જંગી વૃક્ષોની ઘેરી ઘટાથી બનેલા ચંદરવાની નીચે, એવાં વિવિધ છોડવાઓનાં જૂથ વાવવામાં આવ્યાં છે કે જે છાંયામાં જ ઊછરી શકે. દાખલા તરીકે 'વસંત-ઉપવન'માં ઓક, ઍશ, મૅપલ વગેરે જેવા વૃક્ષરાજોની વિરલરેલી ડાળીઓની છાયામાં કાળાં ચેરી, લાલ ઑઈસર છાંટણાંવાળાં જિરૅનિયમ, ત્રણ રંગભાતવાળાં વાયોલેટ, આદિ સંખ્યાબંધ પુષ્પછોડોનાં ઝુંડનાં ઝુંડ પોતાની રંગભભક બહલાવતાં ખીલી ઊઠયાં હોય છે; અને એમાં જાણે રંગપૂરણી કરવી હોય તેમ, બેસતી વસંતે ફૂટતી એ મોટાં વૃક્ષોની લાલ કૂંપળો તથા તેના ઉપર વીંટળાતી વેલીઓનાં કૂળાં પાન લીલી ઘટાંમાં અનેરી ભાત પાડે છે. વચ્ચે થઇને વહેતા નાના ઝરણાને કાંઠેકાંઠે 'બટરકપ' જેવા બિનાશમાં ઊગતા ફૂલછોડ હસી ઊઠે છે. બીજું એક ઉપવન વળી ઉત્તર અમેરિકાના પર્વતીય પ્રદેશોના શિરોભાગે ઊગતી વનસ્પતિઓ ઉછેરે છે.

પૃથ્વી પર પથરાએલી સરજનહારની અમી નજર જેવી આપણી વનસ્પતિસૃષ્ટિનું તથા તેની સમૃદ્ધ નિપજોનું આવું આ નિઃશેષ અને અનન્ય સંગ્રહસ્થાન યોજવાનો મુખ્ય યશ, આ સંગ્રહસ્થાનના મુખ્ય ક્યુરેટર ડૉ. બી. ઈ. ડાહલમેનને વરે છે. ૪૦-૪૦ વરસના કાળજીભર્યા પરિશ્રમ વડે એમણે આ બધા નમૂનાઓ ભમીભમીને એકઠા કર્યા છે, સંશોધિત કર્યા છે ને ઉછેર્યાં છે. કેટલાક તો તે ગરમ દેશોની સફરો ખેડીખેડીને ઉછેરી લાવ્યા છે. તેમાં યે પામવૃક્ષોનો સંગ્રહ તો તેમના અંગત સ્મારક રૂપ બની રહેશે. જોકે સમગ્ર સંગ્રહ માટે એમણે એટલો જ રસ અને પરિશ્રમ લીધાં છે.

['અમેરિકન ફૉરેસ્ટ્રી એસોસીએશન' (અમરિકી વનવિદ્યા સંઘ)ના મુખપત્ર 'અમેરિકન ફૉરેસ્ટ્સ' (અમરિકી જંગલો) નામે માસિકના જાન્યુઆરી ૧૯૫૦ના અંકમાંના બૉબ ફૉબ્સૅ નામે જાણીતા લેખકના લેખપરથી. ચિત્રો: શિકાગો નૅચરલહિસ્ટરી મ્યૂઝિયમના સૌજન્યથી.]

છેતરપીંડી (અનુસંધાન સામેના પાનેથી)

થી પત્ર આવ્યો કે તેણે ઇન્કમટૅક્સ ઑફિસરને મળવાનું છે. મળવા ગયો ત્યારે ઑફિસરે કહ્યું. 'તમારે નામે બે બૅંકમાં પચીસ પચીસ હજાર રૂપિયાનાં બે ખાતાં પકડી પાડવામાં આવ્યાં છે; અને તમે ઇન્કમટૅક્સનું જે ફૉર્મ ભર્યું તેમાં તો પચાસ હજારની રકમનો ઉલ્લેખ સુદ્ધાં નથી. આમ કેમ ? તમારા પર કાયદેસર ...'

'મારી વાત તો સાંભળો.' યોગેશ વચ્ચે બનાવટ કરતાં બોલી ઊઠયો, 'જુઓને સાહેબ, હું તો એક સાચો નાગરિક છું. અત્યાર સુધીમાં, આપે જોયું હશે કે, એક પણ વર્ષ મેં ઈન્કમટૅક્સમાં ક્યાં ય ગફલત નથી કરી. આપ જે કહો છો તે પચાસ હજાર રૂપિયા તો મને ઑફિસ સિવાયનું કામ કરવાના મળ્યા છે ને મારી માન્યતા તો એમ છે એના પર કર નહિ લાગતો હોય. છતાં યે આપ કહેતા હો કે મારે કર ભરવો જ જોઈએ, તો હું તૈયાર છું, હું માનું છું મેં મારી સ્થિતિની સત્ય હકીકત કહી દીધી છે, અને કાયદેસર. . .'

'ના ના, એમાં ગભરાવા જેવું કશું જ નથી.' ઑફિસરે પોતાની સજ્જનતા વચ્ચે બોલી બતાવી. 'સચ્ચાઈવાળા માણસો પર અમે એમ પગલાં લેવા નથી માગતા. અને જ્યારે તમે કર ભરવા તૈયાર જ છો, ત્યારે શો વાંધો છે?'

અને યોગેશે પચીસ હજાર રુપિયા કરના ભર્યા.

આ પ્રમાણે કર ભર્યા વગરની રકમ બતાવી આપવા માટે સરકારે અમૃતસરના મહેન્દ્ર મહેતા ને કલકત્તાના શાંતિલાલ શાહ બંનેને કુલ બતાવેલી રકમના પાંચ ટકા લેખે ૧૨૫૦ રૂપિયાનાં બે ઈનામો આપ્યાં. અલબત્ત, ઇનામ વાસ્તવિકરીતે તો યોગેશને જ મળ્યાં.

યોગેશને થયું કે સરકારને આબાદ છેતરી. આ રીતે સરકારને છેતરનાર કદાચ પોતે પહેલો જ હશે એમ પણ તેને લાગ્યું. બીજી કશી ગફલત કર્યા વગર, તેણે સરકાર પાસેથી અઢી હજાર રૂપિયા —પોતાનો આશરે મહિનાનો પગાર પડાવી લીધો હતો. હવે તેણે આસ્તે આસ્તે અમૃતસર તેમજ કલકત્તામાંથી પોતાનાં મકાનો કાઢી નાખ્યાં, અને જાણે કશું જ બન્યું નથી તેમ પાછો મુંબઈમાં ચુપ થઇ પોતાનું કામકાજ કરવા લાગ્યો.

આ બધું કરવા પાછળ તેને સમય અને પૈસાનો ભોગ પણ આપવો પડયો. વળી કલકત્તા, અમૃતસર અને મુંબઇ વચ્ચે દોડાદોડી કરવી પડી તે જુદું. પણ તેને આશ્વાસન એ જ હતું કે તેણે સરકારને બહુ સિફતથી છેતરી છે.

આ વાતને દસેક મહીના થઈ ગયા હશે. એક દિવસ ઈન્કમટૅક્સ ઑફિસર તેને મળવા આવ્યો.

'તમે "મને" મળવા માગો છો?' યોગેશે સાવધાનીથી પૂછ્યું.

'હા. તમને, અને શાંતિલાલ શાહને, અને મહેન્દ્ર મહેતાને.' ઑફિસરે જાણે બહુ જ સામાન્ય વાત હોય તેમ કહ્યું.

'શાંતિલાલ શાહ? —મહેન્દ્ર મહેતા? તમે શું કહો છો તે સમજાતું નથી. તેને અને મને શું લાગેવળગે?' થોથરાતા યોગેશે પૂછ્યું.

'બધું જ,—તમે મારી સાથે જ ચાલો, મિ. યોગેશ-શાંતિલાલ-મહેન્દ્ર! નામ તો બહુ મોટું રાખ્યું, નહિ? પણ કંઈ નહિ. તમે છેતરપીંડી કરી છે. હું એ નથી સમજી શકતો કે આટલા બધા પૈસા હોવા છતાં તમે ૨૫૦૦ રૂપિયા જેવી નજીવી રકમ માટે આટલું બધું ધાંધલ શા માટે કર્યું;—શા માટે ?' ઑફિસરે સ્ફોટ પાડી દીધો.

યોગેશ કશુંક બબડયો.

ઑફિસરે આગળ ચલાવ્યું: 'અમારે કબૂલ કરવું જોઈએ કે તમે બહુ જ સિફત અને હોશિયારીથી કામ લીધું. માત્ર અમારી અમૃતસર અને કલકત્તાની ઑફિસ મહેન્દ્ર મહેતા અને શાંતિલાલ શાહનો પત્તો ન મેળવી શકી. બંને વ્યક્તિઓના અમારા પરના પત્રોના હસ્તાક્ષરો અને બંને વ્યક્તિઓ વિષેના પાડોશીઓના હેવાલો પરથી સરવાળે તમે મળી આવ્યા: મહેન્દ્ર મહેતા-શાંતિલાલ શાહ એટલે યોગેશ. આ રીતે અમને તમારો પત્તો લાગ્યો.'

'પણ—પણ તમારે મહેન્દ્ર મહેતા અને શાંતિલાલ શાહનું શું કામ પડયું?' યોગેશે છેલ્લો ખુલાસો પૂછ્યો.

'હં, કેમ? એ બંનેને સરકાર તરફથી જે ઈનામો આપવામાં આવ્યાં હતાં એના પર બેમાંથી કોઇએ કર ભર્યો ન હતો; એટલે સાધારણ રીતે જ અમારે તેઓનો પીછો પકડવો પડયો. પણ ત્યાં તો તમે જ હાથ આવ્યા. ખેર, શું થશે તે તો કોર્ટ જ જાણે, હમણાં તો તમે મિ. શ્રોફની સાથે જાઓ.'

જાણે બધું જ આગળથી નક્કી થઈ ગયું હોય તેમ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રોફે અંદર દાખલ થતાં યોગેશના ખભા પર હાથ મૂક્યો.

યોગેશને જણાયું કે ગમે તેટલી સિફત વાપરવા છતાં એક ભૂલ તો થઇ જ ગઈ હતી.

રમેશ ગાંધી

છેતરપીંડી

એન્જિનીઅર યોગેશના સુખી જીવનમાં ભંગ પાડવા માટે જો કોઇ જવાબદાર હોય તો તે એક ઈસ્ત્રી હતી.

એક દિવસ સાંજે ઑફિસેથી છૂટયા પછી રોજના નિયમ પ્રમાણે તે રેસ્ટોરાં હોટેલમાં ચા પીવા ગયો. હોટેલમાં દાખલ થતાં જ મૅનેજરે પૂછ્યું, 'યોગેશભાઈ, આપ એન્જીનીઅર છો ખરુંને?'

'હા, કેમ પૂછવું પડયું?'

'એ તો, આ સામેના ટેબલ પાસે બેઠેલા ગૃહસ્થ મને પૂછતા હતા કે કોઇ એન્જીનીઅર ધ્યાનમાં છે કે? મેં તમારું નામ આપ્યું અને તેઓ તમારી વાટ જોઇને જ બેઠા છે.'

યોગેશ પેલા ગૃહસ્થ પાસે જઇ બેઠો. 'મારું નામ નવનીતલાલ, હું તમારી વાટ જોઇને બેઠો હતો.' ગૃહસ્થે પોતાનું ઓળખાણ આપ્યું.

'મળવાથી બહુ આનંદ થયો. કહો; શી મદદ કરી શકું તેમ છું?' યોગેશે પૂછ્યું. ગૃહસ્થે ચાનો ઑર્ડર આપ્યા પછી એક નકશો કાઢયો અને કહ્યું, 'આ નકશો એક નવી જ જાતની ઇસ્ત્રીનો છે. ઇસ્ત્રી વીજળિક છે. હું એક ઈસ્ત્રીના કારખાનામાં કામ કરતો હતો ત્યાં મને આવી વિશિષ્ટ ઈસ્ત્રી બનાવવાનો વિચાર આવ્યો. વિચાર તો મેં નકશામાં ઉતારી દીધો, પણ હવે તેની બનાવટમાં તમારી મદદની જરૂર છે. એ માટે કઈકઈ જાતનાં મશીનો જોઈએ, એ વિષેની તેમજ બીજી વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડી કારખાનાનો પણ એક નકશો બનાવી આપો તો બહુ સારું. તમારા સિવાય મને બીજું કોઇ મદદ કરી શકે તેમ નથી લાગતું.'

'એ તો ઠીક,' યોગેશે કહ્યું, 'પણ એ માટે ...'

'પૈસાની વાતમાં તો હું પહેલેથી જ ચોખવટ કરી દેવા માગું છું. અત્યારે મારી પાસે એટલા પૈસા નથી કે હું તમને મોટો પગાર આપી શકું; પણ જો તમે મારી સાથે ભલે થોડાક કલાક પણ કામ કરવા સંમત થાઓ તો શરૂઆતમાં માસિક ૩૦૦ રૂપિયા આપી શકીશ.

યોગેશે આ મુદ્દો ઉચ્ચારવાનો વિચાર સરખો પણ નહોતો કર્યો, એટલે આ વાતે એને જરા વિચારમાં નાખી દીધો. અત્યારની તેની નોકરીમાં તેને માસિક ૪૫૦ રૂપિયાનો પગાર તો મળે છે; અપરિણિત હોવાથી આટલી આવક ઘણી થઈ પડે છે; પણ અહીં જો સાંજસવાર થોડું કામ કરવાથી બીજા ૩૦૦ રૂપિયા મળતા હોય તો ખોટું શું છે? અત્યારે જે એકલવાયાપણું લાગ્યા કરે છે તે કામમાં ભૂલી જવાશે. યોગેશે આમ થોડીક મિનિટ વિચાર કરી પોતાની સંમતિ દર્શાવી, અને કબૂલાત થઇ ગઈ.

એકાદ મહિના પછી ઇસ્ત્રી બનાવવા માટેનાં મશીનો વગેરેનો એક નકશો તૈયાર કરી તેણે નવનીતલાલ સમક્ષ મૂકયો. નવનીતલાલ નકશો જોઈને તો ખૂબ જ ખુશ થઈ ગયા. પણ એમની સ્થિતિ ફરી ગઈ હતી: 'માફ કરજો; મેં તમને બહુ જ તકલીફ આપી. હું માનતો હતો તેના કરતાં ખર્ચ ઘણો વધી જશે એમ લાગે છે; અને અમુક સંજોગોને લીધે મારી મૂડી પણ ઓછી થઈ ગઇ છે. હું તમને અત્યારે તો તમારા ૩૦૦ રૂપિયા પણ આપી શકું તેમ નથી; પણ જ્યારે આ ઈસ્ત્રી બનાવવાનું શકય બનશે ત્યારે એમાંથી જે નફો થશે તેનો ચોથો ભાગ તમને આપીશ.'

'પણ—' યોગેશ કશુંક કહેવા જતો હતો.

'સાચું; તમને થશે કે જ્યારે બધું તૈયાર થઈ ગયું ત્યારે પૈસા ખલાસ થઇ ગયા. તમને એવો વિચાર આવે તે બરાબર છે. પણ મારી કફોડી સ્થિતિ તો મેં બતાવી દીધી. મેં તકલીફ આપી તે બદલ માફ કરશો અત્યાર પૂરતા તો આ દોઢસો રૂપિયા મારા મન પ્રમાણે...'

'ના ના, નવનીતભાઈ, એની જરૂર નથી. એ તો એમ જ ચાલ્યા કરે. અને તમે મને ચોથો ભાગ તો આપવાના જ છો ને.' યોગેશે પોતાની સહાનુભૂતિ પ્રગટ કરી. યોગેશ એમ પૈસાનો લાલચુ ન હતો, એટલે એને જરાપણ આઘાત ન થયો. ઉલટું એકાદ મનુષ્યને મદદ કર્યાનો એને આનંદ થયો. એણે તો ભાગીદારીખત પર સહી કરી દીધી અને ચાલતો થયો.

બરાબર અઢી વર્ષ પછી યોગેશ પર નવનીતલાલ તરફથી એક રજિસ્ટર્ડ પત્ર આવ્યો. લખ્યું હતું: 'તે વખતે તો હું લગભગ બેકાર હતો. એ પછી થોડા પૈસા એકઠા કરી મેં કારખાનું શરૂ કર્યું અને ઇસ્ત્રી તૈયાર થવા લાગી. ઇસ્ત્રી લોકોને એટલી બધી તો ગમી ગઇ છે કે અત્યાર સુધીના નફાના તમારા ભાગ તરીકે ૫૦ હજાર રૂપિયાનો ચેક આ સાથે તમને મોકલી શકું છું એ વખતે તો મારી પાસે કશું હતું નહિ, એટલે મારું વચન પાળી શકયો ન હતો. માનું છું, મને માફ કરશો.'

'માફ કરશો?! અરે ભાઈ, હવે તો હું મોટરગાડીવાળો બની ગયો! આજે સવારે મેં કોનું મોં જોયું હતું? પચાસ હજાર રૂપિયા!... માનવામાં ન આવે તેવી વાત છે. ખેર.' યોગેશ વિચારતંદ્રામાં પડયો, 'ખેર. પણ–પણ–આ પચાસ હજાર રૂપિયા પર તો ઇન્કમટૅક્સ લાગશે. નવા નિયમો પ્રમાણે એકસામટા ૨૫ હજાર રૂપિયા તો સરકાર લઈ જશે. કશુંક કરવું જોઇશે.'

બીલકુલ મફત આવેલા ૫૦ હજાર રૂપિયામાંથી સરકાર કર લઈ જાય તે પણ યોગેશને રૂચ્યું નહિ. એણે એક યુક્તિ શોધી કાઢી. એ યોજના હેઠળ એને અઢી હજાર રૂપિયાનો બચાવ થશે ને છતાં ય એક સાચા નાગરિક તરીકેની પોતાની પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. પોતે રહેતો હતો મુંબઇમાં. મુંબઈની બે બૅન્કમાં ખાતાં ખોલી તેણે પચીસ પચીસ હજાર રૂપિયા બંનેમાં ભરી દીધા.

એ પછી એ ઊપડી ગયો અમૃતસર, અને ત્યાં મહેન્દ્ર મહેતાના નામથી એક બ્લૉક ભાડે રાખ્યો. પોતે એક પેઢીનો ટ્રાવેલિંગ સેલ્સમૅન છે એમ પાડોશીઓને જણાવ્યું, જેથી તેની લાંબી ગેરહાજરી વિષે કોઇને શક જાય નહિ. એ પછી એ જ રીતે કલકત્તામાં એક બ્લૉક શાંતિલાલ શાહના નામથી રાખ્યો અને ત્યાં પણ ટ્રાવેલિંગ સેલ્સમૅન તરીકે છાપ પાડી. થોડાથોડા સમયને અંતરે બંને જગ્યાઓની મુલાકાત લેતો રહ્યો. એ પછી અમૃતસરથી, તેણે મહેન્દ્ર મહેતા તરીકે ઇન્કમટૅક્સ ઑફિસને એક પત્ર લખ્યો: 'યોગેશ નામના એક માણસની પાસે ૨૫ હજાર રૂપિયા હમણાંના જ કર ભર્યાં વગરના અમુક બૅંકમાં પડયા છે. આ માહિતી આપવાનું કારણ એ જ કે મારી સ્થિતિ અત્યારે કફોડી છે અને આ માહિતી આપ્યા બદલ મને જે કાંઈ ઈનામ મળે તેનાથી થોડા સમય સુધી ટકી શકાય. એ ગૃહસ્થ તરફ મને કશી જ દુશ્મનાવટ નથી.' થોડા જ વખત પછી કલકત્તાથી તેણે એ જ ઑફિસને શાંતિલાલ શાહ તરીકે પહેલાંના જેવો જ બીજો પત્ર લખ્યો.-પરંતુ એમાં બીજી બૅંકનું નામ લખ્યું.

એ પછી મુંબાઈથી પોતાના નિયમ પ્રમાણે યોગેશ તરીકેની પોતાની વાર્ષિક આવક પરના કર માટેનું ફૉર્મ ભરી દીધું.

ત્યાર બાદ તેના પર, (એટલે કે યોગેશ પર) ઈન્કમટૅક્સ ઑફિસે-

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૩ ૧૫,૦૦૦ માણસો સાથે શિવાજીએ સુરતમાં લૂટ ચલાવી, ૧૬૭૦.

તા. ૫ કલકત્તા, દક્ષિણ બંગાળ અને મદ્રાસમાં ભયંકર વાવંટોળથી ૩૦,૦૦૦ માણસો અને અસંખ્ય વહાણોની ખુવારી, ૧૮૬૪.

તા. ૧૧ વરાળથી ચાલતી પહેલી 'સ્ટીમ-ફેરી' તરતી મુકાઈ, ૧૮૧૧.

તા. ૧૫ બૅરોમીટરના શોધક ટૉરીસેલ્લીનો જન્મ, ૧૬૦૮.

તા. ૧૬ અમેરિકન ડૉક્ટર વિલિયમ માર્ટિને દવા સુંઘાડી બેભાન બનાવી વેદના ઓછી કરી શસ્ત્રક્રિયા કરવાનો પહેલો પ્રયોગ કર્યો, ૧૮૪૬.

તા. ૨૧ અમદાવાદના સુબા શેખ સૂફી સાથે કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં, વેપાર કરવા માટે સંધિ-કરાર કર્યા, ૧૬૧૨.

તા. ૨૨ બ્રાઝીલે પોર્ટુગીઝ સરકાર સામે સ્વાતંત્ર્ય જાહેર કર્યું, ૧૮૨૨.

તા. ૨૩ ચીનના મહાન બૌદ્ધ યાત્રિક હ્યુએનત્સંગનું અવસાન, ૬૬૪.

તા. ૨૫ શાહજાદો સલીમ 'નુરૂદ્દીન મુહમ્મદ જહાંગીર' નામ ધારણ કરી ગાદીએ બેઠો, ૧૬૦૫.

તા. ૨૮ ગાંધીજીએ રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી, ૧૯૩૪.

તા. ૨૯ મહર્ષિ દયાનંદ સરસ્વતીનું અવસાન, ૧૮૮૬.

તા. ૩૧ સાયમન કમિશનના વિરોધી સરઘસનો મોખરો સાચવતાં લાલા લજપતરાય પર સખત લાઠીમાર, ૧૯૨૮.

વ્યક્તિ વિશેષ : ડૉ. ફ્રિજોફ નાનસેન



ઉત્તરધ્રુવનું ખેડાણ સુલભ બનાવનાર અને મહાયુદ્ધ પછી અખલાસવિહોણી માનવતાને સુલેહના એકસૂત્રે બાંધવાના સાફદિલ પ્રયાસક ડૉ. ફ્રિજોફ નાનસેનનો જન્મ ઈ. ૧૮૬૧ની ૧૦મી ઑક્ટોબરે નૉર્વેના ફ્રૅએન ગામે થએલો. બચપણથી જ સાહસદિલ એ જવાને, સૌએ તેને હસી કાઢ્યાં છતાં, એક ડેનિશ મિ. ગૅમલની મદદથી ગ્રીનલૅંડને પૂર્વ-પશ્ચિમ પાર કરી આવી 'એસ્કિમો જીવન'નું પુસ્તક લખ્યું અને નેપલ્સમાં રહી પ્રાણીવિદ્યાનો અભ્યાસ આગળ વધારી, જ્ઞાનતંતુઓ વિષે એક પુસ્તક લખી ડૉક્ટર ઑફ ફિલૉસૉફીની પદવી મેળવી.

પણ તેને તો ઉત્તર ધ્રુવ સર કરવો હતો. પરંતુ પૃથ્વીના મુકુટ સમા એ શીતપ્રદેશે એવી તો કંઈક મહેચ્છાઓ ઠારી દીધેલી. છેલ્લે ૧૮૭૮માં એ જ ઉદ્દેશે ગએલા લેફ્ટનન્ટ દ લૉંગનું વહાણ 'જ્યાનેત' પણ ન્યૂ સાઇબીરિયન ટાપુઓ પરથી ખાલી હાલતમાં મળી આવ્યું. તે પરથી નાનસેને તારવ્યું કે ધ્રુવસમુદ્રમાં જુવાળ આવીને ત્યાંથી જો બરફના પ્રવાહો નીકળતા હોય, તો એ પાછા પણ ત્યાં જ ફરવાના; અને એ વળતા પ્રવાહોમાં ઘસડાતાં જઇ આપણે પણ ધ્રુવસમુદ્ર અને કદાચ ધ્રુવને પણ પાર કરી શકીએ. તેણે એ રીતની સફરની તૈયારી આદરી. બરફની બધી મુસિબતો સામે ટકી રહે તેવું નાનકડું વહાણ 'ફ્રામ' તૈયાર કર્યું. નૉર્વે સરકારે તેના ખર્ચનો બે તૃતિયાંશ ભાગ આપ્યો, અને મતભેદ છતાં યે લંડનની રૉયલ જીઑગ્રાફિક સોસાઇટીએ પણ ૩૦૦ પૌંડની મદદ આપી. ૧૮૯૩ના જુલાઇમાં બાર હોંસદિલ ને સાહસિક સાથીઓને લઇ તે ટ્રૉમ્સોથી ઊપડ્યો. પણ ન્યૂ સાઇબીરિયા ટાપુઓ પાસે જતાં જ 'ફ્રામ' બરફમાં ખૂંચી ગયું, અને પછી તો આખો શિયાળો, ઊનાળો ને ચોમાસું એમ ને એમ વીતી ગયાં. બીજો શિયાળો યે ગયો. પણ વળતા પ્રવાહો સાથે હજી ફ્રામ આગળ ઘસડાશે જ એવી ખાતરી હોવાથી, નાનસેન હવે ત્યાં વધુ ન રોકાતાં પોતાના એક સાથી સ્વર્ડ્રુપને તેનો કબજો સોંપી, ફક્ત બીજા એક સાથી જબરદસ્ત યોહાનસેનને સાથે લઇ, ૧૮૯૫ની ૧૪મી માર્ચે પગપાળા ઉપડી; શીતવર્તુળની અનેક વિટંબણાઓ પાર કરી, એપ્રિલની ૭મીએ .૮૦° અક્ષાંશરેખા પર પહોંચ્યો. પણ હવેની મુસીબતોમાંથી જીવ બચાવવા પાછા જ ફરવું પડ્યું. એ વળતી સફર પણ સરળ નહોતી જ. તેમાં વળી નાનસેનને કમ્મરનું દર્દ ઊપડ્યું પરંતુ આખરે છેક ૧૮૯૬માં ફ્રાન્ઝ જૉસેફલૅંડની શોધખોળ કરવા ઊપડેલી ટુકડીએ તેઓને વાર્ડોહેવન પહોંચાડ્યા. એક જ હપતા બાદ 'ફ્રામ' પણ ત્યાં ઘસડાઇ આવ્યું. હજી આજે યે નૉર્વે સરકારે એ 'ફ્રામ'ને રાષ્ટ્રીય વારસા તરીકે સાચવી રાખ્યું છે.

શોધક મટી તે હવે રાજકાજમાં પડ્યો અને ઇગ્લંડ ખાતેનો એલચી નિમાયો. ઇગ્લંડમાંનાં બે વર્ષના વસવાટ દરમિયાન ભૂગોળ ને સમુદ્રયાન ઉપર તેણે પુસ્તકો લખ્યાં. ત્યાં પહેલું મહાયુદ્ધ આવ્યું. તે પછી પ્રજાસંઘની કાર્યવહીમાં મોખરે આવી તેણે વિશ્વાસવિહોણી બનેલી માનવતાને સુલેહના એક તાંતણે બાંધવાનો અથાક પ્રયાસ કર્યો અને જુદાજુદા દેશોના પાંચ લાખ યુદ્ધકેદીઓને છુટા કરાવ્યા.

૧૯૨૧માં રશિયામાં દુકાળ પડ્યો ત્યારે જાતે જઇ એણે એ કારમી સ્થિતિ અવલોકી અને યુરોપનાં બધાં રાજ્યોમાં રખડીરખડીને તથા અમેરિકાને વિનવીને તેણે રશિયા માટે સોનો મેળવી. તેના સેવાકાર્યની કદરરૂપે ૧૯૨૩માં તેને નોબેલ પુરસ્કાર અપાયો જેનાં બધાં નાણાં તેણે સીધાં રશિયાના ખેતીવાડી ખાતાને આપી દીધાં. આજીવન ભૌગોલિક જ્ઞાનનો સીમાવિસ્તાર કરતા રહેનાર અને પીડિત માનવતા માટે પોતાનું હૃદય હમેશાં ધબકતું રાખનાર, કૅપ્ટન ચેટફાર્ટ–'સિંહદિલ કપ્તાન'ના નામે લાડીલો બનેલો એ નાનસેન ઈ. ૧૯૩૦ની ૧૩મી મેએ અવસાન પામ્યો.

પ્રસંગવિશેષ : ભારત-સ્વાતંત્ર્યનું પ્રભાત

સુભાષબાબુના રહસ્યરમ્ય જીવનઇતિહાસમાં ૨૧મી ઑક્ટોબર ૧૯૪૩નો દિવસ ઊજળે અક્ષરે લખાશે. પમી જુલાઈ '૪૩ને દિવસે એમણે 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરીને 'ચલો દિલ્હી'નો આદેશ આપ્યો. ૨૫મી ઑગસ્ટે એમણે એ સેનાનું નેતૃત્વ સ્વીકાર્યું, અને ૨૧મી ઑક્ટોબરે ભારતની સ્વતંત્ર સરકાર સ્થાપી બ્રિટન અને અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું. સરસેનાપતિના ગણવેશમાં નેતાજી સુભાષચંદ્ર બોઝે ચતુરંગ સેનાદળની સલામી લઈ સ્વાતંત્ર્યનું જાહેરનામું વાંચ્યું અને હાથમાં શપથપત્ર લઈ કહ્યું, 'સદાસર્વકાળ ભારતભૂમિનો સેવક રહીને, હિંદુસ્તાન અને તેની આડત્રીસ કરોડની પ્રજાને સ્વતંત્ર કરવા માટે હું આ સ્વાતંત્ર્યયુદ્ધને મારી જિંદગીના ભોગે પણ જારી રાખી, મારા આડત્રીસ કરોડ હિંદી ભાઈબહેનોનું હિત સાધવામાં જ મારું કર્તવ્યપાલન સમજીશ.' અનેક રાષ્ટ્રોએ ભારતની આ સ્વતંત્ર સરકારને માન્ય રાખી શુભ સંદેશાઓ પાઠવ્યા; પરંતુ તે બધામાં આયર્લૅંડના અધ્યક્ષ ડી. વૅલેરાના અભિનંદનસંદેશમાં સવિશેષ જણાવેલું કે, 'આ દિનનિમિત્તે અમને પણ અમારી સ્વતંત્ર સરકાર સ્થાપવાનો દિવસ યાદ આવે છે. આજે તમે જેવી વિટંબણાભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો, એવી જ પરિસ્થિતિ એ વેળા અમારી હતી. હું તમને સુયશ વાંછું છું.'

તામિલદેશમાં ડોકિયું

કરનાર

પ્રજારામ રાવળ



શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી

આ સાથે હું તમને એક આશ્ચર્ય મોકલું છું: મારી બંગાળી કવિતા! હવે એકાદ તામિલ કવિતા યે લખી મોકલું તો આશ્ચર્ય ન પામતા! બધી ભાષાઓનું જાણે ગુહ્ય જડી ગયું છે: બાકી માંસ-મજ્જા-તંતુ વગેરે પૂરવાનું કાર્ય સંસ્કૃત કરી લેશે!

હું અહીં આનંદ કરું છું. સુન્દરમ્‌ને જંપવા દેતો નથી. એમના કાનમાં કાંઈનું કાંઈ બોલબોલ કરું છું; અને એ શાન્તિથી જવાબ દેતા જાય છે, તે બહુ પ્રેક્ષણીય બને છે.

કવિ બહુ મજામાં છે. સાંજે વ્યાયામના મેદાન પર ચડ્ડી અન્ડર-વેરમાં 'આક-દૂ' (ફ્રેન્ચ, એક-દો) પ્રમાણે શિસ્તબંધ ગંભીરતાથી પૅરેડ કરતા હોય છે ત્યારે જોવાની ગમ્મત આવે છે. વ્યાયામ પછી મળેલી ચિનાઈ શીંગની પ્રસાદી ચાવતા ચાવતા મારા ભણી આવતા હોય છે ત્યારે નિશાળના છોકરા જેવા લાગે છે!

ગામનો ફ્રેન્ચ વિભાગ અનેક રસ્તાઓથી ક્રૉસ લીટીમાં અનેક વાર કપાઈ ગયો છે, તે જોઇ સુન્દરમ્‌ને મગજનો આખો થાળ કાપેલો પડ્યો હોય તેની ઉપમા સૂઝે છે! મને એ ઉપમા ગમે છે જ: મિષ્ટ હોવાથી! પણ, એમ પણ લાગે છે કે આ મગજ આકર્ષક હોવા છતાં દુષ્પાચ્ય છે! જોકે ચાખવા જેવો તો ખરો જ! મારોમાં કૉફી બહુ સારી બને છે: સ્વાદમાં કટુ-મધુર! પણ પરિણામે કબજીયાતકર!

અહીં આવનાર દરેક જણે એક શબ્દ ખાસ શીખી આવવાનું. અહીં આવીને તુરત જ શીખી જશો તો પણ ચાલશે: 'પોડા'. (એટલે જા જા) પો=જા. અને 'ડા' અક્ષર બળ ઉમેરનાર છે. ભિખારીઓને તે વારંવાર કહેવાનો પ્રસંગ આવશે!

'સુન્દરમ્'નું કાવ્ય કહે છે તેમ 'જોયો તામિલ દેશ': પણ પોંડિ-ચેરી અને રસ્તા પૂરતો. એક કૃષ્ણા યુવતી જોઇ: મસી-કૃષ્ણા. પણ નમણી હતી જ. બંને નાકમાં ચૂની પહેરેલી. આપણે બંને કાનમાં કુંડલ, ને બંને પગે નૂપુર પહેરીએ છીએ તેમ: સમતા જાળવવા. (આપણા પ્રાંતમાં એ ફૅશન દાખલ કરવાની હિમ્મત કપલો વર્ગ જે દિવસે કરશે તે દિવસે એ બહુ વિચિત્ર આનંદોત્પાદક બનશે!)

'શીર્ષે લંબ શિખા' અને 'શ્રેષ્ઠિ કરમાં કલ્લી લસે સ્વર્ણની' જોયાં. હરિદ્રા(હળદર)ને પાઉડર જેમ જ મુખ પર લગાડી ગૌરવભરી ફરતી લલનાઓ જોઈ. પુરુષો પણ કોઈકોઈ રૂપાળા મળે છે.

ગઇ કાલે મહિનાની પહેલી તારીખ હતી. આશ્રમમાં તે તારીખે Prosperity day હોય છે. એટલેકે આશ્રમવાસીઓને જોઈતી વસ્તુઓ તે દિવસે શ્રી માતાજી તરફથી સૌને મળે. જોઇતી ચીજોની હકીકત પાંચ છ દિવસ પહેલાં પહોંચાડવાની. ગઇ કાલે હરીફાઇઓ પણ થઈ. બહુ રસપ્રદ હતી. ત્યારે અહીંના ફ્રેન્ચ નાગરિક અને અમલ-દારવર્ગને આમંત્રણ હતું. ફ્રેન્ચ રમણીઓ અને પુરુષો બરોબર જોવા મળ્યાં. મને તો ગૅાપાસાંનાં પાત્રો ફરતાં હોય તેવું લાગ્યું! ફ્રેન્ચો, અને અંગ્રેજોનો અહીં જે પરિચય થાય છે તે ઘણો મધુર છે. નાગરિકતા તો તેમની જ. સરલ, મધુર, પ્રેમાળ, નમ્ર એવા એવા એમના ગુણો જોવા મળે છે.

ગુજરાતીઓ, બંગાળીઓ, સ્વચ્છ દાંતવાળા કાળા તામિલો, ફ્રેન્ચ, અંગ્રેજ અને ઉત્તર હિંદુસ્તાની ભાઇઓ, બધાં જ દર્શને ભેળા ઊભા હોઇએ છીએ ભિન્નભિન્ન મુખમુદ્રાઓ, પહેરવેશ, મુખઘાટ અને ભાષાનો મધુર સંભાર ભેગો થયો હોય છે: ઇન્દ્રધનુષ્યના સંવાદી વિવિધ રંગો જેવો. બંગાળીઓ તેમનાં શરીર પર ઓઢેલ વસ્ત્રથી અને મદ્રાસી તામિલો તેમના એકદમ ગડીબંધ, પાતળી પટ્ટીબંધ ખેસથી તરત જ વરતાય છે. મદ્રાસી ઢબે વીંટેલ ધોતિયું અને હાફ શર્ટ કે સાદો ઝભ્ભો પહેરેલાં હોય, પણ એ ખેસની સજાવટમાં, કપડાંની ઉત્તમતાથી અને તે ખેસને મૂકેલ બહુમૂલ્ય સોનેરી દોરથી તેની સમૃદ્ધિ પરખાય છે. જ્યારે એ રેશમી હોય છે ત્યારે વાંકોચૂંકો, ડોકની ફરતો જેમતેમ પડેલ એ ખેસ શંકરના સર્પ-ખેસનું સ્મરણ કરાવે છે! પુરુષો કાનમાં મોતી પહેરે છે. બંગાળી વાર્તાઓમાંની-'સેંથે સિન્દૂર શોભતી ગૌરવભરી કુલીન નારીઓ' વરતાય છે. આ બધાં જ એક મોટા કુટુમ્બનાં કુટુમ્બીઓ હોય એવું લાગે છે. એક જ આત્મા ભિન્નભિન્ન ખોળિયામાં લાગે છે. Icebergનો ૯/૧૦ ભાગ પાણીમાં અને ૧/૧૦ ભાગ પાણી પર હોય છે, તેવું મેં માણસજાતનું લાગે છે. માણસમાણસ વચ્ચે જે વિષમતા દેખાય છે તે ૧/૧૦ જ છે. બાકી ૯/૧૦ તો બધાં સરખાં જ છે. 'East is East and West is West' એ ઉક્તિ અહીં નરાતાળ ખોટી લાગે છે. બધાં એવા તો ભાવથી ભેગાં રહે છે! આ સૌને સાંધે છે એક સામાન્ય ભાવ: આત્મોન્નતિ. ક્યાંક્યાંથી કેવા કેવા આવ્યા છે! કેવી રીતે રહે છે!

હમણાંહમણાં હું ઉઘાડા પગે ફરવાનો લહાવો અને આનંદ લઈ રહ્યો છું. આંગળીએ સહેજ ફોલ્લી થઇ હતી ત્યારથી શરૂ થઇ ગયું છે. ઉઘાડા પગે ફરતાં પગનાં તળિયાં અને ધરતી જીવંત થઈ ગયાં! રસ્તા પણ ઉઘાડા પગે ફરવા આમંત્રે તેવા છે: આ ફ્રેન્ચ વિભાગના પહોળા, કાંકરી-કાંટા-ગંદકી વિનાના રસ્તા જ. ગામના રસ્તા એવા સારા નથી.

સુન્દરમે ગાયેલ 'દારિદ્ર્યે હત, વસ્ત્રવંચિત, નહિ ય ઓજ-શક્તિ ઇષુ' એવી પ્રજા રસ્તામાં દેખાય છે. સ્ત્રીઓ મોટેભાગે એક સાલ્લો જ પહેરે છે; પુરુષો લંગોટી. પાન ઘણાખરાનાં મોંમાં ખરાં. નાકની બંને બાજુએ ચૂની. તેમાં એક બાજુએ ધોળી તો બીજી બાજુએ રાતી પણ હોય. બબ્બે ત્રણત્રણ મોતી પણ દરેક બાજુએ હોય! પુરુષો આસ્તિક દેખાય છે. ઘણાં લલાટ ભસ્માંકિત દેખાય છે. આપણે ત્યાં કરીએ છીએ તેવું ત્રિપુંડ્ર નહિ, ભસ્મપટ્ટાથી આખું જ કપાળ ભરેલું! તડકો બહુ પડે અને વરસાદ ઇંગ્લંડની જેમ અચાનક આવી ચડવાનો પૂરો સંભવ, એટલે મોટે ભાગે હાથમાં છત્રી લઈને જ લોકો બહાર નીકળે. એક બીજી જાતની છત્રી જોઇ: વાંસની મોટી છાબડી હોય તેવી, વાંસની પટ્ટીઓથી ગૂંથેલી. તેને લાકડાનો દંડો, હાથ એકનો, સીધો જ દંડ હોય!

ગોપુરો બે જોયાં ગોપુરની આકૃતિ મંદિરના મસ્તક પર મુકુટ મૂક્યો હોય તેવી લાગે છે. મંદિર પરથી ઊર્ધ્વ જતી, મંદિરથી લગભગ દોઢી-પોણાબે ગણી ઊંચી ચતુર્દિક્ ભરચક્ર માંડણી. વિધવિધ દેવ-દેવીઓનાં, વિધવિધ મુદ્રાઓમાં, સુંદર શિલ્પો તે આખા અવકાશમાં કંડારેલાં હોય છે. ગોપુરની આકૃતિ નીચેથી પહોળી, ઉપર કૈંક સાંકડી: તરબૂચની સારી એવી ડગળી કાઢીને ચત્તી મૂકી દઇએ તેવી! એક ભાઇને ગણપતિના મંદિરને બહારથી નમસ્કાર કરતા જોયા. ગર્ભદ્વાર-

ની સન્મુખ મુખ રાખીને નહિ, પણ એનાથી કાટખૂણે ઊભા રહીને! પતિ કે પત્નીનું નામ ન લેવાય તેમ પ્રભુને સન્મુખ જોવાય નહિ!

અહીંની બજારમાં ફરતાં કોઇ વાર મત્સ્યની ગંધ નાકમાં આવી ચડે ખરી. મામમાં વસ્તુઓનો ભાવ કોઈ વાર Comic-Tragic સાંભળવાનો લાભ થઈ જાય! એક કબાટ 'દક્ષિણા' કાર્યાલય માટે જોઇતો હતો. કિંમત રૂા. ૧૮૦! ૮૦ રૂપિયાનો કબાટ હતો. રૂા. ૧૮૦ માં તો ચૌટામાં વેચાવા હું તૈયાર થઈ ગયો!

જમીન રસાળ છે. સર્વ જાતનાં ફૂલો ઊગે છે. પદ્મ, ચંપો, બકુલ, જૂઇ, ગુલાબ, રાતરાણી, પારિજાત, અને અનેક અંગ્રેજી ફૂલો. મારા મકાનના બાગમાં જ ત્રણ નારિયેળી છે. પપૈયાનાં ઝાડ પણ પાંચછ છેઃ કૂતરીનાં નાનાં ભટૂરિયાં ધાવતાં વળગ્યાં હોય તેવું લાગે છે.

મદ્રાસ સેન્ટ્રલ સ્ટેશન

કાગળ તમને વહેલો લખવો હતો; પણ તેમ ન બન્યું.

પોંડિચેરીમાં ઠીકઠીક હર્યોફર્યો. ઠીકઠીક જેવું મન મુદિત થયું. અહીં મારું સદાનું સાનંદ આશ્ચર્ય તે તો અહીંની પ્રાતના ચોખ્ખા દાંત. આપણે ત્યાં આવા ચોખ્ખા દાંત ભાગ્યે જ જોવા મળે છે. અને અહીં તો નિત્ય ઉત્સવ છે! આંગણે આંગણે ભિન્નભિન્ન આકૃતિની કોઇ ચિત્રકારની કલ્પનામાંથી સવિસ્મય ઊઠી હોય તેવી રંગોળીઓ! મોટા ભાગે રંગે સફેદ. વૈવિધ્ય રંગનું નહિઃ આકૃતિનું જ. બેત્રણ લીટીમાં શોભનસ્વરૂપ અંકાઈ જાય. વાંકીચૂંકી એકાદ સર્પાકૃતિ લીટીમાં વળાંકે વળાંકે મૂકેલાં બિન્દુઓ તોરણનાં મોતી બની જાય!

મોંમાં જેમ પાન, તેમ માથે ફૂલો પણ સહુ સજનીઓને ખરાં! પ્રજા રસિક; દરિદ્ર પણ રસિક. અને ભક્તિભીની! મહારાષ્ટ્રથી શરૂ થઇને આ તાંબૂલ, વેણી અને રંગોળીની ત્રિવેણી અહીં સુધી રંગીન-સુગંધી પ્રવાહિત થઇ છે. અહીંની યુવતીઓના શ્યામવર્ણ પર શોભતી હરિદ્રાની દ્યુતિનો સુમેળ જોતાં ઘનશ્યામ મૂર્તિ પર પીત અંબર કેવું શોભતું હશે તેનો ખ્યાલ આવ્યો! સાડીઓ સફેદ નહિ પણ લીલી વાદળી કે પીળીઃ તે તેમના શ્યામ વર્ણ સાથેના સુમેળને લઇને હશે. શ્વેત સાડીને ગૌર વર્ણ સાથે મેળ છે તે બરાબર સમજાયું.

અઠવાડિયા પહેલાં આશ્રમની Colonial gardenમાં ગયા હતા. મને યાદ રહી જશે તે તો ત્યાં જોએલાં પ્રચંડ, પ્રસરમાન, વિશાલમૂલ, અનેકશાખ, દૃઢશાખ, અત્યુન્નત, શાલ્મલી વૃક્ષો. પચાસ-સાઠ ફૂટ તો ઊંચાં ખરાં. પણ શાખાઓ નર્યાં વજનવાળી હતી. જેમ શાખાઓ વધુ વધુ ફૂટતી જાય તેમ નીચે મૂળ પહોળું થતું જઈ નવાં ઉગાડતું જાય. ઉપરનો એટલો બધો ભાર ઉપાડવા માટે નીચે વધવું જોઇએને! શાલ્મલી-ત્વચા પર લીલી રેખાઓ હતી; એ તો હતી તેની લીલી નસો! શિરીષનાં રેષાવાળાં અતિકોમળ ફૂલો જોયાં. શાલ્મલી પર તેના થડસ્વરૂપ સુધી અણીદાર, મોટા, ભરાઉ ઢંકાઢંકા કાંટા હોય છે, દૂરથી જોતાં કીડીઓની હાર લાગે. રક્ષણાત્મક હશે.

આગળ જતાં નાગલિંગનું ફૂલ જોયુંઃ ગૂંચળું વળી અનેક ફણા-વાળો, અનેકજિહ્વ, અરુણપાટલરંગી નાગ બેઠો હોય તેવું. સહસ્ર ફણા-વાળા શેષ કંઈ બહુ સારા નહિ લાગતા હોય તેવી મને બીક હતી. પણ આ અનેક ફણાનું રૂપ જોતાં લાગ્યું કે 'ના, શેષ રૂપાળા હશે ખરા!'

વળતાં મુખ્ય રસ્તા પરથી વળ્યા. આખા ગામને ડામરનો આ ગોળ વિશાળ રસ્તો વીંટે છેઃ લક્ષ્મણે સીતાજીની રક્ષા કરવા પંચ-વટી ફરતી રક્ષારેખા આંકી હતી તેવો જાણે! ભાગવતના પુરંજય આખ્યાનમાં પુરંજયની નગરીને રક્ષતા મહાન નાગનું સ્મરણ થયું!

એક દેવીનું મંદિર બહારથી જોયું. તેની બહારની બાજુએ, મંદિર-ની દીવાલની ઉપરના ભાગમાં, રક્ષિકા પ્રતિહારીઓ સાયુધ બેઠી હતી બન્ને બાજુએ: જમણો પગ ઢીંચણેથી જરા વાળીને, ડાબો પગ જરા છૂટો મૂકીને. બળમર્યો અંગવિન્યાસ હતો. કઠોર, non-compromising. અવશ્ય દંડ-દાત્રીઓ હતી.

એક હોટેલમાં આમનિવાસમાં શ્યામ કૉફીને બદલે ગૌર કૉફીને જોતાં બહુ આનંદ થયો! 'અરે શ્યામા, તું ગૌરી ક્યારે બની ગઇ?' મજાથી પીધી! હોટેલમાંથી બહાર નીકળીને દ્વાર પાસે એક પાત્ર-માં મૂકેલી ભૂખરી વસ્તુને મુખશુદ્ધિકર ચૂર્ણ સમજીને મોંમાં મૂકવા જતાં સુન્દરમ્ કહે 'એ તો મંદિરની શંકરની ભસ્મ છે!' મેં તેનાથી તામિલ પદ્ધતિએ મારું આખું કપાળ અર્ચ્યું!

કવિને ત્યાં એક બિડાલશિશુની વસતિ થઈ છે. વીસ દિવસનું થયું છે. તેનું નામ 'ગુલાબ' રાખ્યું છે. તેના પગ રૂપી પાંદડાં પર કાંટા છે, અને કોમળ 'મિયાઉં' એ ગુલાબની સુરભિ છે. ગુલાબનો કોમળ સ્પર્શ તો છે જ. પણ એના કાંટા સામે મારો વિરોધ છે!

બીજી પણ બેત્રણ નામકરણવિધિ કરી! Dining Roomમાં હારબંધ કૂજાઓ-કુંભો એક ખૂણામાં ગોઠવેલા હોય છે. પડખે પ્યાલા પડેલા હોય છે. ત્યાં જઈ દરેકે પાણી ભરી લેવાનું. એ ખૂણાનું નામ મેં 'કુંભકોનમ્' રાખ્યું છે! એ નામનું એક સ્થળ 'દક્ષિણાયન'-માં છે. પાણીને હું પેય સમજતો હતો. પણ અહીં આવ્યા પછી મને જણાયું કે તે ખાદ્ય પણ છે! બંગાળીઓ પાણી ખાય છે! તેઓ આપણને એમ પૂછે કે 'જલ ખાબો?' (જલ ખાશો?)

તિરુવણ્ણમલૈમાં ભિખારીઓ બહુ દૃઢતાથી ભીખ માગતા હતા! આપણે ત્યાંના ભિખારીઓ કરતાં એમનું ધૈર્ય અને તિતિક્ષા ઘણાં વધુ માલૂમ પડયાં! હોટેલમાં એક બહુ સુખદ પરિચય થયો! મુખ્ય વેઈટરે મારું બિલ મને અંગ્રેજીમાં આપ્યું એટલે મેં આશ્ચર્યથી પૂછ્યું, 'Do you know English?' એ કહેઃ 'Yes, I know English, Tamil, Telugu and Sanskrit! 'સંસ્કૃત' નામે હું ચમક્યો. संस्कृतमपि जानाति भवान् किं? शक्नोति वक्तुम्? એ કહે: रघुवंश सप्तसर्गपर्यन्तः पठितः

અને મેં રઘુનો બીજો સર્ગ શરૂ કર્યો. 'अथ प्रजानामधिपः प्रभाते'. એણે તરત જ આખો શ્લોક (મને રમૂજી લાગતા ઉચ્ચારો સાથે) પૂરો કર્યો. વળી મેં કહ્યું 'अनातपत्र जगतः प्रभुत्वं' અને એ આગળ ચાલ્યો. હું અને એ બંને ખુશ થઈ ગયા. સંસ્કૃત ભાષા Dead Language નથી; જીવતી છે. અત્યારે મારી સાથે એક મલાયલમ્ ભાષાભાષી મલબારનિવાસી ભાઈ છે. તેમની સાથે સંસ્કૃત શબ્દો વાપરીને મજાથી વાતચીત ચાલે છે, અને સંસ્કૃતથી આખો હિન્દુસ્તાન કેવો એકાકાર છે તેનો અનુભવ અને વિચાર કરું છું!

તિરુવણ્ણમલૈ જતાં ગાડીમાંથી મોટામોટા ખડકોના ખડકો જોતાં તુંગભદ્રાના પ્રદેશમાં જોએલા દસદસ હસ્તિકાય પ્રચંડ પથ્થર-રૂપો યાદ આવ્યાં. અને મને થયું કે સમુદ્રને પૂરતી વખતે વાનરસેના-એ બે કૂચ બનાવેલીઃ એક કૂચનો છેડો તુંગભદ્રા સુધી ને બીજીનો તિરુવણ્ણ સુધી. ખડકો ઉઠાવી ઉઠાવીને છેક કન્યાકુમારી સુધી હાથોહાથ ઝપાટાબંધ આપતા જતા હશે. એમાં વિશ્વકર્માપુત્ર નલે કહ્યું કે 'હવે પથ્થર લાવવા બંધ કરો, સેતુ પૂરો થઇ ગયો છે' એટલે પછી આ બંને કેન્દ્રોમાં ઉખાડેલા પથ્થરો એમ ને એમ અત્યાર સુધી પડયા રહ્યા છે! જરૂર પડયે બીજી વાર સેતુ બાંધ-વામાં તેનો ઉપયોગ કરી શકાશે!

અસ્તુ! પેનના અભાવે (પેન ખોઇ) ઝાંખી પેન્સિલે ચાલતી ગાડીએ લખેલું આ લખાણ તમને કષ્ટદાયક તો પડશે! તમે કુમારમાં યથેષ્ટ વાપરી શકો છો. મિત્રોને સ્મરણ.

ચૂનો ચિરોડી અને સિમેન્ટ

બાંધકામ-ઉદ્યોગના પ્રાણ સમાં

કૅલ્શ્યમનાં આ ત્રણ સંયોજનો બીજા પણ અનેક રાસાયનિક ઉદ્યોગોમાં મહત્ત્વનાં છે

[રોજિંદા જીવનમાં વિજ્ઞાન-૪૨]

લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ

★

ચૂનો એટલે કૅલ્શ્યમ ધાતુની ભસ્મ. તે સામાન્ય-રીતે ચૂનાપથ્થરમાંથી બનાવાય છે. ચૂના-પથ્થર એટલે કૅલ્શ્યમ કાર્બોનેટ કુદરતમાંથી અનેક રૂપે મળી આવે છે. તેના મુખ્ય બે પ્રકાર છે: સ્ફટિકમય અને અસ્ફટિકમય. આરસપહાણ એ ચૂના-પથ્થરનું સ્ફટિકમય રૂપાંતર છે. પરવાળાં, હાડકાં અને ઈંડાંનાં ઉપરનાં પડોમાં પણ આ કૅલ્શ્યમ કાર્બોનેટ હોય છે. ચૂના-પથ્થરમાં રેતીનું પ્રમાણ જેટલું ઓછું એટલે અંશે સારી જાતનો ચૂનો બનાવી શકાય છે. તેને ભઠ્ઠીમાં સખત ગરમ કરવાથી તેમાંથી ચૂનો પેદા થાય છે અને કાર્બન ડાયૉક્સાઈડ વાયુ છૂટો પડી જાય છે. આ રીતે બનાવેલા ચૂનાને પાણી સાથે ફોડવાથી અતિશય ગરમી છૂટે છે.

ચૂનાનો મુખ્ય ઉપયોગ તો બાંધકામમાં છે. પરંતુ સમગ્રતયા જોતાં રાસાયનિક ઉદ્યોગોમાં જે મહત્તા સલ્ફ્યુરિક ઍસિડ ભોગવે છે તેવું જ સ્થાન ચૂનાનું છે. સસ્તા આલ્કલી તરીકે તે પુષ્કળ વપરાય છે. ખેતીવાડીમાં, જંતુવિનાશક પદાર્થોમાં, સખત ગરમીમાં ટકી શકે એવી ઈંટોની બનાવટમાં, ધાતુઓના શોધનમાં કાગળની બનાવટ-માં,—એમ સંખ્યાબંધ ઉપયોગમાં ચૂનો સામાન્ય થઇ પડ્યો છે.

ચૂના-પથ્થર કે એવા બીજા કૅલ્શ્યમવાળા પદાર્થોને જો માટી સાથે મેળવીને ભઠ્ઠીમાં ગરમ કરવામાં આવે, તો કૅલ્શ્યમયુક્ત પદાર્થોમાંથી પેદા થતો ચૂનો માટીમાં રહેલા ઍલ્યુમીનિયમ અને રેતીનાં સંયોજનો સાથે પ્રક્રિયા કરે છે, અને એને પરિણામે ચૂનાના વિશેષ પ્રમાણવાળા ઍલ્યુમિનેઇટો અને સિલિકેટો તેમાંથી બને છે. એને ક્લિકર clinker (સિમેન્ટ–કાંકરી) કહેવામાં આવે છે. તેને બારીક પીસીને બનાવેલો ભૂકો સિમેન્ટ કહેવાય છે. એની ખરી કસોટી એ કે બે આંગળી વચ્ચે એ ભૂકો ઘસવાથી તેમાં જરા યે દાણા જેવું લાગવું જોઇએ નહિ. નહિતર એ સિમેન્ટ ખામીવાળો ગણાય.

સિમેન્ટ લીલાશપડતો ભૂરો બારીક ભૂકો છે. તેનો મુખ્ય ગુણ-ધર્મ એ છે કે પાણી મેળવવાથી થોડા સમયમાં જ તે કઠણ બની જાય છે; અને એ કઠણ જથ્થો વખત જતાં વધુ ને વધુ સખત બનતો જાય છે. સિમેન્ટને રેતી, ચૂના અને પથ્થર સાથે મેળવીને બનાવેલું મિશ્રણ કૉંક્રીટ (concrete) તરીકે ઓળખાય છે. એ કૉંક્રીટ પણ વખત જતાં સિમેન્ટની માફક જ સખત બની જાય છે. વધુ મજબૂત, ટકાઉ અને મોટા વિસ્તારના બાંધકામમાં આ કૉંક્રીટ સાથે લોઢાના સળિયા ગૂંથીને બાંધકામ કરાય છે. તેને 'રી-ઈન્ફોર્સ્ડ કૉંક્રીટ' કહે છે.

છેલ્લા ત્રણ દશકામાં સિમેન્ટ અતિ મહત્ત્વનો ઉદ્યોગ થઈ પડ્યો છે, કેમકે તેનો ઉપયોગ બાંધકામમાં મબલખ થાય છે. રસ્તા, પૂલો, મોટી ઇમારતો વગેરેમાં તો સિમેન્ટ હવે અનિવાર્ય બની ગયો છે. સિમેન્ટના રસ્તા કાયમના જેવા થાય છે. તેના પર પછી બીજો ખર્ચ લગભગ કાંઈ જ આવતો નથી. પૂલના મહાકાય થાંભલા, મોટાં ઘુમટ, પાણીના જબરદસ્ત બંધ, લાંબી નહેરો, જંગી કારખાનાં-નાં ભોંયતળિયાં અને પાયા પૂરવામાં સિમેન્ટ કૉંક્રીટનો ઉપયોગ મહત્ત્વનો થઈ પડ્યો છે. સિમેન્ટનો ખાસ ફાયદો એ છે કે તેના વડે કામ સહેલાઈથી થઇ શકે છે અને વળી તે મજબૂત થાય છે. અને એ મજબૂતાઈ વખતની સાથે વધતી જ જાય છે. બાંધકામમાં સિમેન્ટનું કામ મજબૂતાઈમાં ગણાય છે. હવે તો લોઢાનાં ભૂંગળાંને બદલે સિમેન્ટનાં ભૂંગળાં વપરાતાં જાય છે. સમુદ્રના પાણીમાં ટકી શકે એવી સિમેન્ટની બનાવટમાં લોઢાનું પ્રમાણ વધારવામાં આવે છે. સિમેન્ટમાં છુટા ચૂનાનું પ્રમાણ જરા યે ન રહેવું જોઇએ; નહિતર એ સિમેન્ટ સારું કામ આપતો નથી.

સિમેન્ટનો ઉદ્યોગ આપણા દેશમાં હવે સારી સ્થિતિમાં ચાલે છે. આપણા દેશમાં સિમેન્ટની બનાવટ માટે જરૂરી કાચો માલ ઘણે સ્થળેથી નીકળે છે, એટલે એ દિશામાં તો ઉદ્યોગને બીવા જેવું નથી. સિમેન્ટની ભઠ્ઠીઓમાંથી નીકળતા ધુમાડાઓમાંથી પોટૅશ્યમ-ના ક્ષારો કાઢવામાં આવે છે. એ ક્ષારો ખેતીના વિકાસમાં ખાતર તરીકે ખૂબ ઉપયોગી છે. આ ખીલવણી હજી આપણે ત્યાં થઇ નથી.

સિમેન્ટ પણ જાતજાતના બને છે. આજકાલ મૅગ્નેશ્યમ-ઑક્સી-ક્લોરાઈડ-સિમેન્ટ (સોરેલ સિમેન્ટ)નો ઉપયોગ વધતો જાય છે. મૅગ્નેશ્યમ ક્લોરાઈડના ઘટ્ટ દ્રાવણમાં મૅગ્નેશ્યમ ઑક્સાઈડ (મૅગ્નેશિયા) મેળવીને એ તૈયાર કરાય છે. આ સિમેન્ટમાં નાનાનાના પથ્થર તથા લાકડાનો વેર ઉમેરીને એક પેઈસ્ટ (લૂગદી) બનાવાય છે, જે થોડા જ વખતમાં સખત થઇ જાય છે. તેની મજબૂતાઈ પણ સિમેન્ટ જેટલી જ હોય છે. આ સિમેન્ટની વિશિષ્ટતા એ છે કે તેના પર સરસ પૉલિશ થઇ શકે છે. ઈસ્પિતાલો, જાહેર મકાનોનાં ભોંય-તળિયાં વગેરે અંદરના ભાગોની બનાવટમાં તે ખાસ વપરાય છે.


સિમેન્ટમાં એટલી ઝડપથી જામી જવાનો ગુણ છે કે જો તેના પર કાબૂ રાખવામાં ન આવે તો તે નકામો થઈ જાય. આથી એ ક્રિયા પર જોઇતો કાબૂ રાખવા માટે સિમેન્ટમાં અમુક પ્રમાણમાં ચિરોડી ઉમેરવામાં આવે છે. શુદ્ધ સિમેન્ટ તો ૬ મિનિટમાં જ સખત થઇ જાય છે, પરંતુ તેમાં ત્રણ ટકા ચિરોડી ઉમેરવાથી એ ગાળો ત્રણ કલાકનો થાય છે.

ચિરોડી એટલે રાસાયનિક પરિભાષામાં કૅલ્શ્યમ સલ્ફેટ. તેને ધીમે તાપે શેકીને બનાવેલો બારીક ભૂકો 'પ્લાસ્ટર ઑવ પારીસ'ના નામથી જાણીતો છે. આ ઉદ્યોગ પ્રથમ પારીસની આસપાસ શરૂ થયો હતો એટલે તેનું એ નામ પડયું. આ પ્લાસ્ટરને પાણી સાથે મેળવીને વાપરવાથી થોડા કલાકમાં તે ઘટ્ટ થઇ જાય છે. મકાનોની અંદરની દીવાલો પર પ્લાસ્ટર તરીકે એ ખૂબ વપરાય છે. તેનો ઉપ-યોગ સિમેન્ટની બનાવટમાં પણ થાય છે એ ઉપર આવી ગયું. મકાનોની છતો તથા ભીંતો ઉપર વિવિધ સુંદર વેલબુટ્ટીના તથા કોતરકામના અને શિલ્પના ઢાળા માટે આ પ્લાસ્ટર ખાસ ઉપયોગી છે, કેમકે તે જામે છે ત્યારે તે એક ટકા જેટલું ફૂલીને વધે છે, એટલે તેમાંથી બનાવેલા ઢાળા સજ્જડ અને ચોક્કસ ઊઠે છે.

આમ, કૅલ્શ્યમનાં આ ત્રણે સંયોજનો આપણા રોજિંદા જીવન-માં ઘણાં ઉપયોગી થાય છે. આધુનિક બાંધકામમાં તેમનું સ્થાન એટલું તો અનિવાર્ય છે કે ઈજનેરોને પોતાના કામમાં તે પ્રાણ સમાન છે.

યુવાન પ્રજાના ઘટઘટનું ઘડતર કરતી

યુદ્ધરમતો



★ લેખક · વાસુદેવ ભટ્ટ ★

યુદ્ધરમતો એ રમતગમતનો એક વિશિષ્ટ વિભાગ છે, અને ગયા બે અંકમાં આપણે એવી બે રમતોનો શબ્દ-પ્રત્યક્ષ ખ્યાલ મેળવ્યો. પણ તેના સ્વરૂપ વિષે હજી થોડું જાણવાનું બાકી રહે છે તે જોઇએ. એ બે રમતો નીચેની બાબતોમાં જુદી પડે છે:

(૧) ધ્વજયુદ્ધ સપાટ મેદાન પર રમાય-લડાય છે, જ્યારે ટેકરી-યુદ્ધમાં એક ટુકડી ટેકરી પર ગોઠવાય છે અને બીજી ટુકડી નીચેના મેદાનમાં–તળેટીમાં.

(૨) ધ્વજયુદ્ધમાં બન્ને ટુકડી પાસે ધ્વજ હોય છે; જ્યારે ટેકરી-યુદ્ધમાં માત્ર ટેકરીવાળી ટુકડી પાસે જ તે હોય છે.

(૩) ધ્વજયુદ્ધમાં, કોઇ પણ ભિલ્લુ બાદ (આઉટ) થતો નથી; જ્યારે ટેકરીયુદ્ધમાં કોઈ પણ એક ટુકડીના ત્રણ ભિલ્લુઓ એકી-સાથે અને પ્રત્યક્ષરીતે સામી ટુકડીના એક ભિલ્લુને અડકે એટલે એમ અડકાએલો ભિલ્લુ બાદ થાય છે—એટલે કે, પછી, એ રમત-માં ભાગ લઇ શકતો નથી. આ નિયમ પાછળ ખ્યાલ એવો છે કે ત્રણ જણા ભેગા થઇ સામા પક્ષના એક સૈનિકને મારી નાખે છે.

પણ, આ બધી યુદ્ધરમતોમાં 'નિયમ' એ મુખ્ય વસ્તુ નથી. નિયમોમાં ગમેતેટલી છૂટછાટ મૂકી શકાય કે નવા નિયમો પણ ઉમેરી શકાય. એમાં મુખ્ય બાબત એક જ છે કે ગમે તે રીતે એક સરસ યુદ્ધ રમવું—રમાડવું.

ટેકરીયુદ્ધમાં રમનારાની સંખ્યા ગમે તેટલી મોટી રાખી શકાય. દરેક ટુકડીમાં ઓછામાં ઓછા પંદરેક ભિલ્લુ હોય તો જ મઝા પડે. અને વધારેમાં વધારે? અરે, પાંચસો હોય તો યે શું અને હજાર હોય તો યે શું? હા, એટલું ખરું કે રમનારાની સંખ્યા જેમ મોટી તેમ ટેકરી પણ મોટી હોવી જોઇએ અને તેની રચના પણ એવી અટપટી હોવી જોઇએ કે બધા જ રમનારા એમાં ઘૂમી શકે, ધારે તો ખોવાઈ જઇ શકે અને દરેક જાતની વ્યૂહાત્મક પ્રયુક્તિઓને અમલમાં મૂકી શકે.

બેમાંની ગમે તે એક ટુકડી ટેકરી પર ચડી જાય અને પોતાના ભિલ્લુઓની સંખ્યા તથા ટેકરીની રચના ધ્યાનમાં લઇ યોગ્ય લાગે તે રીતે રક્ષણાત્મક વ્યૂહ ગોઠવી નાખે. પોતાનો ધ્વજ એવી જગ્યા-એ રાખે કે સામી ટુકડી તેને બરાબર જોઇ શકે. આગ, આંખ અડ-કાડવાની છૂટ; પણ હાથ અડકાડવા જતાં તો માથાનો જ સોદો!

તળેટીવાળી ટુકડીનું કામ હલ્લો કરવાનું છે. તેણે બીજું કાંઇ જ ખાસ કરવાનું નથી; માત્ર કોઇ પણ હિસાબે ટેકરી પરથી ધ્વજ ઉઠાવી નીચે લાવવાનો છે. પણ એ એટલા સીધાસાદા કામ માટે કેટકેટલી આડીઅવળી પ્રવૃત્તિ કરવી પડતી હશે? અને માત્ર આડી-અવળી જ નહિ, તડ અને ફડ કરવાની પણ ખરી.

તમારી આંખ આગળ એક ચિત્ર ખડું કરો. ના, ચિત્ર નહિ; સિનેમા-ફિલ્મ. પચીસ જવાનો એક ટેકરી ઉપર અડ્ડો જમાવી પડ્યા છે. વચ્ચે, બાવાજીના ચીપિયા જેવો વાવટો છે. ટેકરીની નીચે બીજા પચીસ જવાનો છે. તેમની દાનત એ ચીપિયા પર બગડેલી છે. બાવાજીનો એ ચીપિયો સોનાનો છે કે કેમ યા તેમાં લોખંડમાંથી સોનું બનાવવાનો કીમિયો છે કે કેમ તેની તો ખબર નથી પણ એ પચીસે જવાનો કોઈ પણ ભોગે એ ચીપિયો પડાવી લાવવા તલપાપડ છે. ઉપરવાળા બાવાજી પણ એ બહુમૂલ્ય ચીપિયો એમ જવા દેવા તૈયાર નથી.

નીચેવાળા ગુસપુસ કરે છે, તો ઉપરવાળા તે પર ધ્યાન આપે છે. નીચેવાળા આમતેમ થાય છે, તો ઉપરવાળા શકરા જેવી નજર ફેરવે છે. નીચેવાળા એવરેસ્ટનું આરોહણ શરૂ કરે છે, તો ઉપરવાળા મેઘનું તાંડવ તૈયાર કરે છે. નીચેવાળા આવ્યા છે, તો ઉપરવાળાએ વધાવ્યા છે. પછી તો નીચેવાળા–ઉપરવાળા ભેટે છે, આળોટે છે, ને આગળ કેં કેં થાય છે; એનો ખ્યાલ આપણે મેળવી લીધો છે.

ધ્વજયુદ્ધ અને ટેકરીયુદ્ધમાં તો રમનારાઓ સભાન હોય છે કે તેઓ મારામારીની કોઈ 'રમત' રમી રહ્યા છે. પણ એવી યે રમતો રમી શકાય કે જેમાં બધા રમનારાઓને પૂરો ખ્યાલ ન પણ હોય. માની લો કે પંદર વીસ મિત્રો ફરવા ગયા છે. પોતાના ગામથી પાંચેક માઈલ દૂર, નદીકિનારે રળિયામણી જગ્યાએ રાતવાસો કરી બીજા દિવસે પાછા આવવાના છે. તેઓ રાત્રે નિરાંતે આરામ કરે છે.

ગામમાં તેમના કેટલાક મિત્રો છે તેમને વિચાર આવ્યો કે ચાલો જરા ગમ્મત કરીએ. બારેક જણા તૈયાર થયા. રાતના વાળુ કરી હાથમાં ડંગોરા લઇ ઊપડ્યા. પેલા મિત્રો આરામ કરે છે ત્યાં આ-વ્યા. જરા દૂર ઊભા રહી મોઢે બુકાનીઓ બાંધી. જગ્યાનો અને તેમાં આરામ કરનારાનો ક્યાસ કાઢી અંદર ઘૂસ્યા. પહેલાં તો છા-નામાના જઈ થોડીક ચોરી કરી; કેટલીક અગત્યની વસ્તુઓ ઉઠાવી લાવ્યા. ત્યાર બાદ એકદમ બૂમાબૂમ કરી, ઊંઘનારા પૂરા જાગે અને કાંઇ સમજે તે પહેલાં, કેટલાકની છાતી પર ચડી બેઠા, કેટલાકના હાથપગ બાંધ્યા. કેટલાકને જરા ખોખરા કર્યા! પેલા જાગ્યા અને સમજ્યા (પણ સાચું ન સમજ્યા); એટલે એમણે પણ કેં કેં અજ-માયશ કરી. પછી પા કલાક–વીસ મિનિટ શું શું થયું હશે તે તમારી મેળે સમજી લેજો અને છેવટે સમાધાન કયે કયે રસ્તે થઈ શકે અને કયે રસ્તે તેમણે કર્યું હશે તે પણ તમારી મેળે જ ગોઠવી લેજો.

ઉપરના જ પ્રસંગમાં એમ પણ બને કે જે મિત્રો ફરવા ગયા છે તેમાંથી જ પાંચ-છ જણા અર્ધી રાતે ઊઠી, દૂર જઇ, જરા વેશ-પલટો કરી બાકીના મિત્રોની ચકાસણી કરી જુએ.

અથવા, એમ કલ્પો કે જે ટુકડી ફરવા ગઈ છે તેને એ જગ્યા પૂરી નિર્ભય નથી લાગી, એટલે વારાફરતી બબ્બે જણ જાગે છે. એવે પ્રસંગે હલ્લો કરનારા શું શું કરશે? જાગનારાને ડરાવશે? કે પકડીને બાંધશે? કે ઓચિંતાનો બધા જ મિત્રો પર છાપો મારશે?

હવે, એવા પ્રસંગનો પણ ખ્યાલ કરો કે જેમાં પચીસેક કુમારો અને યુવાનો, તાલીમ લેવા માટે દરરોજ રાત્રે ભેગા થાય છે. તેમને

લગભગ લશ્કરી ઢબે તાલીમ આપવામાં આવે છે. રાતે બધા આરામ કરે છે ત્યારે વ્યવસ્થિત ચોકી ચાલે છે. એ લશ્કરી છાવણીની રીતે રાત પસાર થાય છે. એ છાવણીના સંચાલકને લાગે છે કે ચાલો આ લોકોને થોડી સાચી તાલીમ આપીએ. એટલે પોતે છાવણીમાં નહિ જોડાએલા કેટલાક યુવાનોને હલ્લો કરવાનું જણાવી વ્યૂહ ગોઠવી આપે છે. પછી શું શું થશે ? થોડું કહ્યું પૂરું કરીને સમજી લેજો.

ધ્વજયુદ્ધ કે ટેકરીયુદ્ધ એ કુસ્તી કે મુક્કાબાજીના જેવી રમતો છે. ફેર એટલો કે કુસ્તી કે મુક્કાબાજી વ્યક્તિ-વ્યકિત વચ્ચે હોય છે, જ્યારે આ બે યુદ્ધરમતો સામુદાયિક રીતે, એટલેકે ટુકડીટુકડી વચ્ચે રમાય છે. પણ ઉપર જણાવી તેવી જાતની યુદ્ધરમતો તો કુસ્તી કે મુક્કાબાજી જેવી નથી. કોઈ પણ જાતના દાવનાં બંધન વિના બે વ્યક્તિઓ મારામારી કે તોફાન કરે તેના જેવી આ યુદ્ધ-રમતો છે. ને જેવી રીતે મારામારી કે તોફાનના મર્યાદિત કે નિશ્ચિત પ્રકારો નથી હોતા, તેમ જ આ યુદ્ધરમતોના પણ પ્રકાર નથી હોતા. વ્યાયામ-શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓ અને આજુબાજુની પરિસ્થિતિ ધ્યાનમાં લઇ મારામારીની ને તે દ્વારા યુદ્ધની પ્રયુક્તિઓના વિકાસની તક આપતી યુદ્ધરમતો યોજવાના આવા ઘણા પ્રસંગો શોધી શકે.


યુદ્ધની પ્રયુક્તિઓ હસ્તગત કરવા માટે આ યુદ્ધરમતો એવું તો સરસ સાધન છે કે કેળવણી આપતી સંસ્થાઓએ—નવભારતનું ઘડતર ઇચ્છતી સંસ્થાઓએ તે અપનાવવી જોઈએ અને વિશેષ તો એ છે કે યુદ્ધરમતો એટલી તો આકર્ષક નીવડે છે કે એ રમતની દરેક તકને વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદ સાથે વધાવી લે છે.

આનંદભરી રીતે ઘડતર સાધી આપતી આ યુદ્ધરમતો; જેટલો પ્રચાર પામે તેટલો ઓછો જ ગણાશે.

બૂચ

માસમાસની વનસ્પતિનો પરિચય આપતી લેખમાળા: આપણી વનસ્પતિ [૩૪]

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા



લાંબાં હિમધવલ ફૂલોથી શોભતી આ વનસ્પતિને ‘આકાશ લીમડો’ તેમજ ‘લટક ચમેલી’ પણ કહે છે. આપણે ત્યાં જે કેટલીક મનોહર ફૂલો આપતી વનસ્પતિ થાય છે તેમાં તેની ગણના થાય છે. તેને સંસ્કૃતમાં ‘આકાશ-નિમ્બ’, હિંદીમાં ‘આકાશનીમ’ તથા ‘મીની ચમ્બેલી’ ને મરાઠીમાં ‘નીમી ચમ્બેલ’ તેમજ ‘કેવડચાનિંબ’ નામથી ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં તેને ‘ઇન્ડિયન કૉર્ક ટ્રી’ (Indian Cork Tree) તેમજ ‘ટ્રી જસ્મીન’ (Tree Jasmine) કહે છે. તેનું શાસ્ત્રીય નામ મિલિન્ગ્ટોનીઆ હૉર્ટેન્સિસ’ (Millingtonia Hortensis, Linn.). અઢારમી સદીમાં થઇ ગએલા આંગ્લ વનસ્પતિવિદ્ ટૉમસ મિલિન્ગ્ટનના માનમાં આ નામ પાડેલું છે. ‘હૉર્ટેન્સિસ’ લૅટિન નામ છે ને તેનો અર્થ ‘બાગબગીચામાં ઊગતી’ એવો થાય છે.

બ્રહ્મદેશમાં આવાથી તેનાસીરમ સુધીનો પ્રદેશ, મલાય આર્કિપૅલેગો અને મધ્ય હિંદ તેનાં ઉત્પત્તિસ્થાન. હિંદના ઘણા ભાગોમાં તે ઉગાડાય છે. વનસ્પતિવિદ્ રૉકસબર્ગની નોંધ પરથી માલૂમ પડે છે કે ઈ ૧૮૯૦ની આસપાસ તાંજોરના રાજાના બગીચામાંથી બૂચનાં બીજ મદ્રાસ લાવી ઉગાડવામાં આવેલાં. તેમાંથી એક છોડ ઇસ્ટઇન્ડિયાકંપનીના કલકત્તાના બૉટૅનિકલ ગાર્ડનમાં રોપવામાં આવેલો. સૌરાષ્ટ્ર, ગુજરાત ને મુંબઈઇલાકાના ઘણા ભાગમાં આ ઝાડ ઉગાડાય છે.

બૂચનું ઝાડ લગભગ ૮૦ ફીટ સીધું ઊંચું ઊગે છે. તેની શાખાઓ નીચે ઢળતી હોય છે અને કુમળી શાખાઓ પર આછી રુંવાંટી હોય છે. તેની પીળાશપડતી રાખોડી છાલમાં ફાટ હોય છે. બૂચનાં ઘેરાં લીલાં પાનની શોભા મનોહર હોય છે. આ પાન શાખાઓ પર સામસામાં ગોઠવાએલાં સંયુક્ત, દાંડીવાળાં અને ૧૦ થી ૨૦ ઇંચ લાંબાં હોય છે. દરેક સંયુક્ત પાન તેની મુખ્ય દાંડી પર જોડકાંમાં સામસામું ગોઠવાએલું પરંતુ ટોચે એક અદૂલા નાના પાનનું બનેલું હોય છે. આ દરેક નાનું પાન ફરી તેવી જ રીતે ગોઠવાએલાં વધારે નાનાં પાનનું બનેલું હોય છે. આવાં સંયુક્ત પાનને દ્વિભગ્ન (Bipinnate) પાન કહે છે. આવાં છેવટનાં નાનાં પાન ૧ થી ૨½ ઇંચ લાંબા ને ½ થી ૧½ ઇંચ પહોળાં, લીસાં, કાંઇક અનિયમિત આકારનાં પરંતુ તળિયે ગોળાકાર અને ટોચ તરફ સાંકડાં તથા અણીદાર ટોચવાળાં હોય છે. પાનની કિનારી અખંડ અગર દાંતાવાળી હોય છે. બૂચ સદાય લીલું—સદાપર્ણી—ઝાડ ગણાય છે, કારણકે તે કદી પૂરું પાનરહિત થતું નથી. જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ઝાડ પરથી ઘણાંખરાં પાન ખરી પડે છે. એપ્રિલ અને મે માસમાં તે પર ફરી નવાં પાન આવી જાય છે.

સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન તેને ફૂલ આવે છે. મુંબઇ ને કોંકણમાં ઑક્ટોબરની આખરમાં ફૂલ આવવાં શરૂ થાય છે ને ડિસેમ્બર પર્યંત તે ચાલુ રહે છે; પરંતુ પશ્ચિમ હિંદના બીજા ભાગોમાં સપ્ટેમ્બર માસથી ફૂલ બેસવાં શરૂ થાય છે તે ડિસેમ્બર સુધી ચાલુ રહે છે. ઘેરાં લીલાં પાનની સાથે સફેદ ફૂલોનાં નીચે નમતાં ઝૂમખાં વડે બૂચ ખૂબ સુંદર દેખાય છે. ફૂલોની આહ્‌લાદક સુવાસ આસપાસની હવાને ભરી દે છે. ફૂલો શાખાને અંતે મોટાં ઝૂમખાંમાં આવેલાં હોય છે. દરેક ફૂલને એક નાની દાંડી હોય છે. ફૂલમાં વજ નાનું અને ઘંટાકાર હોય છે; પુષ્પમણિ નળી આકારની હોય છે ને નળીને છેડે પાંચ સફેદ પાંખડી હોય છે. પાંખડી પર કોઈવાર ગુલાબી છાંય હોય છે. પુષ્પમણિની નળી ૨ થી ૩ ઇંચ લાંબી ને તે પર આછી લીલી છાંય હોય છે. ફૂલમાં ૨ લાંબાં અને ૨ ટૂંકાં એવાં ૪ પુંકેસર (ક્વચિત પાંચ) હોય છે અને તેની ટોચે પીળા પરાગકોષ હોય છે. બીજાશય એક કોષાળું હોય છે ને તેમાં ઘણા બીજઅંડ હોય છે. પુંકેસર તેમજ સ્ત્રીકેસર નલિકા ફૂલમાંથી બહાર નીકળેલાં હોય છે.

(જુઓ ઉપરના ચિત્રમાં)

બૂચનું ફળ ચપટું, પાતળું, બંને છેડે અણીદાર અને ૧થી ૧½ ફીટ લાંબું હોય છે. તેમાં ઘણાં બીજ હોય છે. એ બીજ ચપટાં, એકાદ ઇંચ પહોળાં અને બારીક, પારદર્શક પાંખવાળાં હોય છે. મધ્ય પ્રાંત તેમજ પશ્ચિમ હિંદમાં બૂચના ઝાડને ફળ આવતાં નથી. ઉત્તર હિંદમાં પણ ક્વચિત જ ફળ આવે છે.

મોટે ભાગે આ ઝાડ બીજ વડે ઉગાડવામાં આવે છે. જોકે તેને કાપકલમથી પણ ઉગાડી શકાય છે. તે જલદીથી વધનારી વનસ્પતિ છે. દાખલા તરીકે ઉપર જેની નોંધ કરેલી છે તે કલકત્તાના બૉટેનિકલ ગાર્ડનમાંનું બૂચનું ઝાડ બાર વર્ષમાં ૫૦ ફીટ ઉંચાઈએ પહોંચેલું. ઉનાળાને અંતે બીજ જેવાં પાકે તેવાં જ વાવવાં જોઇએ. પાછળથી પછી વર્ષાઋતુની શરૂઆતમાં એ રોપાને જમીનમાં ઉગાડવામાં આવે તો સારીરીતે ઊગે છે.

શોભાવૃક્ષ તરીકે બૂચ ઘણી જાણીતી વનસ્પતિ છે. પશ્ચિમ હિંદમાં બાગબગીચા તેમજ રસ્તા પર ઉગાડવા માટે તેનો બહુ ઉપયોગ થાય છે. તેનું લાકડું નરમ ને પીળું હોય છે. તેના એક ઘનફૂટનું વજન ૪૨ રતલ થાય છે. તે સારી રીતે પૉલિશ થઇ શકે છે અને ફર્નિચર તથા શોભાની વસ્તુઓ બનાવવામાં વપરાય છે. બૂચના ઝાડની છાલ આશરે ૧ ઈંચ જાડી હોય છે અને તેનો ઉપયોગ હલકી જાતનાં બૂચ બનાવવામાં થાય છે.

બાંધ ગઠરિયાં (અનુસંધાન પૃષ્ઠ ૩૫૩થી ચાલુ)

એકાદ કપાતો ત્યારે દોઢેક રીલની ચટણી કરી જતો! ને જીતેલો પતંગ આસ્તેથી ઉઠાવ પર આવી, આકાશમાં ઊંચે એકલો અટૂલો ગગનરાજની માફક હવામાં સ્થિર રહી જતો. સૌકોઇ એને જોઇ રહેતા. એને કનડવાની કોઇ હિંમત ન કરતા.

પણ એટલામાં તો મારામારી સંભળાતી. ધડાધડ નળિયાંના ટુકડા ચાલુ થઇ જતા. ‘મૂકી દે, મૂકી દે, સાલા ભિખારચોટ!’ની રાડારાડ પડતી. પણ કોઈના કપાએલા પતંગની દોરી કોઇએ પકડી, એટલે નળિયાં કે ન નળિયાં, એ છોડે શાનો? મામાજીની ‘થીઅરી’ જુદી હતી: (ને એવી ‘થીઅરી’ માનનાર થોડાઘણા સાથીદારો પણ હતા.) પતંગ કપાઈ ગયો, પછી એ દોરી ખેંચવી, એને પાછી પરતી પર વીંટાળવી, એ ઠીક ન ગણાતું. છાપરેથી ખેંચાઇને આવતી દોરી નળિયે ઘસાતી, એટલે એનો માંજો બગડેલો ગણાતો, અને હાથ આગળથી તોડી નવેસરથી નવો પતંગ ઉડાડાતો. દોરી ખેંચવી શી અને એવી પાછી ઘસાયલી ‘ઘિસ્સા’વાળી દોરી ઉપયોગમાં લેવી શી?

કલાક બે કલાકમાં મામાજી બે ત્રણ લડત લડી લેતા. એકાદ ભારે શાનદાર આંખદાર પતંગ બેત્રણ ફરાકામાં તો ચડાવી, દોરી પીતો કરી, પવનના ઘર પર મૂકી, લોટચા વિના આગળ વધવા દેતા. પતંગ બહુ લોટે તો માંજામાં વધારે વળ પડે, એટલે એ બહુ લોટાવતા નહિ; પણ કોઈ ફુદાફુદીને કે નાના પતંગને કાપવાં હોય તો ઉપરથી નાખી લોટતો મૂકી દે, એટલે બેત્રણ મિનિટમાં ફેંસલો! એમ જ નીચેથી ઉઠાવી કંઈકને પવનથી આડા એવા લટકાવી દેતા કે પતંગ જરા જોરમાં આવ્યો કે પેલો સફા! પણ કોઇ પડખે કે આડો હોય અને એની સાથે લડાવવા જતા, ત્યારે ફુલાવી ફુલાવીને એની ઉપર જઈને પડતા, અને દોરીની ઝોળ મૂકતા. જેવો પતંગ પવનના જોર પર આવ્યો કે ‘કટ્ટે…હે!’ આમ, અરધા કલાકમાં એ પાંચ-સાત પેચ તો લઈ લેતા, અને થોડા કાપી પણ બતાવતા. એક આંગળી પર પતંગને આડોઅવળો ફેરવતા, લોટાવતા ને ઓછામાં ઓછે ઠુમકે પતંગની ચાલ ઘડી આપતા.

ભાઈદાસ હાથામારૂ પર મામાજી બહુ ખિજાતા. એ બાલાજી તરફ રહે. સાંજે ખૂબ દોર મૂકી વધતો આવે, અને પાછળથી નીચેથી ધૂસી જ્યાં મેચનો સમય આવે કે જોરથી બેપાંચ હાથ મારે,—એટલેકે પતંગને ઝપાટાબંધ પોતા તરફ ખેંચે. આ સરતીથી ઊલટો જ પેચ—ભિખારચોટનો પેચ. મામાજી બને ત્યાં સુધી એને નીચે ધૂસવા જ ન દે. એ ગુલાંટ મારે કે મામાજીએ એથી સવાઈ ગુલાંટ મારી જ છે. અને છતાં લાગ જોઇ જો હાથમાં આવી ગયા, તો એને કન્ના આગળથી પકડી દોરની ખૂબ ઝોળ મૂકી દેતા, જેથી એને ખેંચવાનો લાગ જ રહે નહિ. અને અંતે એ કપાતો!

આવા હાથામારૂઓની સંખ્યા ધીમેધીમે વધતી જતી હતી. ઓછી દોરીએ અને ટૂંક સમયનો એ વેપલો જુવાનિયાઓને ઠીક માફક આવતો. ત્રણ પાનાનો જુગાર, ને બે મિનિટમાં હિસાબ! ‘કેસીનો’ સ્ટાઇલમાં ધીમેધીમે રમવાવાળાની મોજ જુદી જ છે, તેમ સરતીના પેચની ખૂબી આગળ આ ‘હથ્થા’ મારવાની રીત તદ્દન જડસુ અને ચીડવે એવી લાગે એ સ્વાભાવિક છે. અસલી ઢબછબમાં પતંગ ચડાવનારાઓ એમને ધિક્કારે જ.

બપોરના જમવા ઊતરતા ત્યારે જમવું અઘરું થઈ પડતું. હાથે ઘસરકા પડેલા, તે પર તેલમરચું લાગતાં જ આંગળાં ચચરી ઊઠતાં. ખાધું, ન ખાધું ત્યાં તો છાનામાના પાછલે દાદરે થઈને ઉપર. ત્યારે ખરે બપોરે આકાશનો રંગ જોવા જેવો થતો. સવારના છેલ્લા ભાગના કપાએલા પતંગો ફૂદડીએ ચડતા, પવનના વમળોમાં એકની એક જગ્યાએ ફર્યા કરતા, અને ઊંચે ચડ્યા કરતા. પવન દિશા બદલતો એટલે બારથી બેના વચગાળે આ ગમ્મત જોવાની મઝા પડતી. કેટલીક વાર તો બબ્બે ત્રણનાં જોડકાં સાથે ને સાથે લટકતી ભર દોરે ઊંચે ને ઊંચે ચડતાં જ જાય અને ફેરફૂદરડી ફરતા જ રહે. વાહ પતંગ વાહ! અને વાહ પવન વાહ! એમ બેત્રણ કલાક ફૂદડી ફરી બેચાર માઈલ દૂર એ પતંગો જઇ પડતા!

ચાર વાગ્યાથી તો આકાશ ભરાઈ જતું. રંગનો મેળો જામતો. સોની મહાજન પણ રંગમાં આવી જતા ને છુટ્ટી પરતીએ પેચ લડતા. ‘કાઈપોછ’, ‘ભડકેલો છ’, ‘આવવા દે’, ‘માર ગુલાંટ’, ‘ઉઠાવ પર લે’, ‘માર થાપ’, લોટવા દે’, ‘વધ્યો આવ દીકરા’, ‘ખમચાય છ કેમ?’, ‘લપટાવી લે’, ‘લંગર માર’ વગેરે દાવપેચ ને વ્યૂહરચનાનો શબ્દકોષ સંભળાયા જ કરતો. બૂમાબૂમ, શોરબકોર, હાહાઠીઠી ને ચીસાચીસથી અગાશીઓ ગાજી રહેતી. ભૂલેચૂકે પતંગ કોઈ અગાશી પર ન પકડાયો અને છટકીને રસ્તે પડ્યો, તો ત્યાં યે પડાપડી. વેચાતા લીધેલા મોંઘા પતંગ કરતાં પાઈની કપાએલી પતંગડી માટે હોંસાતોંસી થઈ રહેતી; ભારે જીભાજોડી પર પણ ઊતરી પડતાં. હજારો પતંગોથી આકાશ ભરચક રહેતું. અંધારું થવા આવે ત્યારે જ કંઈક ઓછા થતા લાગતા. સૂર્યનારાયણ ખુશ થઈ ઉત્તરાયણને પંથે વળતા. અને એને રસ્તો બતાવવા, અંધારામાં સ્થિર પતંગો કાઢી, ગાળે ગાળે દોરી ઉપર સળગતાં ફાનસ બાંધી એને ચડાવતા. લાલપીળાં ફાનસોની હાર બનાવતા અને આકાશને અજવાળવા મથતા.

થાકેલા ઊંઘી જતા; રાત્રે ઝબકીને પતંગની બૂમો પાડતા, ને બીજે દિવસે પણ જરા ઓછા ઉત્સાહથી સંક્રાંતની ઊજવણી પૂરી કરતા.

મને બરોબર યાદ છે: તે વખતે એક નેલ્સન કે એવી કોઇ ‘રીડર’ અંગ્રેજીમાં ચાલતી. એમાં જાપાનના ‘કાઈટ ફ્લાઇંગ’નો પાઠ અમને ભણાવતા. એ વિષે એસે(નિબંધ) પણ લખાવતા. મૂઆ એ ભણાવનારાઓ! ઘરઆંગણે ઉત્તરાયણ ઊજવવા ન દે ને જાપાનની મોટીમોટી વાતો અંગ્રેજીમાં પઢાવે! ખરેખર, ચાલુ સદીના પ્રારંભકાળનું ભણતર તો એક ફારસ સમાન જ હતું. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં






અંક ૨૨ આસો ૧૯૮૧ (ઑક્ટોબર ૧૯૨૫)

આસોનો અંક, એટલે તેને 'દીવાળી અંક' તરીકે કાળજી-પૂર્વક વૈવિધ્યમંડિત કરેલો. સામગ્રી પણ સંગીન ચૂંટેલી. એટલે, 'ત્રિખંડપંડિત ભાંડારકર'નું ચરિત્ર, 'હૅાચકી' નામની રહસ્યભરી જાપાની વાર્તા, ભીષણ સમુદ્ર-તોફાન આલેખતી કાકા-સાહેબની 'ગોકર્ણની યાત્રા', આદિમાંથી કશાને અહીં સમગ્રતયા ટુંકાવી શકાય તેમ નથી. સ્વ. નવલરામ ત્રિવેદીએ 'જીવનપરાગ' નામ-થી શરૂ કરેલી પ્રસંગમાળાના ૧લા હપતાનો પહેલો પ્રસંગ આ અંકના છેલ્લે પાને પ્રથમ ઉતાર્યો છે. 'દીવાળી' વિષેના કાકાસાહેબ કાલેલ-કરના રસબોધક લેખમાંથી આટલું તારતમ્ય ઉપયોગી લાગશે:

"**આ** દીવાળીના પર્વનાં મૂળ અનેક કહેવાય છે, ને જુદાજુદા પ્રાંતોમાં તેને માટે જુદાંજુદાં કારણો મનાય છે. બંગા-ળીઓ એમ માને છે કે મહાભારતનું યુદ્ધ જીત્યા પછી આ દિવસે પાંડવોની હ-સ્તિનાપુરમાં પધરામણી થઈ. દક્ષિણી-ઓ માને છે કે આસો વદ ચૌદશ—એટલે કાળીચૌદશને દહાડે શ્રીકૃષ્ણે નરકાસુર-નો વધ કર્યો અને તેની ઊજવણી તરીકે તેને બીજે દહાડે દીવાળી ઊજવવામાં આવે છે. ગુજરાતીઓ માને છે કે આ દિવસે પરદુઃખભંજન વિક્રમ રાજા ગાદીએ બેઠો. અયોધ્યા તરફના લોકો એમ માને છે કે આ દિવસે રામે રાવણ-ને મારી..સીતાજીને છોડવ્યાં..દીવાળી-ના મૂળમાં ગમે તે પણ હો. કદાચ આ બધાં કારણોનો સંબંધ આ પ્રતાપી દિવ-સની સાથે જાણીજોઇને જોડી દેવામાં આવ્યો હોય. પણ આ બધાંનો સાર એ છે કે અધર્મ ઉપર ધર્મનો, પાપ ઉપર પુણ્યનો, અસત્ય ઉપર સત્યનો, અ-ન્યાય ઉપર ન્યાયનો એ દિવસે વિજય થયો...ગુજરાતમાં અમાસને દિવસે ચોપડાપૂજન થાય છે તેમાં મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની પૂજા કરવામાં આવે છે. આ પૂજનમાં શાહી-નો ખડિયો તે મહાકાળી, રૂપિયો તે મહાલક્ષ્મી, ને ચોપડો એ મહાસરસ્વતી એમ મનાય છે."

ભાંડારકરના જીવનચરિત્રમાં અ-ભ્યાસ વિષે લખ્યું છે: "ગણિત, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, તર્કશાસ્ત્ર એ વિષયો બુદ્ધિને પ્રખર બનાવે છે, તેજસ્વી બનાવે છે, ચોક્કસ બનાવે છે, ને એક વાર બુદ્ધિ સૂક્ષ્મ અણિયાળી બની ગઈ, પછી એને ગમે તે વિષયમાં લઇ જાઓને!... 'અમને ગણિતમાં રસ નથી પડતો, વ્યાકરણ મગજમાં પેસતું જ નથી, વાર્તા કહો વાર્તા,' એમ કહેનાર વિદ્યાર્થીઓ બધે જ દેખાય છે. તેઓ કલ્પના દોડાવી શકે છે, સહૃદયતા કેળવી શકે છે, ઇતિ-હાસમાં માથું મારી શકે છે, પણ બુદ્ધિનું કોઇ વીરકર્મ કરવાની એમની હિંમત ચાલતી નથી."

અને ગોકર્ણ (કારવાર)ની ભૂમિ વિષે એક અજબ હકીકત કહી છે:





એક બાંકોરું પાડવું; નહિતર દીવો હોલવાઇ જશે. પછી ડબ્બાના એક પડખામાં ચાર ઇંચના વ્યાસનું એક ગોળ કાણું પાડવું અને તેમાંથી પ્રકાશને જવા દેવો. આમ થવાથી તમે ઊભા હશો એ આખા ઓરડામાં અંધારું થઈ રહેશે; પ્રકાશ પડતો હશે માત્ર ગોળાકાર રૂપે પડદા પર. એટલે તમારું શરીર એ તેજના ગોળાની બહાર તમે છુપાવી શકશો. પછી પડદાની બીજી બાજુના ઓરડામાં પ્રેક્ષકોને બેસાડી, આ બાજુથી તમે હાથના જુદાજુદા આકારો કરી દીવા આડે ધરશો એટલે તેના ચિત્રવિચિત્ર ઓળા પડદા ઉપર પડશે, ને એ જોઈને પાછલી બાજુના પ્રેક્ષકો ગમ્મત પામશે. પડદા અને દીવા વચ્ચેનું અંતર તમારે પ્રયોગથી નક્કી કરી લેવું જોઈશે, કે કેટલા અંતરથી તમારા હાથની છાયા ચોખ્ખી પડે છે. આટલી તૈયારી બરાબર કર્યા પછી તમારા હાથની હીલચાલ, બીજા આકારોની મદદ અને તમારી વાચાળતા ઉપર જ ગમ્મતનો આધાર રહે છે. શોધક બુદ્ધિનો ફુવારા જાતજાતનાં ચિત્રો અને આકારો સહેલાઈથી બનાવી શકશે. હાથી સૂંઢ હલાવ્યા કરે, બિલાડીની પૂછડી ચાલે, હંસ તરતો દેખાય, ગધેડો કાન ફફડાવે, એ બધું ખરેખર તે વખતે જોનારને ખુશ કરી દેશે. આની સાથે જે ચિત્રો આપવામાં આવ્યાં છે તેનો મહાવરો કરી લીધા પછી બીજા નવાનવા ઓળા તમને સૂઝી આવશે.

આકૃતિ ૧લીમાં હાથ કેવી રીતે ગોઠવ્યા છે તે જુઓ ને પડદા પર એક બાજુથી આટલું જ હાથીનું ચિત્ર બતાવો. આકૃતિ ૨ જી કૂતરાનું ડોકું છે. ૩જી આકૃતિ શિયાળની છે. નીચેની આંગળી ઊંચીનીચી કરવાથી ઉઘાડવાસ થશે. ૪થીનું જિરાફ કેવું છે? પાંચમી આકૃતિમાં ઊડતું પંખી બતાવ્યું છે. જરા પાંખો હલાવતા રહેવું. ૬ઠ્ઠીમાં બુલડૉગ કૂતરો ને સાતમીમાં સસલું છે અને આઠમીમાં બિલાડીનું ચિત્ર છે. જમણા હાથની મૂઠી આમતેમ ફેરવવાથી બિલાડી આસપાસ નજર કરતી લાગશે. ડાબા હાથની ટચલી આંગળી હલાવવાથી પૂછડી હાલતી લાગશે. નવમી આકૃતિનો હંસ કેવો ગરવો છે! દસમી આકૃતિમાં બે હાથથી બે બગલાં સામસામાં ચાંચો ફાડતાં ને બંધ કરતાં બતાવજો. ૧૧મી આકૃતિમાં બિલાડી મેમસાબ બની છે એ તો જુઓ! બારમી આકૃતિમાં લાંબા નાકવાળો સાહેબ મોઢું ઉઘાડવાસ કરશે. પૂઠાની બનાવેલી હોકલી તેના મોંમાં મૂકવાથી ઓર ગમ્મત લાગશે. તેનું નાક પણ હાલશે.


હવે પછીની આકૃતિઓમાં બીજી ચીજોની મદદથી નવા આકારો કરવાના છે. પાઘડી, ટોપી વગેરે બતાવવા તેવી આકૃતિઓ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પૂઠામાંથી કાપીને પકડી રાખવાની છે. તેરમી આકૃતિમાં તતૂડું ફૂંકનારો છે. ૧૪મી અને ૧૫મી આકૃતિમાં ડોસોડોસી ભાંજગડ કરે છે. સાથેસાથે બે જણા સામસામા તેમની વતી કલ્પિત વાતચીત કરે તો હસાવી શકાય.

આ છાયાચિત્રોમાં જેટલા સુધારાવધારા કરવા હોય તેટલા થઇ શકે. થોડા વિચાર અને તર્ક કરતા રહેવાથી ખેલ કરવામાં ચપળતા અને કલ્પના આવશે. આવતા દિવાળીના દિવસોમાં મિત્રોને મહેમાનોને કે ઘરનાં માણસોને આનો આનંદ આપવાનું ચૂકશો મા."

"આ પ્રદેશની ખાસિયત તો કહેવી ભૂલી જ ગયો. ઘર ગરીબનું હોય કે તવંગરનું, જમીન તો ગારાની જ; પણ કાળા આરસપહાણ જેવી સખત અને ચકચકતી જ હોય! સાચ્ચે જ, અંદર મોઢું દેખાય! ગરમીના દિવસોમાં બપોરે કંઇ પણ પાથર્યા વગર માણસ એ ગારાની છો પર સુખેથી સૂઈ શકે. વખતોવખત આ જમીન છાણ ને મેશ ભેળવી તેનાથી લીંપવામાં આવે છે. પણ આ લીંપણ હાથ વતી થાય નહિ. સોપારીના ઝાડ પર એક જાતનું પૂંઠું તૈયાર થાય છે, તેના વતી જમીન ઘસીઘસીને ઓપવામાં આવે છે. આ પૂંઠાને ત્યાંની ભાષામાં 'પોવલી' કહે છે."

હાથની વિવિધ આકૃતિઓ તથા હીલચાલની છાયાઓ ભીંત પર પાડીને છાયાચિત્રો ઉપજાવવાની ગમ્મતભરી રમત કેમ કરવી તે દર્શાવતો સચિત્ર લેખ આવેલો તે આજે પણ એટલો જ રસદાયક હોઇ ચિત્રો સાથે ટૂંકાવીને ઉતારીએ:

"છાયાચિત્રોની આ ગમ્મત ભારે ખર્ચ વગરની ને ગમે ત્યાં થઈ શકે એવી છે. સાધનમાં એક સફેદ પડદો, દીવો, તે મૂકવાનું ખોખું કે સ્ટૂલ અને થોડા પૂઠાના કટકા. એકાદ ધોતિયું કે સાફ ચાદર એક બારણાના ચોકઠા પર ઝીણી ખીલીઓથી ખેંચીને ચોડી લેવાથી કામ સરશે. પછી અંદરના ઓરડામાં દીવો એવી રીતે ગોઠવવો કે પેલો આખો પડદો પ્રકાશિત રહે. બની શકે તો પતરાનો એક ડબ્બો લઈ તેમાં દીવો ગોઠવવો. આ ડબ્બાને ઉપરથી ધુમાડો જવા માટે, મથાળે





એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે:
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે!
દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના:
લાખ ખાંડી લૂટનારા મહેફિલે મંડાય છે!
કામધેનુ પામતી ના એક સૂકું તણખલું,
ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે!
છે ગરીબોના કૂબામાં તેલ ટીપું ય દોહ્યલું:
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે!
(સારથી) —વૈશંપાયન

અંધાપા અને અપંગતા સામે ભારતીય નૌકાસૈનિક ઉન્નીની લડત

૨૪મી મે ૧૯૪૫ની રાત્રે જ્યારે પેટી ઑફિસર ગોપાલ કૃષ્ણન ઉન્ની મુંબઈ નજીક વરસોવામાં નૌકાદળના એક મથકમાં પોતાની ફરજ બજાવતા હતા ત્યારે એક એવો અકસ્માત બન્યો કે જેમાંથી તેઓ માંડમાંડ જીવતા રહ્યા. તેમની ઉપર સલ્ફ્યુરિક ઍસિડનો એક ડબ્બો પડચો. તેમના ચહેરા ઉપર, ગરદન ઉપર ને છાતી ઉપર એ તેજાબની છાળ લાગી. તેમની ચામડી દાઝી ગઈ અને તેજાબ તેમના શરીર પર ચાસ પાડતોપાડતો તેમની પીઠ સુધી પહોંચી ગયો! તેમનો ચહેરો બળી ગયો, જમણો કાન નકામો થયો ને દાઢી છાતી ઉપર લબડી પડી. તેમની આંખોનાં ચારેચાર પોપચાં બળી ગયાં, આંખના ખાડામાં પણ ઊંડા ચીરા પડચા, જેથી એક આંખનો તો પૂરેપૂરો નાશ થઈ ગયો અને બીજી આંખમાં પ્રકાશની માત્ર સહેજ ઝાંખી રહી.

અકસ્માતને પરિણામે શ્રી ઉન્નીએ જીવનને ઉપયોગી એવું લગભગ બધું જ ગુમાવી દીધું હતું. છતાં અડગ શ્રદ્ધા ને અનન્ય એવા જે પુરુષાર્થપૂર્વક તેમણે એ દયામણી સ્થિતિમાંથી પોતાની જાતને ઉચ્ચગ્રાહી બનાવી તે માનવ પ્રયત્નની એક પ્રશંસનીય ગાથા છે આજે તો તેમણે બ્રેઇલ (અંધ માટેની) લિપિ શીખી લીધી છે, ટચ-ટાઇપિંગમાં



તે કુશળ બન્યા છે, અને ચામડામાંથી બૅગ, પાકીટ વગેરે તથા પ્લાસ્ટિકમાંથી ઍરિંગ, પાઉડર-બાકસ વગેરે બનાવવા હુન્નર પણ શીખ્યા છે. પરંતુ આ બધાં કરતાં યે વિશેષ આશ્ચર્યકારક તો એ છે કે તેઓ બધા વિષયોમાં યશ સહિત લંડન મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે અને તેમણે પબ્લિક ઍડમિનિસ્ટ્રેશનના વિષયમાં લંડન યુનિવર્સિટીનો ડિપ્લોમા મેળવ્યો છે.

શ્રી ઉન્નીએ આ ડિપ્લોમા મેળવ્યા પછી થોડા જ વખતમાં અંધો માટેની સુપ્રસિદ્ધ બ્રિટિશ સંસ્થા સેંટ ડન્સ્ટનના પ્રમુખ સર ઈઆન ફ્રેઝર, હિંદી હાઈકમિશનરને લખેલા પત્રમાં જણાવે છે કે 'આ એક વિલક્ષણ સિદ્ધિ છે; કારણ કે આ અંધ યુવકને પોતાની માતૃભાષા

માસમાસનાં પંખી [૫૭]

ખેરપિદ્દા



ઠંડીનો આરંભ થતાં આપણાં સ્થાયી પંખી લપાવા છુપાવા માંડે છે, પણ આ ઋતુમાં કેટલાંક યાયાવર પંખીઓ આપણે ત્યાં ઊતરી આવે છે. તેમાંનું એક તે ખેરપિદ્દા. સપ્ટેમ્બરના આરંભે છેક સાઇબીરિયાથી તે આવે છે. આપણે ત્યાં પણ સ્થાયી 'કાળા પિદ્દા' નામની દૈયડને મળતી જ તેની એક જાત તેના મધુર ગાનને લીધે બહુ આદર પામે છે. આ ખેરપિદ્દા પણ દેખાવે લગભગ એવું જ અને એવડું જ હોય છે. નરની પીઠ તથા માથું કાળાં, પાંખમાં શ્વેત પટ્ટો, પીઠનો છેડો કે પૂછડીના મૂળનો ભાગ પણ શ્વેત. છાતી તથા પૂછડી હેઠળનો ભાગ રતૂમડો. પણ એક વિશિષ્ટ આભૂષણ જેવા તેના ગળા પરના સફેદ ગલપટ્ટાથી તે ઝટ વરતાઇ આવે છે. માદા પણ એવી જ, પરંતુ તેને કાળાની જગ્યાએ બદામી રંગ હોય છે.

ખુલ્લાં વાડી-ખેતરો કે આછી વનરાઈમાં તે અટૂલું નજર પડે છે, પણ માદા તેનાથી બહુ દૂર તો નથી જ હોતી. તમરાં ને ઇયળ જેવાં નાનાં જીવડાં એ તેનો આહાર. પૂછડી પટપટાવતું તે આહાર પાછળ ઊડતું હોય, કે સુંદર અંગમરોડ સાથે ગાન કરતું હોય ત્યારે અત્યંત સુંદર લાગે છે. પણ શ્રેષ્ઠ ગાયક હોવા છતાં તે તેના યાયાવર સ્વભાવને લીધે પક્ષીપાલકોમાં બહુ આદર નથી પામતું.

શિયાળો ઊતરતાં તે પોતાને મૂળ વતન પહોંચી જાય છે અને ત્યાં બેથી આઠ હજાર ફૂટની ઊંચાઈએ, જમીન પર ઘાસની ઓથે, ઝાંખરાંનાં મૂળમાં કે પહાડની ચિરાડોમાં ખાડો શોધી, નરમ ઘાસ; વાળ કે ઊન વગેરે પાથરી, ગોળ છીછરો માળો બનાવી, તેમાં રતૂંમડાં તપખીરી ઝાંયવાળાં, આછા આસમાની કે લીલાં રંગનાં ૪ થી ૫ ઇંડાં મૂકે છે.

નહિ એવી અંગ્રેજી ભાષાની આવી અઘરી પરીક્ષા માટે તૈયારી કરવાની હતી, છતાં તેઓ માત્ર એક વરસમાં જ પોતાનો અભ્યાસ પૂરો કરીને પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે; જ્યારે સામાન્યતઃ બીજાને તે પૂરો કરતાં બે વર્ષ લાગે છે. મને લાગે છે આપ નામદારના એ યુવાન દેશબન્ધુનો આ વિક્રમ જાણીને આપને આનંદ થશે.'

શરીરના ક્રૂર કષ્ટ ઉપર આત્માએ આમ વિજય મેળવ્યો કાચાપોચા માણસને નિરુત્સાહ કરી નાખે એવા આઘાતોને ખમી પાર કરીને, પોતાના જીવનને સંપૂર્ણ અને લોકોપયોગી બનાવવા માટેની પ્રબળ સંકલ્પશક્તિનું સર્વોપરિત્વ આમ સિદ્ધ થયું.

શ્રી ફન્નીના આ કક્ષાના ઘડતરમાં બીજાં માણસો અને સંસ્થાઓએ પણ મદદ કરી છે. જ્યારે એમ જણાયું કે તેમની સારવાર માટે પૂરતી સગવડો ભારતમાં પ્રાપ્ય નથી, ત્યારે ભારત-સરકારે તેમને ઇંગ્લંડ સુધીના મફત પ્રવાસની જોગવાઇ કરી આપી. મળી શકે એવી સારામાં સારી શસ્ત્રક્રિયાની સારવાર માટે પણ સગવડ કરવામાં આવી હતી, અને તેમાંની ઘણીખરી શસ્ત્રક્રિયા, સારવાર વગેરેની પણ ફી લીધા વિના કરવામાં આવેલી. સેંટ ડન્સ્ટન સંસ્થા તરફથી ઇંગ્લંડમાં શ્રી ફન્નીને નિવાસસ્થાન પૂરું પાડવામાં આવ્યું હતું. એટલું જ નહિ, એ સંસ્થાએ તેમને બ્રેઇલ લિપિ, ટાઇપિંગ ને કેટલાક ઉદ્યોગો શીખવ્યા, અને પરીક્ષાઓની તૈયારી કરવા માટે એક શિક્ષક અને એક રીડર (વાંચી સંભળાવનાર) મેળવી આપ્યા. લંડન યુનિવર્સિટીએ ડિપ્લોમા માટે પ્રાઈવેટ વિદ્યાર્થી તરીકે તેમને બેસવા દીધા. લંડન ખાતેના ભારતીય કમિશનરની કચેરીએ તેમને સોપારી, એલચી, અથાણું વગેરે ચીજો–પોતાનું વતન છોડીને વિદેશમાં આવી પડેલા પ્રવાસીને અમૂલ્ય લાગે એવી—ભેટો મોકલી.

પણ મહદ અંશે તો એ બધું અતિ દુઃખદાયક દુર્દૈવ સામે એકલે હાથે લડાએલું યુદ્ધ હતું. આમ છતાં ધીરજ, હિમ્મત અને વિરલ સ્વસ્થતાપૂર્વક એ યુદ્ધ ખેલાયું હતું. એ બધાં વર્ષો દરમ્યાન જેમણે-જેમણે શ્રી ફન્નીને જોયા છે તેમણે એમના ધૈર્યની સાખ પૂરી છે. સેંટ ડન્સ્ટનનાં મેટ્રન ને પરિચારિકાઓ, તબીબો, હાઈ કમિશનરની કચેરીમાંના મુલાકાતીઓ, અરે, જે કોઈ શ્રી ફન્નીના સંપર્કમાં આવ્યું છે તે બધા આ બાબતમાં સંમત છે.

પચાસ પચાસ વખત તો તેમની ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. ચામડીનું ગ્રાફ્ટિંગ કરીને તેમનાં ઉપલાં અને નીચલાં પોપચાં બનાવવામાં આવ્યાં હતાં. તેમના વાંકા વળી ગએલા નસકોરાને નીચે ખસેડવામાં આવ્યું હતું. તેમના ગાલ અને તેમની ગરદન ઉપરના ચીરા દૂર કરવામાં આવ્યા હતા અને તે જગ્યાએ પાતળી ચામડીનું ગ્રાફ્ટિંગ કરવામાં આવ્યું હતું. પણ જ્યારે નવો કાન તૈયાર કરવાનો વખત આવ્યો ત્યારે શસ્ત્રવૈદ્યોને જણાયું કે જેટલી ચામડી મળી શકે એવી હતી તે બધી ચામડી ઉખેડીઉખેડીને ત્યાર સુધીમાં વપરાઇ ચૂકી હતી. તેથી તેમને નછૂટકે બનાવટી કાન ચોંટાડવાનો નિર્ણય કરવો પડયો. શ્રી ફન્નીને તેનું દુઃખ ન હતું. તેમણે એક મુલાકાતીને કહ્યું કે ડૉકટરો મને દેખાવડો બનાવવા માગે છે; પણ હું જાણું છું કે હવે હું પાછો દેખાવડો બની શકીશ નહિ. શ્રી ફન્નીએ કેટલી શાન્તિથી અને સ્વસ્થતાથી આ બધાં દુઃખો સહન કર્યાં હશે તે તેમના આ શબ્દો પરથી સમજાશે.

શ્રી ફન્ની પોતાની સારવારના છેલ્લા તબક્કાએ પહોંચ્યા છે. જ્યારે સારવાર શરૂ થઇ ત્યારે તેમની બન્ને આંખના 'કોર્નિયા'-માં સખત ચીરા પડયા હતા અને ડાબી આંખ તો સુધારી શકાય જ નહિ એટલી ખરાબ થઈ ગઇ હતી. પણ હજી આશા છે કે કોર્નિયા હજી (ઑક્ટોબર ૧૯૫૦) નવો મૂકવામાં આવે તો જમણી આંખે થોડુંક દેખાતું થાય. શ્રી ફન્ની એવી આશા રાખે છે કે આ શસ્ત્રક્રિયામાંથી પોતે પસાર થઇ શકશે અને આ વર્ષની આખરે પોતે ભારતમાં પાછા આવવાની તૈયારી કરી શકશે. તેમને આ મુદ્દતના અંત સુધી 'ઍક્રૂટિવ એસ્ટાબ્લિશમેન્ટ' ઉપર ચાલુ રાખવાનો નિર્ણય કરીને ભારત સરકારે તેમને આ સારવાર પૂરી કરવાને સમર્થ બનાવ્યા છે.

શ્રી ફન્નીના ભાવિ વિષે અત્યારે કોઈથી કાંઈ કહી શકાય એમ નથી; પણ એટલું તો નિશ્ચિત છે કે તેમના ભાગ્યમાં જે કાંઈ હશે તેને તેઓ અડગતાથી સહી લેશે અને પ્રતિકૂળ સ્થિતિમાંથી પણ બને તેટલો લાભ મેળવશે.

ગરોળીની પૂછડી

પ્રશ્ન : "એક દહાડો મારા મકાનની બારી બંધ કરતો હતો ત્યાં અચાનક ગરોળીની પૂછડી બારીમાં આવી ગઇ. પૂછડીનો ટુકડો તરફડાટ કરતો નીચે પડયો. ઘાયલ ગરોળી થોડી વાર બારીના પ ટિયા પર ચોંટી રહી અને વાગ્યાની કળ વળતાં તો તે નાસી ગઇ. પરંતુ જમીન પર પડેલો પૂછડીનો તૂટેલો ભાગ લગભગ દસેક મિનિટ સુધી તરફડયા કર્યો. ત્રણેક અઠવાડિયાં પછી જોયું તો પેલી ગરોળીને નવી પૂંછડી ઊગવી શરુ થઇ ગઈ હતી. તો પૂછવાનું કે ગરોળીના શરીરથી છૂટી પડતાં છતાં પણ પૂછડી આટલો બધો વખત કેમ જીવતી રહી હશે? ખાસ કરીને ગરોળીની પૂછડી બાબતમાં જ આવું બને કે બીજાં પ્રાણીઓની બાબતમાં આમ બને છે?—" હરિભાઈ ચૌહાણ

ઉત્તર: 'ગરોળીની પૂછડી તૂટી ગયા પછી થોડી ક્ષણ પર્યંત હાલતી ફરતી દેખાય છે એનું કારણ, એ પૂછડીના ટુકડામાં 'જીવ' હતો એ નથી, પરંતુ એ હલનચલન માસપેશીઓનાં reflex actionના પરિણામે છે. આવી વિશિષ્ટતા મુખ્યત્વે સરીસૃપ વર્ગનાં પ્રાણીઓમાં જોવામાં આવે છે. કેટલાંક વર્ષ ઉપર હું અને બે મિત્રો વાત્રક નદીએ મગરના શિકારે ગયા હતા. સગવડ ખાતર ત્રણે જણ સાથે ન રહેતાં, અમે બે ટોળીમાં વહેંચાઈ ગયા: એક ટોળીમાં હું ને ભાઇ ફરામરોઝ, અને બીજી ટોળીમાં ભાઈ કયાગસ કોઠાવાલા એકલા. હું અને ભાઇ ફરામરોઝ નદીકિનારે ખૂબ આથડયા. મગર પણ સારી સંખ્યામાં જોયા, પણ શિકારની તક મળી નહિ એટલે કંટાળીને ખાલી હાથે પાછા ફરી મોટરમાં બેસી ગપ્પાં મારવા લાગ્યા. ભાઇ કયામસ અમારા કરતાં વધુ નસીબદાર એટલે એમને એક મગર હાથ લાગી ગયો. એ મરેલા મગરને ઊપડાવીને અમે બેઠા હતા ત્યાં તે લઇ આવ્યા. મગરને જમીન ઉપર ચત્તો નાખીને અમે તપાસતા હતા, એ વખતે એના શરીરમાં વારંવાર એટલા બળથી આંચકા આવતા હતા કે એક ક્ષણ એમ જ થતું કે મગર હમણાં ઊછળીને બાઝી પડશે. એને મરી ગયાને અરધો-પોણો કલાક થયો હતો, છતાં આંચકાનું જોર ભારે હતું. એની ચામડી ઊતરડી લીધા પછી પણ છૂટી પડેલી માંસપેશીઓમાં આછા આંચકા તો ચાલુ જ હતા. આવું જ પ્રયોગશાળામાં દેડકાંના શરીરચ્છેદ પ્રસંગે પણ જોવામાં આવે છે. ઇતર પ્રાણીઓમાં કૂકડાનો પણ શિરચ્છેદ કરવા છતાં એનું ધડ થોડીક ક્ષણો પૂરતું હાલતું ચાલતું જોવામાં આવે છે. રણક્ષેત્રમાં માથા વિનાનાં માણસનાં ધડ લડતાં હોવાનું આપણે પ્રાચીન રજપૂતોની વાતોમાં સાંભળીએ છીએ, એ પણ આવા ક્ષણિક હલનચલનની અતિશયોક્તિ ભરી જ આવૃત્તિ હોય છે.' —તંત્રી (હરિનારાયણ આચાર્ય)

['પ્રકૃતિ' ત્રૈમાસિકમાં આવતા 'અનુભવના આયના' વિભાગમાંથી]

બી. સી. જી.: ક્ષયની રસી

આપણા દેશમાં ક્ષય રોગ ઘર કરી બેઠો છે. જનતાની તંદુ

સ્તીનું નીચું ધોરણ, જીવનની હાડમારીઓ અને ગરીબાઇને લીધે ક્ષયનો ફેલાવો વધતો જ જાય છે. દર વર્ષે પાંચ લાખ માનવીનો ભોગ ક્ષયના ખપ્પરમાં ધરાય છે, અને પચીસ લાખ ઉપરાંત દર્દીઓ ક્ષયના ચેપથી પીડાય છે. આ દર્દને કાબૂમાં રાખવા મોટા પાયા પર સાવચેતીનાં પગલાં ભરવાની જરૂર છે. થોડાં વર્ષો પૂર્વે ક્ષય-વિરોધી મંડળની સ્થાપના થઈ હતી; તેણે સેનેટોરિયમ અને દવાખાનાં કાઢી પોતાનું કાર્ય શરૂ કરેલું છે, પરંતુ પ્રજાને આ રોગમાંથી ઉગારવા વિશેષ પ્રયત્નોની જરૂર છે. અત્યાર સુધી ક્ષયના જંતુઓને ડામે એવું ઔષધ નહોતું: સારી સારવાર દ્વારા જ સુધારણા કરવામાં આવતી.

પણ હવે વૈદકીય સંશોધન દ્વારા ક્ષયને અટકાવવાની એક રસી તૈયાર કરવામાં આવી છે. એ 'બી. સી. જી.' તરીકે ઓળખાય છે. ફ્રાંસના પાસ્ચર ઈન્સ્ટીટ્યૂટમાં પ્રોફેસર કાલ્મેટ અને પશુવૈદ્ય ગ્યુ-એરીનના સંયુક્ત સંશોધનનું એ ફળ છે. ૧૯૦૮માં ગાયને થતા ક્ષયના જીવાણુની નવી જાત પેદા કરવાનું તેમણે કામ આદર્યું હતું પંદર વર્ષ સુધી પ્રયોગો પર ખૂબ મહેનત કરીને એ સંશોધકો એક એવી જાતના જીવાણુઓ પેદા કરી શક્યા, જે ક્ષયના દર્દીને કોઈ પણ પ્રકાર-ની ઇજા કર્યા વિના દર્દ સામે રક્ષણ અને મુક્તિ આપી શકે. આ નવી જાતના જીવાણુઓનું નામ બેસીલી કાલ્મેટ ગ્યુએરીન. તેના પ્રથ-માક્ષર લઈએ એટલે બી. સી. જી. થાય: એ ઉપરથી એમાંથી તૈયાર કરેલી રસી બી. સી. જી. તરીકે ઓળખાય છે. દુનિયા આખીમાં આ જ જીવાણુઓમાંથી ક્ષયની રસી બનાવવામાં આવે છે. મદ્રાસના કિંગ્ઝ ઇન્સ્ટિટ્યુટમાં ડૉ. રંગનાથને આ જ પ્રમાણે એ રસી કરી છે.

બી. સી. જી.ની રસી મૂકતાં પહેલાં દર્દીને તપાસવામાં આવે છે. જે લોકોને ક્ષયની અસર ન હોય તેમને જ આ રસી મૂકવામાં આ-વતી. પરંતુ અનુભવે માલૂમ પડ્યું છે કે શરીરમાં ક્ષયની અસર હોય કે નહિ, રસી મૂકવાથી કાંઈ પણ નુકસાન થતું નથી. ક્ષયરોગની અસરવાળાને શરૂઆતમાં રસીની ઊલટી અસર થાય છે, પણ તે સાવ નિર્દોષ માલૂમ પડી છે. આમ, આ રસી રક્ષણાત્મક તેમજ રોગ-નિવારક તરીકે ઉપયોગી નીવડી છે.

ડેન્માર્ક, નૉર્વે અને સ્વીડનમાં દાક્તરોને ખાત્રી થઈ છે કે બી. સી.જી. આવ્યા પછી ત્યાં ક્ષયરોગનું પ્રમાણ ખૂબ ઓછું થઈ ગયું છે ૧૯૨૧માં આ રસી માણસને સૌપ્રથમ મૂકવામાં આવી હતી. આપણા દેશમાં આ રસી મૂકવાનું ઈ. ૧૯૪૮માં શરૂ થયું હતું. આ કામમાં અનુભવી દાક્તરો પરદેશથી વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન (WHO) અને યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન ઇમરજન્સી ફંડ)UNCFE) ના આશ્રય તળે હિંદમાં આવ્યા હતા અને આપણા દાક્તરોની સાથે મળીને દક્ષિણ ભારતમાં મદનપલ્લી ખાતે અને ઉત્તરમાં દિલ્હી ખાતે કામ શરૂ કર્યું હતું તથા જુદાજુદા પ્રાંતોમાં ફર્યા હતા. બી. સી. જી. તદ્દન નિર્દોષ રસી છે. રસી લીધેલી વ્યક્તિને જુદી રાખવાની જરૂર પડતી નથી. વ્યાપક રૂપમાં જો બધાંને આપવામાં આવે તો ક્ષય-રોગથી થતાં મૃત્યુની સંખ્યા ખૂબ ઘટી જાય છે. રસીની અસર ૪-૫ વર્ષ સુધી રહે છે. —નરસિંહ મૂ. શાહ

લંકાનું પુણ્યગિરિ શિખર

જગતભરનાં અત્યંત પ્રાચીન સ્થળોમાં લંકાદ્વીપના 'પુણ્યગિરિ' પર્વતનું નામ મશહૂર છે. અત્યારે 'ઍડમ્સ પીક' (આદમનું શિખર) તરીકે ઓળખાતા એ ગિરિશિખરનો ઉલ્લેખ છેક ૨૦૦૦ વર્ષ પૂર્વેના પૌરાણિક ગ્રંથોમાંથી પણ મળી આવે છે, એટલું તે પ્રાચીન સમયે પણ વિખ્યાત હતું. જેટલું એ પુરાણું છે એટલું જ રમણીય છે; ને અનેક ધર્મના અનુયાયીઓનું એ યાત્રાનું ધામ છે.

ભગવાન બુદ્ધે આ પુણ્યગિરિના શિખર પર બેસીને ધર્મોપદેશ કર્યો હતો એવો 'મહાવંશ' નામના સિંહાલી ગ્રંથમાં ઉલ્લેખ છે. એ શિખર પર એમનાં ચરણનું નિશાન પણ છે. પરંતુ બીજા ધર્મો પણ એ પદચિહ્ન પોતાના ધર્મગુરુનું હોવાનો દાવો કરે છે.

છેક ઇતિહાસની પણ પહેલાંના કાળના પ્રાગૈતિહાસિક માન-વીઓએ એ પર્વતની ઝાડીઓમાં ભ્રમણ કરેલું છે, તે એમનાં પથ્થર-નાં હથિયારો અને ઓજારો ત્યાં મળી આવવાથી સાબિત થાય છે. ઈ. પૂર્વે ૬૦૦ વર્ષે લંકાના આદિવાસીઓ પર સિંહાલીઓએ હુમલો કર્યો ત્યારે એ આદિવાસીઓએ આ સ્થળે જ આશરો લીધો હતો.

કહેવાય છે કે સિંહાલીઓના આદિ પુરુષ વિજય ભરતખંડનો ત્યાગ કરીને નીકળ્યા ત્યારે કયા દેશમાં જવું તેની મૂંઝવણમાં હતા, પરંતુ લંકા પાસે આવતાં આ પુણ્યગિરિની અનુપમ શોભા નિહાળીને ત્યાં જ વસવાટ કરવાનો એમણે નિર્ણય કર્યો.

૧૪મી સદીમાં મુસ્લિમ પ્રવાસી ઇબ્ન બતૂતાએ દરિયામાંથી એ જ શિખર જોએલું. વલંદા તથા આરબ મુસાફરો પણ એ શિખર જોઇને જ લંકાને કિનારે વહાણો હંકારી લાવેલા. પછીથી જ્યારેજ્યારે આરબ ખલાસીઓ લંકા આવતા ત્યારે પુણ્યગિરિની યાત્રા કરીને જ જતા.

એ શિખર પર પડેલાં પગલાં વિષે જુદીજુદી માન્યતાઓ પ્રચ-લિત થઈ છે. ૪થી સદીની એક હસ્તપ્રતમાં એવું લખાણ છે કે 'એ શિખર પર પડેલાં 'આદમનાં પગલાં'નું રક્ષણ કરવા માટે ભગવાન ઈશુખ્રિસ્તે એક ફિરસ્તાને ખાસ ત્યાં મોકલ્યો હતો! પરંતુ એક સૈકો વીતી ગયા બાદ ઍલેક્ઝાન્ડ્રિયાના કુલપતિ ક્રોરેને આ માન્ય-તાનો ઇન્કાર કરીને જાહેર કર્યું કે 'ભગવાને સ્વર્ગમાંથી હાંકી કાઢેલા શેતાને એ પગલાં પાડેલાં છે!' છતાં આરબો તો જ્યારે લંકા આવે ત્યારે એ 'બાબા આદમ'ની યાત્રા કરવા શિખર પર ચઢતા જ.

આજે અંગ્રેજીમાં એને 'ઍડમ્સ પીક' કહે છે, પરંતુ અનેક ધર્મ-નો એ શિખર પર દાવો હોઇને દરેક ધર્મ પ્રમાણે એને જુદાં નામ મળેલાં છે. મુસ્લિમો એને 'બાબા આદમની ટેકરી' કહે છે, ને માને છે કે બાગે ફિરદોસમાંથી આદમને રવાનગી મળ્યા બાદ તેમણે આ શિખરને જ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું.

અસલના ખ્રિસ્તીઓ એને 'સેન્ટ ટૉમસનું ધામ' માનતા હતા. હિંદુઓએ એનું નામ 'સ્વર્ગારોહણ' પાડ્યું છે. એ શિખર પરનું એકેએક વૃક્ષ ઉપરના મંદિર તરફ ઝૂકેલું છે અને આ ડુંગરના જ કોક વિભાગમાં હાથીઓ પોતાના અંત સમયે મરવા માટે આવે છે એવી એમની માન્યતા છે. (લોકનાદ)

જગતના શ્રેષ્ઠ બૅટ્સમૅનો

વિખ્યાત ઑસ્ટ્રેલિયન ખેલાડીઓ કેથ મિલર અને વ્હિટિંગ્ટને 'ક્રિકેટ કૅરૅવન' નામનું એક પુસ્તક લખ્યું છે. તેમાં જગતના સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅનોની એમની શક્તિ પ્રમાણેની નામાવલિ રજૂ કરવામાં આવી છે. એ નક્કી કરવા માટે એમણે કેટલીક કસોટીઓ કરાવી હતી ને એમાંથી ઉત્તીર્ણ થનાર સત્તર બૅટ્સમેનો તેમણે ચૂંટી કાઢ્યા છે. આ કસોટીમાં તેમણે નીચે પ્રમાણે ગુણ આંક્યા હતા:

કુદરતી શક્તિ અને સમજ	દરેકના	૧૦-૧૦
નિર્ણય અને એકાગ્રતા	,,	૮-૮
નૈતિક હિંમત અને શારીરિક આરોગ્ય	,,	૬-૬
શારીરિક હિંમત	,,	૫

આમ ૫૩ ગુણ થતા હતા. એ પછી જુદાંજુદાં વર્ષોમાં મહાન ગણાએલા ખેલાડીઓના રનનો સરવાળો કરી, તેની સરેરાશ કાઢી. તે મુજબ તે તે ખેલાડીઓ ગુણ પ્રમાણે નીચેના ક્રમમાં આવે છે:

(નામ)	(ગુણ)	(રન)	(સરેરાશ)	(સ્થાન)
ઍડમૅન	૪૯	૨૭૮૫૧	૬૫.૭૦	૧
એઈમ્સ	૪૭	૫૮૮૯૬	૩૯.૫૫	૧૪
હૉબ્સ	૪૭	૬૧૨૩૭	૫૦.૬૫	૭
જામ રણજીતસિંહ	૪૬	૨૪૬૯૨	૫૩.૩૬	૪
હૅમન્ડ	૪૬	૫૦૩૭૯	૫૬.૧૦	૫
મેક્રાર્ટની	૪૫	૧૫૦૦૩	૪૫.૮૭	૧૦
હટલ	૪૪	૧૪૮૫૨	૪૦.૪૧	૧૩
સટક્લિફ	૪૪	૫૦૧૨૫	૫૨.૦૦	૬
ટ્રમ્પર	૪૩	૧૭૧૫૦	૪૫.૦૧	૧૧
દુલીપસિંહ	૪૩	૧૫૩૦૬	૪૯.૬૭	૮
કૉમ્પટન	૪૩	૧૮૯૫૬	૫૯.૪૨	૩
જૅક્સન	૪૨	૧૫૮૨૪	૩૪.૦૩	૧૬
મૅકલેરન	૪૨	૨૨૩૩૩	૩૪.૨૦	૧૫
લેલૅન્ડ	૪૨	૩૩૫૬૪	૪૦.૭૧	૧૨
મૅર્કેબ	૪૧	૧૧૯૫૧	૪૯.૩૯	૯
વૉન્સફર્ડ	૪૧	૧૩૯૧૯	૬૫.૧૮	૨
મર્ડોક	૪૧	૧૭૩૧૯	૨૬.૬૪	૧૭

દુલીપસિંહ વિષે લેખકોએ આ પ્રમાણે લખ્યું છે: 'અમારા અભિપ્રાયે દુલીપસિંહની એક કુશળ બૅટ્સમૅન તરીકે જોઈએ તેવી કદર થઈ નથી, કારણ કે ૧૯૩૦માં તેમણે મેળવેલી સિદ્ધિ ઍડમૅનની સિદ્ધિ સાથે સમાંતર બની ગઇ. જો ખરાબ આરોગ્યના કારણે દુલીપસિંહને ૨૬ વર્ષની વયે નિવૃત્ત થવું ન પડયું હોત તો એમના વિખ્યાત કાકાના ધોરણે એ અવશ્ય પહોંચ્યા હોત.' (લોકનાદ)

દરિયામાં ડુંગર

અમેરિકી વૈજ્ઞાનિકોએ એક નવો ૮,૪૦૦ ફૂટ ઊંચો ડુંગર શોધી કાઢયો છે. પરંતુ સાગર સફરીઓ નકશામાં એને સ્થાન આપતા નથી અને પર્વત ચઢાણના શોખીનો એના પર કદી ચડશે નહિ! આ નવા ડુંગરાની ટોચ પ્રશાંત મહાસાગરની સપાટી હેઠળ ૩,૯૬૦ ફૂટ નીચે આવેલી છે અને એ ક્વીન શાર્લોટ ટાપુઓની દક્ષિણ-પશ્ચિમે છે.

અમેરિકાના યુક્ત રાજ્યોના સાગરકાંઠા અને દરિયાની સંશોધન નાવ 'એક્સપ્લોરર' તરફથી, શોધવામાં આવેલો આ ડુંગર, પ્રશાંત વિસ્તારમાં ધરતીકંપો અને મોજાં મૂકતાં ભરતીમોજાંના પ્રવાહોનાં સંભવિત કારણોનો અભ્યાસ કરવામાં ભૂસ્તર-વિજ્ઞાનશાસ્ત્રીઓને ખૂબ જ જાણવાજોગ થઈ પડશે.

સાગર-તળિયાની રચનાની માહિતી આપતાં ઊંડાણમાપક યંત્ર મારફતે મેળવવામાં આવેલી નોંધો પરથી 'એક્સપ્લોરર'ના વૈજ્ઞાનિકો જણાવે છે કે આ ડુંગર સાગરતળિયા પરથી સીધો ઊંચે ચડે છે. એ સ્થળે દરિયાની ઊંડાઇ ૧૨,૦૦૦ ફૂટ જેટલી છે.

તાજેતરમાં પ્રશાંત દરિયાના આ જ વિસ્તારમાં શોધાએલા એક ડઝન જેટલા ડુંગરાઓમાં આ ડુંગરાની શોધ છેલ્લી છે. (યુસિસ)

બેવડા 'ડોઝ'વાળી ગોળી

દમ, અમુક પ્રકારના તાવ, ખરજવું અને ચામડીનાં બીજાં દરદો માટે એક અજોડ 'બેવડી ગોળી' અમેરિકન તબીબી વિજ્ઞાને શોધી કાઢી છે. દરદી આ ગોળીને ગળી જાય કે તરત જ એને એમાંથી એક 'ડોઝ' મળી જાય છે; ને પછી ૪-૬ કલાકે આપોઆપ એ જ ગોળીમાંથી એને બીજો 'ડોઝ' પણ સાંપડી રહે છે. આ રીતે ગોળીની અસર લાંબા સમય સુધી રહે છે.

બેવડા ડોઝવાળી આ ગોળીનો 'ભેદ' એ છે કે એને એક બહારનું પડ હોય છે તે પેટમાં જતાંની સાથે જ ઓગળી જાય છે અને એની અંદરની દવાની અસર પેટ ઉપર થવા માંડે છે. દવાના થોડા ભાગ પછી ગોળીની અંદર વળી બીજું એક પડ આવે છે. બહારના પડના કરતાં અંદરનું આ પડ બહુ ધીમેધીમે ઓગળે છે એટલે એ બીજા પડની ભીતરમાં રહેલી દવાની પેટ ઉપર અસર થતાં પહેલાં થોડા કલાકો વીતી જાય છે.

ન્યૂ જર્સી રાજ્યમાં બ્લૂમફીલ્ડ શહેરની શેરિંગ કોર્પોરેશનની પ્રયોગશાળાઓમાં મહિનાઓ સુધી સંશોધન થયા પછી આ ગોળીની શોધ થઈ છે. આજે હવે એ આખા દેશમાં મળી શકે છે.

આ ગોળીની અંદરનો મુખ્ય પદાર્થ 'કલોરટ્રિમેટન' નામે ઓળખાય છે. હૃદયના દબાણના રોગ ઉપર આજે અમેરિકન ડાકતરો જે વીસેક દવાઓ સૂચવી રહ્યા છે તેમાં આ પદાર્થ સૌથી વધુ અસરકારક છે, એવું તબીબી અહેવાલો સૂચવે છે. (યુસિસ)



અમેરિકાની હુન્નર-ધંધા શાળાઓ

યુનાઈટેડ સ્ટેટ્સ કૉંગ્રેસે ઈ. ૧૯૧૭માં એક 'ધંધાદારી શિક્ષણનો કાયદો' પસાર કર્યો છે. તેની રૂએ આજે તેનાં અડતાલીસે રાજ્યોમાં વિવિધ ધંધાનું શિક્ષણ આપતી શાળાઓ ચાલે છે, જેમાં ૩૫ લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે. જુવાન છોકરા-છોકરીઓ તેમાં ખેતી, વ્યાપારવણજનું જ્ઞાન, ઉદ્યોગધંધાની હુન્નરી તાલીમ, ગૃહ-વ્યવસ્થા, મોટરોનું યંત્રકામ, ઘડિયાળકામ, મોચીકામ, ભઠિયારું, રેફ્રીજરેશન, રેડિયોની બનાવટ તથા રીપેરકામ, સ્થાપત્ય અને વાસ્તુશાસ્ત્ર, ફર્નિચરની ગાદીઓ ભરવાનું કામ, આદિ અનેકવિધ હુન્નરધંધાનું શિક્ષણ મેળવે છે, જેમાંથી ગ્રૅજ્યુએશન મળ્યે તે રોટલો રળતાં થઈ શકે છે. બાજુના ચિત્રમાં એવી એક શાળામાં વીજળીની મોટરની રચનાનું શિક્ષણ અપાતું દર્શાવ્યું છે. આવી શાળાઓના વર્ગો આખા સમયને માટે, અગર 'પાર્ટ ટાઈમ' પણ ચલાવવામાં આવે છે. ઉપરાંત, કેટલીક શાળાઓમાં તો, પ્રૌઢોને માટે સાંજના વર્ગો પણ હોય છે. (યુસિસ)



Our Friends Abroad



[જગતસંપર્ક સાધતા પત્રમિત્ર-વિભાગ]

આ પત્ર મેળવનારઃ ચંપકલાલ શાહ. ૯૩૪ પાદશાહની પોળ, અમદાવાદ

પ્રાગ, ૨૬મી ડિસેમ્બર ૧૯૪૯

પ્રિય મિત્ર ચંપકલાલ,

આજે હું તમને અમારા રોજિંદા જીવન, રાજકીય નેતાઓ સાથેના અમારા સંબંધો તથા અમારા દેશમાંની સાર્વત્રિક રાજકીય પરિસ્થિતિ વિષે કાંઈક કહેવા ઈચ્છું છું. અમારા આવા પત્રો સેન્સોર થવા વિષે ભરોસો ન હોવાથી હું તમને આ માર્ગે લખું છું.

અમારા દેશમાંની રાજકીય પરિસ્થિતિનો તમને બરાબર ખ્યાલ આવે તે માટે મારે તમને ૧૯૪૫ પછીના—એટલેકે બીજા મહાયુદ્ધ પછીના CSR (ચેકોસ્લોવાકિયા) ના રાજકીય રૂપાંતરની સમજ પાડવી જોઇએ. એ યુદ્ધના અંતભાગમાં ચેક લોકો ત્રણ રીતે જર્મનો સામે લડતા હતાઃ (૧) CSR ના પ્રદેશમાં (૨) જ્યાં ભારે હથિયારો ન વાપરી શકાય તેવાં જંગલો, સાંકડી ખીણો વગેરેમાં (નાની ટોળીઓ રૂપે), અને (૩) 'પરદેશમાંની ચેક આર્મેડા' નામે ઓળખાતી અમેરિકન, બ્રિટિશ તથા રશિયન 'આર્મેડા' રૂપે તે તે દેશોમાં.

બીજા મહાયુદ્ધની પહેલાં જે રાજપુરુષો CSR ને દોરતા હતા તે જ નેતાઓ યુદ્ધ દરમ્યાન તેમજ તે પછી ૧૯૪૮ સુધી પણ મોટે ભાગે તેની નીતિ અને વહીવટનું સંચાલન કરતા હતા. ૧૯૩૯થી ૧૯૪૫ના યુદ્ધકાળ દરમ્યાન CSRનું અસ્તિત્વ નાબૂદ નહોતું થયું; તે માત્ર કબજાગીરીમાં હતું અને તેના નેતાઓ દેશવટે હતા.

૧૯૪૬ માં ચેક સામ્યવાદીઓ ચૂંટણીમાં જીત્યા, કેમકે લોકો સામ્યવાદ ને U.S.S.R.માં માનતા હતા. પરંતુ પછી લોકો સામ્યવાદના વિચારોથી બરોબર માહિતગાર થઈ ગયા કે સામ્યવાદીઓ સાચાંજુઠાં પણ કરે છે અને પોતાનું ધ્યેય હાંસલ કરવામાં હિંસા મદદરૂપ થતી હોય તો તેનો યે તેમને નિષેધ નથી. પરિણામે સામ્યવાદીઓએ જોયું કે બીજી ચૂંટણીમાં તેમની સ્થિતિ કાયમ નહિ રહે.

ચૂંટણી ૧૯૪૮ના મે માસમાં થવાની હતી. છતાં ૧૯૪૮ના ફેબ્રુઆરીમાં સામ્યવાદીઓએ—મૉસ્કોના હુકમ પ્રમાણે—હિંસાનો ઉપયોગ કરીને બધી સત્તા ગેરકાયદેસરપણે અને ગેરવ્યાજબી રીતે પોતાના હાથમાં લઈ લીધી. આ હિંસાખોરોની તૈયારી ૧૯૪૮ ના ફેબ્રુઆરી પહેલાં કરી લેવામાં આવી હતી. લશ્કર, રાજવહીવટ અને ટ્રેડ યૂનિયનોની બધી મુખ્ય જગ્યાઓ સામ્યવાદીઓ માટે રોકી લેવામાં આવી હતી. પાર્લામેન્ટમાં થએલો વિરોધ બીન-અસરકારક નીવડ્યો. ત્રણ પ્રધાન જે બીનસામ્યવાદી હતા તેમના ઉપર ઝનૂની હૂમલો કરવામાં આવ્યો. ક્રાંતિના આ પ્રયત્નને સંપૂર્ણ મદદ કરવાનું મૉસ્કોનું વચન હતું.

૧૯૪૮માં પ્રામાણિક માણસો માટે બીજો કોઈ માર્ગ ન હતો. પ્રમુખ ડૉ. ઈ. બેનેશ સત્તાહીન બની ગયા હતા અને તેમનો દ્રોહ કરવામાં આવ્યો હતો. તે માનતા હતા કે અમારું પ્રજાસત્તાક સ્વતંત્ર રહેશે ને રશિયા અમારી બાબતોમાં માથું નહિ મારે. એટલે પાંચ માસ પછી તેમણે પ્રમુખપદ છોડી દીધું અને ૧૯૪૮ ના સપ્ટેમ્બરની ૩જી એ તે મરણ પામ્યા. અમે માનીએ છીએ કે તેમનું મોત કુદરતી ન હતું.

એ જ રીતે અમારા વિદેશપ્રધાન જાન મસારીક (ટી.જી. મસારિકના પુત્ર) જે CSRમાં તેમજ બધા વિદેશોમાં ખૂબ લોકપ્રિય હતા તેમને પણ દૂર કરવામાં આવ્યા. ઑફિશિયલી તો એમ જાહેર કરવામાં આવ્યું છે કે તે આપઘાત કરીને મરી ગયા. ઘણાને દેશવટે જવું પડ્યું, ને ઘણાની ધરપકડો થઇ, જેમાંના કેટલાકને ફેબ્રુઆરી પછી દેહાંત દંડ દેવાયો. આ અમલ પણ ૧૯૩૯–૧૯૪૫ના જર્મન અમલ જેવો જ લાગે છે.

ફેબ્રુઆરી પછી આમ જનતાનું એક મજબૂત એકહથ્થુ શાસન ઊભું કરવામાં આવ્યું જેને કેટલીક વાર 'લોકશાહી'થી અનોખી રીતે 'જનરાજ્ય' કહેવામાં આવે છે. નવું બંધારણ અમલમાં આવ્યું અને કેટલાક વિચિત્ર કાયદાઓ ઘડવામાં આવ્યા. દાખલા તરીકે પ્રજાસત્તાકના રક્ષણ માટે ઘડાએલો બદનામ ધારો. એ ધારા અનુસાર રાજ્યની સાથે મતભેદ ધરાવનારાં બધાં જ કાર્યો શિક્ષાપાત્ર ગણાય છે, અમારા સામ્યવાદીઓ પૈકી કોઇ જો આ કાગળ વાંચી જાય તો મારી પણ ધરપકડ થાય.

ટ્રેઈડ યૂનિયનો, યુવકસંઘો અને વિખ્યાત સોકોલ જેવાં બધાં વ્યાયામ મંડળો તથા રાજકીય પક્ષોની પુનર્રચના કરીને સામ્યવાદીઓએ પોતાના કાબૂ તળે લઈ લીધાં છે. અમારા રાજકીય જીવનમાં તે હવે કશો જ ભાગ ભજવતાં નથી. પોલાંડ, હંગરી, બલ્ગેરિયા ને રૂમાનિયાના સામ્યવાદીઓએ પણ આ જ રીતે વિજય મેળવ્યો છે.

સામ્યવાદના વિજયની સાથે જ જીવનધોરણ ઉતારી નાખવામાં આવ્યું. અમારા દેશની આર્થિક પરિસ્થિતિ ઘણી ખરાબ છે. જાડાં પગરખાંની એક જોડના ૫૦૦ થી ૪૦૦૦ ક્રાઉન (એટલેકે ૧૦ થી ૮૦ ડૉલર) બેસે છે; સામાન્ય કિંમત ૧૫૦૦ ક્રાઉન (૯૦ ડૉલર); સ્ત્રીના પોશાકના ૩૦૦૦ ક્રાઉન (૯૦ ડૉલર) અને મોટરના ૩ લાખ ક્રાઉન (૬૦૦૦ ડૉલર બેસે છે. માસિક પગારનું ધોરણ સરેરાશ ૩ થી ૪ હજાર ક્રાઉન (૩૦થી૪૦ ડૉલર) છે. અનેકવિધ વસ્તુઓની તંગી છે, અને કેટલીક તો સામાન્ય માણસના તદ્દન ગજા બહારની બની ગઈ છે. મુખ્ય તંગી કાપડની છે. સૂટ બને છે તેય ઘણા ખરાબઃ પોત એવું હલકું કે છ માસમાં તો ઘસાઇ જાય. અમે સારો માલ બનાવીએ છીએ, પણ એ બધો તો પરદેશ ચડાવાય છે. અમારા ઉદ્યોગોની શક્તિ આજે તો લોખંડના ભારે ઉદ્યોગોની પાછળ કેન્દ્રિત કરાઈ છે.

પણ સૌથી ખરાબ વસ્તુ તો આધ્યાત્મિક અને નૈતિક જુલ્મગારી છે, સામ્યવાદી વિચારણા વાળાં જ પુસ્તકો (અને સામ્યવાદી પક્ષની સંમતિ પછી જ) વેચી શકાય. એ પક્ષ આજે સમસ્ત જાહેર જીવન ઉપર હકુમત ધરાવે છે. ધર્મ અને દેવળોને તે તિરસ્કારે છે. કૅથૉલિક ધર્મ અને આ પક્ષ વચ્ચે—એટલેકે ધર્મ અને રાજ્ય વચ્ચે આજે એક છૂપો વિગ્રહ ચાલી રહ્યો છે. ધર્મગુરુઓને પ્રજાદ્રોહીઓ તરીકે જાહેર કરવામાં આવ્યા છે; ઉપદેશક પાદરીઓની ધરપકડો કરવામાં આવે છે. એમને જે કાંઇ 'બૂર્ઝવા' લાગે તે બધાંનો પીછો પકડવામાં આવે છે. 'જગત-સંસ્કૃતિ' જેવું જે કાંઇ કહેવાય તેનો અર્થ મચડી નાખવામાં આવ્યો છે.

સોવિયેટ જૂથના બધા દેશો, મેં તમને લખ્યું તેમ, અલગ પાડી

નાખવામાં આવ્યા છે. વિદેશનાં કોઇ પ્રકાશનો કે સમાચારો અંદર પ્રવેશી શકતાં નથી. એ બધાં, જે 'લોકશાહી દેશોનાં મૂડીવાદી જુઠાણાં' કહેવાય, તેને અમારી સરકાર ઉત્તેજવા નથી માગતી. મને લાગે છે કે પશ્ચિમની આધુનિક સંસ્કૃતિ તમારા કરતાં યે અમને પહોંચવી વધારે દુષ્કર છે. પશ્ચિમના દેશોના રેડિયો-કાર્યક્રમોમાં વિક્ષેપો નાખવામાં આવે છે. બધાં વિજ્ઞાનોને પણ સામ્યવાદી વિચારસરણીના જડવાદી હેતુઓ પાર પાડવામાં જ જોતરવામાં આવે છે.

છતાં સામ્યવાદમાં સારી વસ્તુઓ સામ્યવાદીઓ કહે છે તે પ્રમાણે છે. આ પરિસ્થિતિ તો માત્ર એવા સમાજની એક કક્ષા છે કે જેમાં બધાં સમાન હશે અને કોઇ પણ જાતની ચૂસણનીતિ નહિ હોય. એટલે આ તો માત્ર એક 'યોજિત બળજબરી' છે–કાયમી રચના નથી. નવો સમાજ ઘડવો હોય તો હિંસાખોરી પણ ચલાવવી જોઇએ. પરિણામે: શ્રીમંતો, સત્તાધીશો, ચૂસણખોરો બધાને દૂર કરવા જોઇએ; ગરીબ તવંગરના બધા જ ભેદો ભૂંસી નાખવા જોઇએ. એ વિચાર સારો છે. પણ હિંસા અને બળજબરીથી એ વિચાર અમલમાં ન લાવવો જોઇએ એમ હું માનું છું. હિંસાનો કદી અંતિમ વિજય નથી. અમારા દેશના બધા લોકો માને છે કે મૂડીવાદ હવે પાછો નથી આવી શકવાનો. તેમને કોઈ માર્ગ સૂઝતો નથી અમે આશા છોડી બેઠા છીએ

છેવટે સામ્યવાદીઓ અને બિન-સામ્યવાદીઓના પ્રમાણ વિષે. મિ. ચર્ચિલે કહ્યું હતું કે CSRમાં ૧૦ ટકા સામ્યવાદીઓ અને ૯૦ ટકા કાયરો છે. એ ખરું છે. પણ મિ. ચર્ચિલ એ ભૂલી જાય છે કે રશિયા બીજા બધા 'લોકશાહી દેશો' કરતાં ઘણું મોટું છે.

મુખ્ય કોયડો તો એ છે કે આ સામ્યવાદ સાથે મેળ કેમ બેસાડવો અને આવા રાજ્યમાં દંભ વિના અને પ્રામાણિક મનથી કેમ રહેવું. મને રંજ છે કે મારે ચેકોસ્લોવાકિયામાં દંભપૂર્વક રહેવું પડે છે. મારે આવું લખવું પડે છે તે માટે મને દિલગીરી થાય છે. ગરીબ બીચારો દેશ! ગરીબ બીચારા લોકો!

મારા પ્રિય મિત્ર, તમારા મુક્ત દેશમાં સુખેથી રહો અને મને તરત ઉત્તર લખો. તમારો સહૃદય મિત્ર–જાન

તા. ક. મહેરબાની કરીને આ પત્રને સરનામે ઉત્તર ન લખતા; જૂને સરનામે લખજો. ૧૯૫૦ના નવા વર્ષની અનેક શુભેચ્છાઓ.

પરદેશના પત્રમિત્રો

(1) Minoru Takayama, 55 ane, E 1st Sappora, Hokkaido (Japan) Pictures, Photography, Correspondence; (2) Yukio Hasegawa, Kitamotoyuku, P.O. Zone Saitama Pre. (Japan)—18, Correspondence; (3) H. C. Mehta, 109 Mogul Street, P. O. Box 940, Rangoon (Burma)—22, Magazines, Exchange of Views; (4) Pavel Tygl, Mladeza, Okrensni Vedeni, Kraslice (Czechoslovakia)—18, Corresnondence; (5) Skrivan Adolph Prague XII Londynska No. 50, (Czechoslovakia) Stamps, Pictures, Correspondende; (6) Anne Maria Sorinsin, Yyllandsgade 22, Renders (Denmark) Girl—14, Pictures of Stars & Stamps; (7) Costante Genta, Via Tantolino 13, Costigloile D'Hsti, Prov. Hsti (Italy) Man–28, Correspondence; (8) Dasen Ratnayaka, Talagahahena Estate, Kiriella (Ceylon) Stamps, Photography; (9) Dharma Henegama, 33, Santiago St Colombo-13 (Ceylon)—18, Stamps, Pictures, Gardening: ઉલ્લેખ:-Girdharilal Shroff, 711/3 Sakar Bazar, Ahmedabad-2; (10) Miss A. Regin Raby, 221 Hospital Road, Jaffna (Ceylon)—15, Photography, Post-cards, Penfriendship (Reference:- Mahendra Saurashtri, Bombay-21); (11) Mr. S. E Karimbhoy, C/o F. E. Karimbhoy, 45, Bazzar St. Badulla (Ceylon). (ઉલ્લેખ: જયંત મેઘાણી–ભાવનગર).

હિંદી પત્રમિત્રો

(564) Mahendra R. Patel, C/o Post Master, Sunav Via Anand—15, Stamps, Match-labels, Sports; (565 Navinchandra M. Shah, Jain Gurukul, Station Rd. Palitana (Saurashtra)—17, Photography, Literature Life of other countries; (566) Gala K. D., C/o Devja Khetsi & Co., 116 Chinch Bunder Rd., Bombay-9—17, Stamps, Reading, View-cards; (567) Chandula S. Bhatt, 46 Dolat Street, Barghari, Shahpur, Ahmedabad-20, Stamps, Coins; (568) Shah Pramodchandra Vadilal, 148 Doshiwada's pole, Kalupur, Ahmedaba —18, Stamps, Music. (ઉલ્લેખ: Mr. Girdharilal Shroff 711/3, Sakar Bazar, Ahmedabad-2) (569) Gulabsinh ji B. Dabhi, Dabhi Parn-kutir, P. O. Box No. 1047 Ahmedabad-2–18, Stamps, Coins; (570) Amishkuma Manilal Shah, 225 Fatasa's pole, Adasa's Street Ahmedabad-1—18, Stamps, Photography; (571) Sagar Manilal Mehta, C/o Bhanuprasad Dajibhai Mehta Jogiwad Tank, Bhavnagar (Saur.)—17, Stamps Science; (572) Kantilal S. Gandhi, Sarangpur, Sarkiwad, H. No. 51/2, Ahmedabad—23, Stamps, Coins Poetry; (573) Bakul L. Bhatt, Lodhawala Chawl Manekwadi, Bhavnagar (Saur.)–17, Cricket, Literature, Reading; (574) Parekh Kantilal Jaysukhlal, C/o Jaysukhlal H. Parikh, Snb-division officer, P.W.D. Kathore, Via Sayan—18, Stamps, Coins; (575) Harishakant Baxi, Baxi Street, Rajpipla, Via Ankleshawa —19, Swimming, View-cards, Sports, Cinema; (576 Bipin, C/o Vinod D. Shah, Near Tarkas Bhuwan Gundi's St., Relief Road, Ahmedabad—18, Coins Penpales; (577) Vinodchandra Ratilal Parikh, Darba Rd., Opp. V.J. Library, Rajpipla—17, Stamps, Coins (578) Dr. B. C. Gandhi, L.C.P.S., 46, 2nd Carpenta Street, Khetwadi Main Road, Bombay-4, Penpals (579) Vinodkumar Z. Meghani, Maghani Kutir, Plot 1165 B, Sir Pattani Road, Bhavnagar (Saur.)—16 Stamps, Science, Autographs, Politics; (580) Mano Solankee, Solankee Studio, Opp. Dr. Lallubhai's Building, Rajkot (Saur.)–Photography, Coins, Literature; (581) Mansingh Lakshmidas Bhatia, Manoc Mansion, 3rd Floor, 477, Sandhurst Rd., Bombay —19, Stamps, Coins, Photography. (અપૂર્ણ)

આશા, પાશા, અગન, જળ, ઠગ, ઠાકોર, કુન્નાર,
એતાં ન હોય આપણાં, સર્પ, સાવજ, સોનાર.

અંબાશંકર સેતલવડ અમદાવાદની કોર્ટના ન્યાયાધીશ હતા ત્યારે એક લક્ષાધિપતિના કુટુંબમાં વારસાની તકરાર ઊઠી. ઈન્સાફની તુલાનો કાંટો મરડવાના ઈરાદે એક પક્ષકાર એક લાખ રૂપિયાની લાંચ તેમને આપવા આવ્યો. અંબાશંકરે ધસીને ના કહી, ત્યારે પેલો આવનાર બોલ્યો: 'સાહેબ, મારા જેવો કોઇ લાખ રૂપિયા આપનાર ફરી નહિ મળે.'

શાંતિથી સેતલવડે જવાબ આપ્યો, 'તારા જેવો લાખ આપનાર તો કદાચ મળશે, પણ મારા જેવો ના કહેનાર તો નહિ જ મળે.'

અનેકાર્થી શબ્દ : **કૂંડી**=કુંડ જેવો નાનો ખાડો; પહોળા મોંનું નાના કુંડ જેવું વાસણ; નાનો હવાડો; વીસની સંખ્યાનો સંકેત; ગિલ્લીદંડાની રમતની ગબી.

ગણિત-ગમ્મતઃ એક ત્રિઅંકી સંખ્યા લો. દા.ત. ૧૩૪. હવે એની એ સંખ્યા ફરી જ ગણી બાજુ લખો. એટલે ૧૩૪૧૩૪. આ છ-અંકી સંખ્યા ૭થી, ૧૧થી કે ૧૩થી નિઃશેષ ભાગી શકાય. ફરી એ છ અંકી સંખ્યાના અંકનો ક્રમ ઉલટાવીને લખો એટલે ૪૩૧૪૩૧. આ સંખ્યા પણ ઉપર પ્રમાણેના દરેક ભાજકથી નિઃશેષ ભાગી શકાશે. (મૂળજી જેઠુ જોષી)

સ્રીનાં આંસુ દુનિયાનું શ્રેષ્ઠ જંતુનાશક છે, અને તે એટલું જલદ છે કે છ હજારગણું પાણી નાખીને તદ્દન મંદ બનાવી નાખેલાં એકાદ છોકરીનાં આંસુ પણ સેંકડો જંતુઓનો નાશ કરી શકે છે એમ કહેવાય છે.

દુનિયાભરમાં દૈનિક છાપાંઓનો કુલ ફેલાવો દરરોજના લગભગ ૨૧,૯૦,૦૦,૦૦૦ છે; ૧૬,૦૦,૦૦,૦૦૦ રેડિયો સેટ છે અને ૪,૪૦,૦૦,૦૦૦ ઉપરાંત સિનેમાગૃહો છે.

દેશદેશની ખાસ નિપજો

અબરખ : હિંદ	ચોખા : ચીન
કેળાં : જમાઇકા	હીરા : દક્ષિણ આફ્રિકા
કોકો : ગોલ્ડ કોસ્ટ	કપાસ : અમેરિકા
શેરડી : ક્યૂબા	રેશમ : જાપાન
દારૂ : ફ્રાન્સ	રબર : મલાયા
કૉફી : બ્રાઝિલ	શણ : બંગાળ
ચા : ચીન	પ્લૅટિનમ : રશિયા
તમાકુ : અમેરિકા	ત્રાંબુ : અમેરિકા
ઘઉં : અમેરિકા	રૂપું : મેક્સિકો
સોનું : ટ્રાન્સવાલ	લોઢું : અમેરિકા

કહેવતોના અર્થ : 'ભરમ ભારી ને ખિસ્સાં ખાલી'—વગર પૈસે ડોળ કરવા વિષેની, વગર આવડતે હોશિયારીની શેખી કરવા માટેની, કે ખોટો દંભ કરવા ઉપર ઉપાલંભ આપતી, આ કહેવતને મળતી, એટલી બધી કહેવતો આપણી ભાષામાં છે કે એ પરથી ઘડીભર વિચાર આવે છે કે આપણી પ્રજામાં એ દૂષણ શું એટલું બધું વ્યાપક હશે કે આટલી બધી કહેવતો પડી હશે? જુઓ: ઠાલો ચણો ને વાગે ઘણો; મૂછે ચોપડવા તેલ નહિ, ને ડેલીએ દીવા કરો; નામ રાખ્યું ધનાશા, ને ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે; ફૂલીબાઈની ફૂલ, ને ઘરમાં ન મળે ધૂળ; ઢમઢોલ ને માંહે પોલ; નામ મોટાં ને દર્શન ખોટાં; શેખાઇ શાહજાદાની, ને કસબ ભાડભૂંજાનો; અટક પારેખની, ને જાત હજામની; બાઇ બોખારૂ, ને વહુને ઘરચોળું જોઇએ; ઘરમાં આડી શેરીની ઊડે(ધૂળ), ને બહાર મૂછો મરડે; દળનારીના દીકરા ને નામ પાડ્યું ગુલાબખાં; મિયાં કોડિયાં ચાટે ને બીબીને ફૂલેલ જોઇએ; ઊંચી દુકાન ને ફિક્કાં પકવાન; ઉપર વાઘા ને માંહે નાગા; તમાચો મારીને મોં લાલ રાખવું; અધૂરો ઘડો છલકાય; પેટમાં પૂમડું પાણી નહિ, ને નામ મારૂં દરિયાવખાં; લાલબાઈ લુહારડી, ને કાખમાં બુવારડી (સાવરણી); પાસે ન મળે કોડી ને ઊભી બજાર દોડી; ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે, ને બહાર લાલજી મણિયાર; બાઇડીને બલૈયું નહિ, ને પગો ઘોડાનાં સાટાં કરે; ભાઈની બગલો દેખાય, ને વહુને ચોગા સાડી જોઈએ; ઘરમાં ફરે ચોવીસ હાથનો ને બહાર બાપ ચાલીસ લાખના;

ફુલફટાકિયા ને ફાંટમાં છાણાં,
ઘેર આવે ત્યારે કલેડાં કાણાં.
ઠાલી ઠકરાઈ, ને ફાંટમાં છાણાં,
સૂવે ત્યારે ભેટ બિછાનાં.

(એટલે કે સૂવા માટે ગોદડી સરખી યે ન હોઈ ભેડ તરીકે બાંધેલું કપડું પાથરવું પડે.)

એક ઔંસ(અઢી તોલા)ના એક અબજમા ભાગના ત્રીસમા અંશનું પણ વજન કરી શકે એવા અતિનાજુક ત્રાજવાની રચના અમેરિકામાં થઈ છે. આ ત્રાજવું લોહચુંબકનું બનેલું છે અને વાતશૂન્યતા (વૅક્યૂમ)માં જ કામ કરે છે. આ ત્રાજવું અણુશક્તિના વૈજ્ઞાનિકોને મદદગાર થશે. (યુસિસ)


નગારૂં એ દુનિયાનું પહેલું વાદ્ય છે.

કલાકણિકા : આકૃતિ ઉપરથી તમે કહેશો કે આ ખડિયો ને કલમદાન હશે. પણ ના; એ છે, ચૂંગી પીવાની તંમાકુ અને ભૂંગળી રાખવાનાં જાપાનીઓનાં સાધનો. અને કલાશોખી જાપાનીઓ એવી ચીજને પણ શણગાર્યાં વિના કેમ રહે




કહેવાય છે કે ચામડીને મુલાયમ કરવામાં કાકડી ઉપયોગી છે. કાકડીનું પતીકું કાપીને ચહેરા, ગરદન વગેરે પર ઘસીને સુકાવા દેવું. આ રીતે મહીનો-માસ કરવાથી ચામડીને આરોગ્ય ને ઓજસ મળે છે. વળી છાલ સાથે કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે.

પૉલિશ્ડ ફર્નિચર ઉપર પડેલા ધગધગતા વાસણના ડાઘ પર, તેલ અને મીઠાની લુગદી બનાવીને પાથરી દઇ, એકાદ કલાક રહેવા દો; ને પછી કાઢી નાખીને પૉલિશ કરી નાખો.



અભરાઈ પર ક્રમબદ્ધ ગોઠવાતી પહોળી પીઠની ફાઇલોને, ક્રમ તૂટવા દીધા વિના સરળતાથી યોગ્યસ્થાને પાછી મૂકી શકાય એવી એક કલાત્મક યુક્તિ છે. એક મોટું સુંદર દૃશ્યચિત્ર કોઇ છાપા કે જૂના કૅલૅન્ડરમાંથી કાપી કાઢો. પછી તેને, તે ફાઇલોની પીઠના માપના ઊભા પટ્ટા રૂપે કાપી, ક્રમબદ્ધ ફાઇલોની પીઠ પર, એકેક કરીને ક્રમ વાર ચોડી દો; જેથી દૂરથી સળંગ દૃશ્ય દેખાશે, અને કોઈ ફાઈલ આડીઅવળી મુકાઈ હશે તો દૃશ્યમાં તૂટ પડીને એ ખામી તરત તરી આવશે.



રામાયણના ચિત્રપ્રસંગો : કાબુલમાં ભરાએલા હિંદી કળાના પ્રદર્શનમાંના ત્રણ ચિત્રપટ · કલાકાર : શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી (ચિત્રોની વિસ્તૃત સમજણ આ અંકમાં અન્યત્ર આપી છે.)

અને . . . . અમારા મિત્રને આશ્ચર્ય થયું!

ગયે મહીને આ સ્થળે (પૂઠા પર) અમારા આશ્ચર્યની એક વાત અમે લખી હતી કે, જવલ્લે જ મળતી ૧૯૪૯-૫૦ની સળંગ ફાઇલની સાથે, અમારા તરફથી સસ્તામાં મળતો ૩૦૦મો અંક લેવાની અમારા એક ગ્રાહકે ના પાડી. અમે દર્શાવેલા એ આશ્ચર્ય વિષે અમારા એક ગ્રાહકે (નં. ૫૯૯) અમને લખ્યું કે '૩૦૦મો અંક બેશક અત્યંત કિંમતી સામગ્રી પૂરી પાડે છે, પણ ઘણા લોભી લોકો તેને રદ્દીમાં વેચી દે છે. દા.ત. હું ૩૦૧મા અંકથી જ ગ્રાહક થયો છું, પણ 'કુમાર'ના છેલ્લા અંકો રસ્તા ઉપરના પથારામાંથી રદ્દીને ભાવે ભેગા કરું છું. ૩૦૦મો અંક મેં ૦ામાં જ લીધો હતો, એટલે એ ભાઈને સસ્તો મળી ગયો હશે.'

આ પત્ર વાંચીને અમને જરા હસવું આવ્યું. તે વખતે અમારા એક મિત્ર અમારી પાસે બેઠા હતા. તેમણે તેનું કારણ પૂછતાં અમે એ પત્ર તેમને આપ્યો. તેમને તો તે વાંચીને ઊલટું આશ્ચર્ય થયું! "'કુમાર' રસ્તા ઉપર પથારામાં રખડતું મળે છે!!" અમે કહ્યું 'એમાં આશ્ચર્યની કોઈ વાત નથી. હિંદમાં આપણને અનાજની ભારે તંગી છે; ત્યારે અમેરિકા પોતાને ત્યાંનું વધારાનું અનાજ બાળી નાખે છે! એ તો જેવી જેની દૃષ્ટિ! એમને મન 'કુમાર'નું મૂલ્ય એટલું જ હશે."

પણ આને અંગે અમારે અમારા એ ગ્રાહકને (તેમજ બીજા જે જે વાચકો-ગ્રાહકોને અમેરિકાના અનાજની પેઠે 'કુમાર'ના અંકો રખડતા સસ્તે મળતા હોય તેમને બધાને) એક વિનતિ કરવાની છે કે 'કુમાર'ના એવા પાછલા અંકોની કોઈ પણ વર્ષની સંપૂર્ણ ફાઇલો એમ સસ્તે તેઓ મેળવી શકતા હોય તો અમને જણાવે, જેથી પાછલા વર્ષોની ફાઇલો મેળવવાને ઉત્સુક ગ્રાહકોના સંપર્કમાં અમે તેમને મૂકી આપીશું. કેમકે અમારી પાસે તો પાછલા એક પણ વર્ષની ફાઈલ નથી: આ વર્ષની પણ પૂરી નથી!

હા; જેની ઉપર વાત કરી, તે ૩૦૦મા અંકની નકલો હજી થોડી છે. તેની વિગત બાજુએ આપી છે. ફરી કહીએ છીએ કે આજે એ મેળવી લેવો ચૂકશે તેમને પાછળથી વસવસો રહી જવાનો છે. કેમકે એમાં કાંઈ ચાલુ સામયિક વાચન છાપી મારવામાં આવ્યું નથી, પણ કાયમી સંગીન ને સમૃદ્ધ સામગ્રીથી એ ભરેલો છે. એવા જ અગાઉ નીકળેલા ૧૦૦મા અને ૨૦૦મા અંકો આજે પણ મોં માગી કિંમતે મળી શકતા નથી.



૩૦૦મો અંક

૧૬૪ પાનાંનું સમૃદ્ધ વાચન
૬ ત્રિરંગી ચિત્રો
૮ એકરંગી ચિત્રોની આર્ટપ્લેટો
અમુક પાનાંની બેરંગી છપાઈ
આખા અંકને ચિત્રમય કરતાં ૧૦૫ ચાલુ ચિત્રો, આલેખનો તથા ફોટોગ્રાફોથી ચિત્રિત વાર્તાઓ, લેખો, કાવ્યો અને વિવિધ જ્ઞાનસામગ્રી
રજિ૦ પોસ્ટેજ સાથે રૂા. ૨-૬-૦